કુમાર

તંત્રી: રવિશંકર રાવળ

અંક ૬૭





અષાડ ઉગતી પ્રજાનું માસિક ૧૯૮૫



‘કુમાર’ના વાંચનારાઓને

અરધી કીમતે

નીચેનાં ત્રણ પુસ્તકો

જુવાનોએ જાણવાની અને પરણેલાંએ પાળવાની બાબતો	૩–૦–૦
શાહાનશાહી દિલ્હી દરબાર	૨–૮–૦
સોશિયલ હાઇજિન	૦–૮–૦

૭ રૂપિયાની કીમતનાં
ઉપલાં ત્રણે પુસ્તકો

ફક્ત ત્રણ રૂપિયામાં મંગાવો

પોસ્ટેજના મળીને રૂ. ૩–૧૦–૦ મની ઑર્ડરથી મોકલો; અથવા રૂ. ૩–૧૨–૦ ના વી. પી. થી મંગાવો

પુસ્તક પ્રચારક ઑફિસ
૭૪ રીચીરોડ અમદાવાદ



ચેતવણી

‘કુમાર’માં પ્રગટ થતા કોઇપણ લખાણ, ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કૉપીરાઇટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

તંત્રી રવિશંકર રાવળ: **મુદ્રક–પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકોઃ જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



જોડિયાનો કિલ્લો

ચિત્રકાર : કૃષ્ણલાલ ભટ્ટ

'કુમાર'ના અષાઢ ૧૯૮૫ના અંકનું મુખચિત્ર : આ કિલ્લાને લગતી વિશેષ માહીતી આ અંકમાં બીજે આપી છે.



કુમાર

વર્ષ ૬
અંક ૭

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

અષાઢ
ઓગણીસ સો પંચ્યાશી

વિધાતા

[ઉપજાતિ]

હું પૃથ્વીનો પ્રાણભર્યો પતંગ,
આદિત્યના પાવકમાં તપેલો;
સંસ્કારની કોમલતા ભરેલો,
આયુષ્યનો નિર્મળ પ્રાણ રંગ.

હું ભાવિનો સર્જક સ્વપ્નમગ્ન,
વિદ્યુતના વર્ચસથી ઘડેલો;
પૌરુષના પ્રોજ્જ્વલ પ્રાણભીનો,
કર્તવ્યનો એક અથાક યત્ન.

આદર્શનો કાર્યકઠોર આત્મા,
હું ઇન્દ્રના વજ્ર વિષે ચઢેલો;
હું મૃત્યુની નિર્ભયતા વરેલો,
આ યુગના સર્જનનો વિધાતા.

હું દેશનો પ્રાણભર્યો પતંગ,
ઉડું ભરી સ્વાર્પણનો ઉમંગ.

ઇન્દુલાલ ગાંધી

ચિત્રકાર : કનુ દેસાઇ



આજે ગુજરાતના વિદ્યાર્થીઓ પોતાના પિતૃઓના પુરાણા વૈભવ અને સમૃદ્ધિથી વંચિત બન્યા છે. પરદેશી શક્તિઓના આક્રમણ આગળ ભારતનાં વિદ્યા, સંસ્કાર અને પ્રભાવ લોપાઇ ગયાં છે. અમારૂં દ્રવ્ય ખેંચાઈ ગયું છે, અમારા અધિકારોની કાંઇ કીમત નથી, અમને મળતી વિદ્યા ફળ દેતી નથી અને અમે માત્ર પડછાયા પાછળ આશાઓ ધરી જીવન કાંતી રહ્યા છીએ. હું આમ કહું છું એ પરથી કોઇ એમ ન સમજતા કે હું અભ્યાસ અને ઉપાસનાને નકારૂં છું. અભ્યાસ અને ઉપાસના વિના જીવનની કોઇ પણ સિદ્ધિ મળવાની નથી એટલું તો હું નિશ્ચયપૂર્વક સ્વીકારૂં છું. પણ પછી પ્રશ્ન કરવાનો રહે છે કે અમારા આજના અભ્યાસ અને ઉપાસનાને અંતે કઇ સિદ્ધિની અમે આશા રાખી શકીએ?

વિદ્યાશાળાનું જે મોટું યંત્ર ઘરેડમાં ચાલ્યું આવે છે તેમ જ ચાલે છે અને તેના દાંતા સાથે એક પછી એક વિદ્યાર્થીને માબાપો બાંધી જાય છે. ચૌદ પંદર વર્ષ પછી માબાપો પોતાના બાળકની ભાળ લે છે કે હવે તેનામાં શો ઓપ આવ્યો છે. ત્યાં સુધી એ માબાપોએ આ મહાન યંત્રશાળાની બુદ્ધિ આપવાની શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા જાળવી રાખી હોય છે. મૅટ્રિક થએલો—ગ્રૅજ્યુએટ થએલો વિદ્યાર્થી છેલ્લી પરીક્ષા પાસ થયાની ખુશાલીનો કંસાર ખાઇ લે છે ને પછી તેની આંખે દેખાય છે કે હવે દસ વાગે ત્યારે શાળા સામે જોવાનું રહ્યું નથી, પણ વિશાળ અફાટ હદવાળી દુનિયા, જ્યાં ભણેલાં ને અભણ, જંગલી ને સુધરેલા, ગરીબ ને તવંગર સૌ, સવારસાંજનું પેટિયું મેળવવા કોણીઓ મારી જમીન ખુંદી રહ્યાં છે તેમાં પોતાને ઉતરવાનું છે

સિપાઇ હો તો

તમે જો સિપાઈ હો તો સિપાઇનો કાયદો પાળો. બ્યુગલ વાગે ને ખભે બગલથેલો ભરાવી ચાલી નીકળવાની તમારી તૈયારી ન હોય તો તમારો બગલથેલો બીજાને આપી દો. નકામાં સિપાઇનાં હથિયારો ઘસીઘસીને તમારો વખત ન ગુમાવો. નકામા સિપાઇનો ડોળ કરીને ખોટી ભરતી ન બતાવો.

તમે જો સિપાઇ હો તો ખડે પગે ઉભા રહો. તમારો એક પગ બાંધેલો હોય ને બીજે પગ ઉપાડવાના નાહક ફાંફાં મારતા હો તો સિપાઈગીરી છોડી દો. તમને સિપાઇગીરી ગમતી હોય ને તમે સિપાઇ થઇ શકતા ન હો તો એમ જ માનજો કે સિપાઈગીરી તમને ઉપરઉપરથી ગમે છે; માત્ર દેખાવ માટે ગમે છે; સૌને ગમે છે તેથી ગમે છે.

સિપાઇ થાય તેને સિપાઇના કાયદા માન્ય હોય. સિપાઇ થાય તેનું માથું હાથમાં હોય, કોઇના ખોળામાં નહિ.

(દ. મૂ દૈ.)

માબાપની શ્રદ્ધા છે કે અભ્યાસનાં બાર કે ચૌદ વર્ષમાં દીકરાએ આખી દુનિયાની તૈયારી રાખી હશે. પણ જ્યારે અસહાય ગભરૂ વિદ્યાર્થી ખરી દુનિયા જુએ છે ત્યારે તેનાં ડગ લથડે છે. તે દયાભરી આંખે માબાપ કે મિત્રો તરફ આશરાની યાચના કરતો ઉભો રહે છે. હવે તેને માબાપના લાડની આશા નથી; મિત્રોની સોબત નકામી થઈ પડે છે; ઓળખીતાં કે સંબંધીઓ પણ તેને કામે લાગી જવાની વાત કરે છે; પણ કોઇ પાસે તેને સારૂં જગ્યા નથી. અને પછી જ્યારે તેને કામ કે નોકરી કરવાની તક મળે છે ત્યારે જ તે સમજી શકે છે કે આ સ્થિતિ માટે તો તેની શાળામાં કે ઘેર કોઇએ લેશ પણ સંસ્કાર કે તાલીમ આપ્યાં નહોતાં.

શાળામાંથી બહાર પડેલો કોઇક જ વિદ્યાર્થી પોતાનો હિસાબ લખી શકે છે; કોઇક જ વિદ્યાર્થી વ્યવસ્થિત વિચારોવાળો પત્ર લખી શકે છે; કોઈક જ વિદ્યાર્થી ઑફિસ, કારખાના કે બજારમાં જરૂરનાં વિનય વાણી કે વર્તન જાણતો હોય છે; સ્વભાષામાં નાનો નિબંધ પણ લખી શકનાર ભાગ્યે જ મળી આવે છે; સોંપેલું કામ ગમે તે મહેનતે પાર પાડવાની હોંશ અને ચાપલ્ય કોઈકમાં જ હોય છે. ચમત્કારિક બુદ્ધિ, અસાધારણ સાહસ કે ધંધાઉદ્યોગની જમાવટ કરવાની વિરલ શક્તિવાળા વિદ્યાર્થીઓ ભાગ્યે જ શાળાની નિપજમાંથી મળી આવે છે. એવા ગુણો કે શક્તિઓના વિકાસ માટે આપણી શાળાઓમાં કાંઈ યોજનાઓ છે જ નહિ. આપણો આખો વિદ્યાર્થી સમુદાય એક ઘરેડમાં પડી ગએલી અને બીજા દેશોને મુકાબલે ઉણું થએલી શિક્ષણપદ્ધતિના પંજામાં સપડાએલો છે.

સુખની ભ્રમણા, ભવિષ્યની પાયા વિનાની આશાઓ અને પરીક્ષાના પરિણામ પર જ જીવનનું જોર ટકાવી રહેલો એ વિદ્યાર્થી અંતે જ્યારે સંસારની જવાબદારી લેવા આવે છે ત્યારે તેનું હૃદય કંપે છે, દૃષ્ટિ ઝાંખી થઈ જાય છે, તેને માર્ગ સુઝતો નથી, અને પોતાની તથા કુટુંબની શી દશા થશે તેની જ ચિંતામાં હતવીર્ય થઈ જાય છે. તેને રોગ ઝડપે છે; ઝીણો તાવ લાગુ પડે છે. એકાદી નોકરી મળે છે તો ય શરીરને લાગેલો ઘસારો તેનું કામ પુરૂં કરે છે. તે અકાળે મરી જાય છે અને વિધવા તથા અનાથ બાળકોનો બોજો જગત ઉપર ફેંકતો જાય છે.

એક માણસ રેલવેના પાટા પર સુઇ જઇને પોતાનો અંત આણે છે; બીજો એક અફીણ ખાઇને પોતાનો બોજો દૂર કરે છે; ત્રીજો તળાવ પુરે છે; અને જેમનાથી એમ મરી શકાતું નથી તેઓ ભાર ને દારિદ્ર્યમાં પીંખાતા પીંખાતા, પોતાના કુટુંબનું દુઃખ પીતા પીતા ખતમ થાય છે. આવા દાખલા બહુ નહિ હોય, પણ વધતા જ જાય છે એટલી વાત તો સૌ કબુલ કરશે. અને આવાં પરિણામોના જવાબદાર કોણ એમ પુછીશું તો કોઇ જવાબ નહિ આપે!

આપણી સામે જે પ્રચંડ અને ઝંઝાવાત વાતો યુગ ધસ્યો આવે છે તેમાં ઉભા રહેવાની તાકાત આપે એવાં શિક્ષણ અને તાલીમ આપણને કયાંય પણ મળે એવું દેખાતું નથી. મૅટ્રિક અને બી. એ.ના અભ્યાસો કયા હેતુથી નિર્માયા હતા તે હવે દીવા જેવું જણાયું છે. હજુ પણ જો આપણે બેકારી તથા ભુખમરો વધારવા માગતા હોઈએ તો જ એ દિશામાં પગલાં માંડીએ; નહિ તો બહેતર છે કે સ્થાનિક બળોને કેળવીને, તેમનું સંગઠન કરીને, સ્વલ્પ સાધનોથી પણ સ્વાશ્રયનો વાડો બાંધીએ. એવા ય વિચાર કરનારા પડ્યા છે કે જેઓ, માણસ હાથપગ ચલાવતો થાય તે પછી તે માબાપને જરા પણ બોજો આપે તેમાં નાલાયકી અને હરામીપણું માને છે. જર્મનીમાં ઘણા યે વિદ્યાર્થીઓ વયમાં આવતાં માબાપનું ઘર છોડી દઇ જાતમહેનતથી ભણે છે, મનમાનતા હુન્નરઉદ્યોગ કે કળા પાછળ જીવન વીતાવે છે અને પોતાનો બોજો પોતે જ ઉઠાવી લે છે. આવાં વર્તન અને નિશ્ચયબળ આપણા વિદ્યાર્થીઓમાં આવે નહિ ત્યાં સુધી તેની મુંઝવણોનો અંત નહિ આવે. કપડાંનાં, ટૉઇલેટનાં અને બીજી દેખાવની ફૅશનનાં ખર્ચો ઉપર કાપ મુકીને, એકદમ સાદી અને કરકસરવાળી રીતો દાખલ કરીને જીવનની સ્વતંત્રતા વધારો. નકામી ચીજો પાછળ થતો વ્યય બચાવી આગળ વધવાના પ્રયોગો માટે જીવનશક્તિ સંઘરો. એકબીજાના હાથ પકડી આગળ વધીશું તો કોઇ મુશ્કેલી નહિ ટકે. ગામેગામનાં વિદ્યાર્થીમંડળો ને યુવકસંઘો વિદ્યાર્થીના ઉત્કર્ષ ને સ્વાતંત્ર્ય માટે ઝુંડો રોપશે તો તેમાંથી વિશાળ મંદિર બનતાં વાર નહિ જ લાગે. નવરાશનાં ગપ્પાં છોડી એકાદ પણ કામને સજીવ કરવા પાછળ મંડો તો તેને જામતાં હરગીઝ વાર ન લાગે.

જે દેશમાં લાખો વેરાગીઓ અને બાવાઓ નભી શકે છે તથા ગાદીઓ જમાવી શકે છે તે દેશમાં ઘરથી છુટા પડેલા સ્વાશ્રયી વિદ્યાર્થીઓ ત્યારે તેવી સત્તાવાળી સંસ્થા જમાવી શકે એવું હું અટલપણે માનું છું. ભલે થોડામાં થોડા બદલાથી, પણ તમે તમારી આજીવિકા શરૂ કરો, તમારા અનુભવ અને અભ્યાસ વધારતા ચાલો, બીજાઓને એવા થતાં શીખવો અને સંગઠન કરી કુમારભવનો, ઉદ્યોગાશ્રમો તથા યુવકમઠો જમાવો. એ જમાવટ કરવાની મહેનતમાં અને ક્રિયામાં જ જીવનનો શિક્ષણક્રમ આવી જશે, અને તમે કદિ લાચાર કે નિરાધાર નહિ લાગો. તમે કંઇ કરવા તૈયાર થઇ જાઓ, જગતને કંઇ પણ કામ આપવાની તાલીમ લ્યો, અને જુઓ કે જગત તમને રોટલો આપે છે કે નહિ. આપણા માણભટ્ટો અને કથાકીર્તનકારો સર્ટિફિકેટ વગર સમાજમાં પોતાનો સમાસ કરી શકે છે; વાણિયા બ્રાહ્મણ સિવાયની બધી કોમોનાં બાળકો અને સ્ત્રીઓ જીવનનિર્વાહ માટે શંકા નથી ધરાવતાં; તો શું પ્રાણવાન, નવલોહીઆ ચેતનમર્યા જુવાનને દુનિયામાં માર્ગ કરવાની ફિકર પડે? માત્ર મહેનત કરવાની શરમ છોડો તો તમે પણ ઘણું કરી શકો. કરી શકાય એવા કામો શીખવા અને શીખવવાની યોજનાઓ ઘડો અને દરેક જણને પાઠ આપો કે જાતમહેનતથી જ ઉભા રહેવાનું છે. તમે વધુ સાચી દાનતથી ઉચ્ચ સંસ્કારવાળી સેવા આપવા આગળ આવો તો તમારો આદર થશે, તમારી સંસ્થાઓની પ્રતિષ્ઠા વધશે અને તમારા સ્થાપેલા નિયમોને જગત અનુસરશે.

દેશના આવતી કાલના નાગરિકો તમે છો. આજે ભલે ઘરોમાં, બજારોમાં કે અધિકારમાં તમારી ગણત્રી ન હોય. પણ એક દિવસ તો એ બધાં સ્થાન તમે જ સર કરવાના છો એ હિસાબે, આજથી તમારાં કદમમાં ગતિ અને અંતરમાં પ્રેરણા રાખો; અને તમારી પાછળ આવતી પ્રજાને તમારી મુર્દાઇ નડે નહિ એટલું કામ તો જરૂર કરી બતાવો. [પાટણના તૃતીય વિદ્યાર્થીમંડળને પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાંથી]

આપણી શરમ

ઈ. ૧૯૨૭–૨૮ની સાલમાં હિંદુસ્તાને છ કરોડ પાઉંડનો કાચો માલ વિલાયત મોકલ્યો, અને આઠ કરોડ પાઉંડનો તૈયાર માલ વિલાયતનો ખરીદ્યો! પરિણામે બે કરોડ પાઉંડ અવળા કર્યા, એટલે કે છવ્વીસ કરોડ રૂપિયાથી વધારેની ખોટ ખાધી! કેટલાં યે વર્ષોથી આવો જ વેપાર આપણો ચાલે છે. કોઈપણ દેશ આવો માર હમેશાં ખમી શકે જ નહિ. ઇશ્વરની કૃપા છે કે હજી આપણે છેક ગીરમીટીઆ મજુર નથી બની ગયા, જોકે ધીમેધીમે સ્થિતિ તો એવી જ થતી જાય છે. આમાંથી બચવું હોય તો પરદેશી કાપડ છોડયે જ છુટકો. ઘડીભરના મોહ માટે દેશને સદંતર પાયમાલ કરવો તે ડહાપણ તો નથી જ. પરદેશી કપડાં એટલે ગુલામીનો લેબાસ. (વિકાસ)

ગૌરીનાં ગીતો
(રાસસંગ્રહ)
દેશળજી પરમાર
૦-૮-૦
લખો: દેશળજી પરમાર
ગવારો : સલાપોસ રોડ : અમદાવાદ

યાંત્રિક માનવ: રૉબૉટ

છબી પાડી આપનારાં, હિસાબ કરી આપનારાં, વ્યાજ ગણી દેનારાં અને મનુષ્યની વતી એવાં બીજાં ઘણાં યે કામ પોતાની મેળે કરી આપનારાં યંત્રો તો જાણીતાં થઈ ગયાં છે. પણ આ રૉબૉટ—યંત્રમાનવી—તો માણસની પેઠે બોલે છે, ભાષણ કરે છે, સવાલ-જવાબ ચલાવે છે અને તેના વિધાતાની ઇચ્છા મુજબ હલનચલન પણ કરે છે!


ગઇ સાલમાં ગોમશેલ ખાતે કૅપ્ટન રિચર્ડ અને એ. એચ. રૅફેલે પહેલવહેલું બ્રિટિશ રૉબૉટ બનાવ્યું; અને એ વર્ષના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે મૉડેલ એન્જિનીઅરિંગનું પ્રદર્શન ખુલ્લું મુકાયું તે વખતે એ યંત્રમાનવીએ ભાષણ કર્યું તથા સલામો દીધી અને લીધી!

ઍલ્યુમિનિયમના શરીરમાં સજાએલા આ રૉબૉટનાં પેટ, પગ, હાથ, માથું—બધાં જ, યંત્રો, ચકરડીઓ અને ગરેડીઓથી ભરચક છે. તે બધાંને ગતિ આપનાર એક વિજળિક મોટર છે. તેની ઉપર કેટલાંક વિજળિક ચુંબકો છે. તેની સાથે કેટલીક કમાનો અને ચાંપો જોડાએલી છે, અને એ કમાનો સાથે લાગુ થએલી ગરેડીઓ, હાથપગ, કેડ અને માથાના અવયવોને ઉંચાનીચા કરે છે.

રૉબૉટને ઉભું કરવા સારૂ તેના પગ નીચે બીજી નાનકડી મોટર છુપાવેલી હોય છે. તે ચાલુ થતાં તેને સંબંધે જોડાએલી ગોઠણની અંદરની મોટી ગરેડીઓ કામ કરે છે. આ ગરેડીઓ જોડે વજન ઝુલતું હોય છે, તેને જોઇતા પ્રમાણમાં છુટ આપવાથી રૉબૉટ ધીમે ધીમે ઉભું થાય છે અથવા બેસી જાય છે! બીજું એક લિવર વળી તેને આમતેમ ફરવાની ગતિ આપે છે.

પરંતુ આ રૉબૉટની બનાવટની ખરેખરી ગુપ્ત તરકીબ તો એક વિજળિક દાંતાના ચક્કરમાં રહેલી છે. તેને લીધે રૉબૉટ મનુષ્ય જેવી વાણીથી સવાલ-જવાબ કરી શકે છે. હજી તો તેને શોધાયે માત્ર છ માસ થયા છે ત્યાં તેનામાં આટલી શક્તિ મુકાઇ છે. જેમ વખત જશે અને તેમાં નવી તરકીબો વધતી જશે તેમતેમ તે છુટથી જીવતાં માણસો વચ્ચે ફરતું અને બોલતુંચાલતું થશે. હાલ તો તેની મદદ મુખ્યત્વે કરીને માલની જાહેરાત માટે લેવાશે. પણ ભવિષ્યમાં કોઈક દિવસ યંત્રમાનવી સ્ટેશનના દરવાજા આગળ ટિકિટ તપાસવા કે ગામમાં ચાજોની ફેરી કરવા નીકળે તો હવે નવાઇ જેવું નથી.

આ રૉબૉટ બન્યા પછી થોડેક વખતે મનુષ્યના અંદરના અવયવોની સર્વ ક્રિયા કરી બતાવતું એક બીજા પ્રકારનું રૉબૉટ વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં મુકાયું હતું. તેમાં આંખને ઠેકાણે દૂરબીનો, ફેફસાંને ઠેકાણે ધમણો, જઠરમાં સંચા વગેરે ગોઠવીને, માણસ કેમ જુએ છે, કેમ શ્વાસ લે છે તથા ખોરાક મોંમાં જાય છે ત્યાંથી પેટમાં તેનું લોહી બનીને કેવી રીતે કચરો જુદો પડે છે તે સર્વ ક્રિયા કરી બતાવનારાં યંત્રો રચ્યાં છે. રૉબૉટને લગાડેલું એક બટન દાબતાં ફેફસાંની ધમણો ચાલવા માંડે છે અને તેના સંબંધનાં બધાં અવયવોનું કામ શરૂ થઇ જાય છે; બીજું એક બટન દાબતાં જઠર અને આંતરડાંની ક્રિયાઓ ચાલુ થાય છે. મગજનું કામ થતું પણ તેમાં બતાવવામાં આવ્યું છે!



રૉબૉટની શરીરરચનાનું સાંચાકામ

લૉર્ડ લિસ્ટર

જેણે વાઢકાપક્રિયામાં પલટો આણનારી શોધ કરી લાખો જાનની ખુવારી અટકાવી

માત્ર ધર્મગાથાઓ ને પુરાણકથાઓમાં જ બધાં સંતોનાં નામ નથી આવી જતાં. ગ્રંથોને પાને નહિ લખાએલી એવી એક બીજી નામાવલિ જનતાના હૃદયપટે અમર આલેખાએલી છે. એ નામાવલિ જગતના કલ્યાણક પુરુષોની, માનવજાતના અગ્રણીઓની.

એમણે જાતે અનેક કષ્ટો સહીને એના ફળરૂપ સુખ-સમૃદ્ધિ જગતને ચરણે ધરી. એમણે લોકોને નવીન જ્ઞાન અર્પ્યું, એમને નવી દિશામાં દોર્યા, એમના ઘા પર મલમપટ્ટા કર્યા ને એના બદલામાં જગતે એમના જીવનસમયમાં તો એમને તિરસ્કાર્યા ને ઘણીવાર તો એમનીકલ્યાણપ્રવૃત્તિ માટે હેરાન પણ કર્યા.

લોકોનાં દર્દ–દુઃખ ફેડનાર જગતમાં જેટલા પુરુષો થઇ ગયા છે એ સૌમાં મહાન ગણીને, જે જૉસેફ લિસ્ટરને આજની જનતા નમન કરે છે તેના જીવન કાળમાં તો, દુનિયાને એણે અર્પેલી શોધો, શરૂઆતમાં આભારથી નહિ પરંતુ ઉપહાસ ને ધિક્કારથી સ્વીકારાઇ હતી. એની શોધો સોના ને હીરામાણેકની ખાણો કે યંત્રોની શોધો કરતાં જગતના કલ્યાણ માટે અનેકગણી વધુ ઉપયોગી છે. છતાં બીજા શોધકોની જેમ એ લક્ષ્મીવાન નહોતો થયો. એની મહેનત ને બુદ્ધિનું બહુ જ થોડું ફળ એના દિવસોમાં એને મળ્યું હતું.

પણ આવા કિસ્સાઓમાં હમેશાં ન્યાય કરવાનું કામ 'સમય'ને હાથ રહે છે. આમાં પણ તેમ જ બન્યું. જગતના કોઇપણ માણસ કરતાં વધારે જીંદગીઓ બચાવનાર એ પુણ્યશાળી પુરુષવરને—જનતાના એ નિઃસ્વાર્થ સેવકને છેક એના અવસાન સમયે જગતે અમર નામના અર્પી.



એની જીવનકથા કોઇ કલ્પિત વાર્તા જેવી લાગે છે, પરંતુ એ વાર્તા અપાર શ્રમ, અખૂટ ધીરજ ને લોકોની બેદરકારી ને ઉપહાસ સામે અદમનીય હીમતના પાયા ઉપર રચાએલી સત્ય ઘટના છે. લિસ્ટરે વાઢકાપને તદ્દન સલામત ઉપાય બનાવી મુક્યો; સરકારી ને ખાનગી ઇસ્પિતાલોમાં તેણે અજબ પલટો લાવી દીધો; લાખો રીબાતી જીંદગીનાં કષ્ટોને એણે દેશવટો દીધો.

શરીરના સડના જતા ભાગોની વાઢકાપ કરી આરામ લાવવો એ વૈદકશાસ્ત્રની વર્તમાન શોધ છે. એ શોધ થયા પછી, અગાઉ જે મોતના ઓરડા સમી મનાતી એ ઇસ્પિતાલો આજે પ્રભુના ખોળા જેવાં નિર્ભય સ્થાન થઈ પડ્યાં છે; આ વિસ્મયકારક ક્રાન્તિ કરનાર માણસ તે લિસ્ટર.

ઇંગ્લંડના ઇસેક્સ પરગણામાં લંડન નજીક આવેલા અપ્ટન શહેરમાં, કુદરતની કૃપા પામેલા એક ઉમદા ને જુના ક્વેકર કુટુંબમાં ઇ. સ. ૧૮૨૭માં તે જન્મ્યો હતો. એના પિતાની વ્યાપારમાં ચડતી કળા હતી ને એ પોતાનો ફુરસદનો સમય માઇક્રોસ્કોપના ઉંડા અભ્યાસ ને આગળ ખીલવણી પાછળ કાઢતો. બાળકને રમકડાં પર પ્યાર હોય એથી યે અધિક પ્યાર એને એ માઇક્રોસ્કોપ પર હતો. વર્ષો સુધી તેણે એના પર પ્રયોગો અજમાવ્યા કર્યા ને એને એટલું સંપૂર્ણ બનાવ્યું કે તેણે એ વડે, જીવન ને તંદુરસ્તી માટે અતિ જરૂરનાં એવાં લોહીમાં રહેલાં રાતાં કણોના અસ્તિત્વની ચકિત કરી નાખે એવી શોધ કરી.

ક્વેકર શાળામાં જૉસેફે કેળવણીની શરૂઆત કરી ને સત્તર વર્ષની ઉમરે લંડનની યૂનિવર્સિટી કૉલેજમાં

દાખલ થયો. ત્યાંથી બી. એ. ની ડિગ્રી મેળવી એણે વૈદકવિદ્યાનો અભ્યાસ આરંભ્યો ને પછી સીધો હૉસ્પિટલમાં દાખલ થયો.

બીનઅનુભવીઓને ત્રાસરૂપ લાગતા વાઢકાપના પ્રયોગો, ને એ વાઢકાપથી થતા ચીતરી ચડે એવા માંસના સડા,—એ બધું એણે પહેલવહેલું અહીં જોયું. મોટેભાગે એ સડા તથા કોહાણમાંથી ધામેધામે મૃત્યુ જ નીપજતાં. કોઇને એનાં કારણ સમજાતાં નહિ; કોઇ એના પર ધ્યાન આપતું નહિ. સૌ કહેતા કે એ તો સદાનું એમ થયા જ કરતું, ને કુદરતીરીતે એમ જ થાય.

પણ કરુણાળુ લિસ્ટરથી માનવજાતિનાં આ રીબાણ, દર્દ અને વેદના સહન ન થયાં. એણે કોઇ પણ ઉપાયે આ સ્થિતિ સુધારવાનો તથા આ દુઃખ અને યાતનાઓનો અંત લાવવાનો નિરધાર કર્યો. એને તરત સુઝયું કે આ કાર્યમાં પોતાના પિતાનો માઇક્રોસ્કોપ બરાબર સહાયભૂત થશે. એ મંગાવીને સડેલા ઘા તથા માંસની તપાસ કરતાં એની ખાતરી થઇ કે ઇસ્પિતાલોમાં ચાલી રહેલા આ અનિષ્ટનું કારણ ઘામાં ઉત્પન્ન થતા જંતુઓ છે. એ કારણ અંદરનું નથી પણ બહારનું છે. વાઢકાપથી થતા ઘામાં જે ઝેર ફેલાતાં તથા સડો પેસતો તે વાઢકાપને કારણે નહિ પણ બહારના દુશ્મનોને કારણે.

હજી તો એની ઉમર ચોવીસ જ વર્ષની હતી. હવે તે ઇંગ્લંડથી એડિનબરો ગયો. યૂરોપભરમાં ઇંગ્લંડની કીર્તિને ઉજ્જ્વલ કરનાર સર્જન સિમ ત્યાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા. માત્ર છ જ અઠવાડિયાનાં એમનાં ભાષણો સાંભળવાના ઈરાદાથી લિસ્ટર ત્યાં ગયો હતો, પણ ત્યાં એને એવો તો રસ લાગ્યો, અને મનભાવતું ક્ષેત્ર મળી ગયું કે એ ત્યાં છ વર્ષ સુધી રોકાયો, પોતાની ગુરુપુત્રી સાથે ત્યાં જ લગ્ન પણ કર્યાં અને અંતે પોતાના એ ગુરુની ખુરશી પણ સંભાળી. લિસ્ટરના જીવનના એ અત્યંત સુખી દિવસો હતા.

લિસ્ટરની શિક્ષક તરીકેની લાંબી કારકીર્દિ એડિનબરોમાં જ શરૂ થઇ. પ્રોફેસર સિમ એને ખુબ ચાહતા તથા એની શક્તિની ઘણી પ્રશંસા કરતા. તેમણે પોતાના મદદનીશ સર્જન ને ભાષણકર્તા તરીકે ત્યાંની યૂનિવર્સિટીમાં એની નીમણુક કરાવી આપી. લિસ્ટરના ભત્રિજા ને શિષ્ય સર રિકમૅન ગોડલીએ એનું ઉજ્જ્વલ જીવનચરિત્ર લખ્યું છે. તે સમયનો ખંતીલો વિદ્યાર્થી શી રીતે પોતાનો માર્ગ કાપતો એ જાણવા માટે આ યુગના યુવાનોએ એ જીવનચરિત્ર વાંચવા જેવું છે. પોતાનાં ભાષણો તૈયાર કરવાની કાર્યપદ્ધતિનું પોતાના ભાઇ પરના એક પત્રમાં લિસ્ટર નીચે પ્રમાણે વર્ણન કરેછે:

'મારાં વ્યાખ્યાનોનાં ખીચોખીચ લખાણનાં ૨૧ ફુલ્સકૅપ પાનાંમાંનાં માત્ર ત્રણ જ ત્રીજા દિવસની સવારે લખાતાં. ચોથા દિવસની સવારે છેક બે વાગે હું સુતો અને એકાદ કલાકની ઉંઘ કાઢી ઉઠતો અને ભાષણનો છેલ્લો ભાગ કૉલેજ જવાને વખતે જ માંડ પુરો કરી રહેતો. વહેલા ઉઠવાની ટેવથી મને કામ કરવાની બહુ ફાવટ રહે છે. હું દરરોજ નિયમિત દસ વાગે સુઇ જાઉં છું ને સાડા પાંચે ઉઠી સગડી સળગાવું છું. દાંત સાફ કરી, હાથમોં ધોઇ, કપડાં પહેરી લઉં એટલી વારમાં કૉફી ઉકળી જાય છે. પછી કૉફી ને થોડો પાઉં લઇ ત્રણથી ચાર કલાક બરાબર કામ કરૂં છું ને પછી દસ વાગ્યાના મારા ભાષણ માટે કૉલેજે ઉપડી જાઉં છું. આ વખતે મારૂં મગજ એના જ ખ્યાલોથી ભરપુર હોય છે.'

આમ ચાર સફળ અને સુખી વર્ષો શિક્ષણ આપવામાં તથા આગળ અભ્યાસમાં ગાળ્યા પછી લિસ્ટરે પિતાના માઇક્રોસ્કોપની મદદ વડે વાઢકાપનું કુશળ કામ શરૂ કર્યું. થોડા જ વખતમાં ઉસ્તાદ સર્જન તરીકે તેની કીર્તિ થઇ અને તેની નીમણુક ગ્લાસગોની યૂનિવર્સિટીના વાઢકાપના પ્રોફેસર તરીકે થઇ. એડિનબરોની એની અદ્ભુત કારકીર્દિની જાણ આખા દેશને થઇ હતી અને એની કીર્તિ કયારની ચોમેર ફેલાઇ હતી, પણ ગ્લાસગોને એની લગારે કીમત નહોતી. અને ગ્લાસગોનું હૉસ્પિટલ પણ એ જાતની બીજી સંસ્થાઓથી જરાયે ચડિયાતું નહોતું. પીડાનો જાણે મહાસાગર! ગમે એટલી કાળજી અને વ્યવસ્થા રાખવા છતાં યે ખુદ લિસ્ટરનો પોતાનો વૉર્ડ પણ બીજા બધા કરતાં થોડોક જ ચડિયાતો રહી શકતો. હમેશ એના અંતરમાં આ પ્રશ્ન ડંખ્યા કરતો કે શા માટે આ બધાં હૉસ્પિટલો રોગનાં ઘર જેવાં, મૃત્યુની મહાશાળાઓ જેવાં રહ્યાં કરે છે? કોઇ રીતે પણ એનો અંત કે ઉદ્ધાર નહિ હોય શું?

વળી હમણાંહમણાં એક બીજી નવાઇ જેવી શોધ થઇ હતી. દુઃખી માનવજાતને ચરણે અગાઉ કદિ ન

મુકાઇ હોય એવી એ શોધ હતી. વાઢકાપ કરતી વેળા દર્દીને પીડા ન થાય એટલા માટે તેને બેશુદ્ધ કરવાની દવા સર જેમ્સ સિમ્પસને શોધી હતી. આજ સુધી વાઢકાપ વેળા દર્દીઓને જે અસહ્ય યાતના અને વેદના સહન કરવાં પડતાં તેનો હવે અંત આવ્યો. સર જેમ્સ સિમ્પસનની શોધેલી દવા દર્દીને મીઠા ઘેનમાં નાખી દેતી. એની મદદ વડે દર્દીનાં દુઃખની સાથે વાઢકાપ કરનારની મહેનત પણ ઘણી ઓછી થઈ ગઇ. બીજો એક ફાયદો એ થયો કે આજ સુધી વાઢકાપ માત્ર શરીરના ઉપરઉપરના ભાગો પર જ થતી, તેને બદલે અંદરના ગમે તેવા દૂરના ભાગ પર પણ થવા લાગી, અને દર્દીને વેદનામાંથી વહેલો છોડવવા સારૂ જે ઉતાવળે કામ આટોપવું પડતું તેને બદલે સર્જન ખુબ ધીરજથી કામ કરી શકતો. આમ ઘણી સરળતાઓ થવાથી વાઢકાપના કેસ ખુબ થવા લાગ્યા અને સર્જનો ગમે તેવા અસાધ્ય કિસ્સાઓમાં પણ વાઢકાપ કરવાની હામ ધરવા લાગ્યા.

પણ શુભની આ હારમાળા પાછળ અશુભ મોં ફાડીને ઉભું હતું. કેમકે વાઢકાપના કાર્યમાં ઉપજાવેલી આ સુખશાંતિ છતાં પરિણામોમાં તો કશો જ ફેરફાર હજુ સુધી લાવી શકાયો નહોતો. પહેલાંની માફક જ ઘા વકરી જતા, માંસમાં સડો પેસતો અને તેનું ઝેર વ્યાપી દર્દી મૃત્યુ પામતો. ઉલટું, જેમ વાઢકાપ વધવા લાગી તેમ એવાં મૃત્યુ વધવા લાગ્યાં. અને અંતે લોકોની શ્રદ્ધા તદ્દન ઉડી ગઇ. સૌ, સમજ્યા વિના, સિમ્પસનની ઘેન દેવાની પદ્ધતિને દોષ દેવા લાગ્યા. એમને એમ લાગ્યું કે આ નવી દવાથી જ કેસો બગડે છે. જરાક અમથી ઇજામાંથી શરીરનો ભાગ આખો સડી પડતો; બહુ નજીવી કાપકુપમાંથી ઘા વકરીને મૃત્યુ નિપજતાં. હૉસ્પિતાલોને લોકો કતલખાનાં કહેવા લાગ્યા, અને છડેચોક પોકારવા લાગ્યા કે 'આ હૉસ્પિતાલોને સળગાવી મુકો!' આમ આંધળો બહેરૂં કુટીને, લોકોને, પોતાની શોધને અન્યાય કરતા જોઇને, તથા તેમના તરફથી જશને બદલે જુતિયાં મળતાં જોઇને સિમ્પસન તદ્દન હતાશ થઇ ગયો ને તેનું હૈયું ભાંગી ગયું.

પરંતુ લિસ્ટર જરા પણ હતાશ થયા વિના કે ઉકળ્યા વિના, આ બધો વખત, આ ત્રાસજનક સ્થિતિ પર સદા ઉંડો વિચાર કર્યા જ કરતો હતો. માનવજાતિને કર્મે ચોંટેલી આ યાતનાનો અંત લાવી જ શકાશે એવી તેને કોઇ ગૂઢ શ્રદ્ધા હતી, અને આવા નિરાશાજનક અંધકારમાં, દુનિયાના સૌ સર્જનોમાંથી માત્ર તે જ એકલો આશાનું કિરણ જોઇને પ્રકાશ તરફ પહોંચવા માર્ગ કાપી રહ્યો હતો. એડિનબરો યુનિવર્સિટીની પ્રયોગશાળામાં, લેકચર હૉલમાં ને દર્દીઓના વૉર્ડમાં—જ્યાં એણે જીવનનાં શરૂઆતનાં વર્ષો અથાક ચિંતન અને અવિશ્રાંત કાર્ય પાછળ ગાળ્યાં હતાં ત્યાં—એ પોતાના વિદ્યાર્થીઓને કહેતોઃ 'સૌ જાણે છે કે શરીરની ચામડી ભેદાયા વિના ગમે તેવી સખત ઇજા થઇ હોય તોપણ મોટે ભાગે દર્દીને આરામ થઇ જાય છે; પરંતુ એક નાના સરખા ઘામાં પણ જો ચામડી કપાઇ હોય તો અચુક ગંભીર–અને ઘણુંખરૂં નાશજનક–પરિણામ આવવાનું. આનું કારણ શું? હું માનું છું કે જે માણસ આ ગહન કોયડો ઉકેલશે તે જગતને ચોપડે અમર કીર્તિ રળશે.' શું લિસ્ટર જાણતો હશે, કે જીવનની શરૂઆતમાં પોતે ઉચ્ચારેલી આ ભવિષ્યવાણી પોતાની જ બાબતમાં તે સાચી પાડશે?

પોતાની સ્વાભાવિક ધીટતા અને શાંતિથી તેણે પોતાની તીવ્ર તર્કબુદ્ધિને કામે લગાડી અને આ ગંભીર પ્રશ્ન પર દીર્ઘ ને ઉંડી વિચારણા ચલાવી. ભાગ્યવશાત્, બરોબર આ જ વખતે, ફ્રાન્સના મહાન શોધક લૂઈ પાશ્ચ્યૂરની જંતુવાદની શોધ બહાર પડી. એણે અનેક પ્રયોગોથી નક્કી કર્યું કે બહારની હવાના સંસર્ગથી તેમજ રાસાયણિક ક્રિયાઓ થઇને ખોરાકની વસ્તુઓમાં અમુક જંતુઓ ઉત્પન્ન થાય છે. લોકોને તો માત્ર આ જંતુશોધ ખોરાકની જ બાબતમાં નિસ્બત ધરાવતી લાગી; પણ લિસ્ટરે તેને પોતાની વિચારણાના ઉપયોગમાં લીધી. તેણે એટલું તો ચોકસ કર્યું હતું કે ઘામાં વિકાર પેસતો તે અંદરને કોઇ કારણે નહિ, પણ બહારની હવામાંથી આવતો; એટલેકે વાતાવરણમાં જ એવી કોઈ ગહન નુકસાનકારક વસ્તુઓ હોવી જોઇએ જે આ સડો લગાડતી હતી.

પાશ્ચ્યૂરની શોધથી તેની આ માન્યતા દઢીભૂત થઇ અને તેણે વિચાર્યું કે હવામાંની જે વસ્તુ ખોરાકમાં રાસાયણિક ફેરફારો કરી તેને ખાટો કરી નાખે છે અને તેમાં આથો લાવે છે તે જ વસ્તુ વાઢકાપના ઘામાં સડો લાવતી હોવી જોઇએ. તેણે માઇક્રોસ્કોપ

વડે વકરેલા ઘા તપાસ્યા તો તેમાં અનેક જંતુ ખદબદતાં જણાયા. આથી તેણે એ અદશ્ય દુશ્મનો અને ઘાની વચ્ચે કોઇ એવો બચાવનો પડદો નાખવાનો નિશ્ચય કર્યો કે જે ઘાને હવાની અસરમાંથી બચાવે. તેણે પ્રયોગ દાખલ એક ઘા ઉપર કાર્બોલિક ઍસિડ ચોપડી જોયું. તે લોહીની સાથે ગંળી જઇને ઘા ઉપર એક આછા પડ રૂપે જામી ગયું. આથી બહારના ચેપ ઘાને પહોંચી ન શકયા ને ઘા સલામત રૂઝાઇ ગયો. લિસ્ટરનો પ્રયોગ સફળ થયો.

શોધ આબાદ હતી; પણ થોડી ખામી હતી. શરીર ઉપરના બહારના ઘા માટે આ નુસખો બરોબર હતો; પણ અંદરના ઉંડાણના ભાગના વાઢકાપ ઉપર કાર્બોલિક ઍસિડ લગાવવું અશકય હતું. વળી કાર્બોલિક ઍસિડ એ ઘણી જ તીવ્ર જંતુનાશક દવા છે. તે જંતુઓનો સમૂળો નાશ કરીને તેમનું ઝેર ફેલાતું તો અટકાવે છે; પણ માંસ ઉપર તેની અસર એટલી બધી આકરી થાય છે કે ઘા રૂઝાયા પછી એ જગ્યાએ અતિ બેડોળ ચાઠાં રહી જાય છે.

આ બધા વિચારને અંતે તેણે એવું ઠરાવ્યું કે કાર્બોલિક ઍસિડ ઘા ઉપર ન લગાડતાં, વાઢકાપ કરવાના ઓરડામાં, ઝીણી ઝણ ઉડાડતી પિચકારી વડે હવામાં છાંટવું, અને આખા ઓરડાની હવાને જ જંતુરહિત વિશુદ્ધ કરવી કે જેથી ઘામાં કોઇ જાતનો ચેપ પેસવા ન પામે. પરંતુ આ રીત પણ બરોબર સંતોષકારક ન નીવડી. હવામાં કાર્બોલિક ઍસિડની ઝણ છાંટવાથી ગુંગળાટ બહુ થતો, અને વાઢકાપ કરતાં કરતાં તેને તથા તેના વિદ્યાર્થીઓને ત્રાસત્રાસ થઈ પડતો. ધીમેધીમે તેને એમ લાગ્યું કે કાર્બોલિક ઍસિડ એ બરોબર વસ્તુ નથી.

તેની વિચારણા તો ચાલુ જ હતી. ખુબ પ્રયોગો અને ઉંડા તર્ક પછી તેને એમ લાગ્યું કે હવામાંના જંતુઓ એટલાં બધાં નાશકારક નથી હોતાં, પરંતુ વાઢકાપ કરતી વખતે વપરાતાં હથિયારો, પાટા, રૂ, ટુવાલો, વાસણો—અને દાક્તરના હાથ સુદ્ધાં—એ બધી વસ્તુઓ જ ચેપી જંતુઓને ઘામાં પ્રવેશ કરાવે છે; માટે તેમને જંતુરહિત બનાવી હોય તો જંતુનાશક દવાની જરૂર ન રહે. આમ. તેણે આજની એની મહાન શોધ—જંતુરહિત વાઢકાપ-નો પાયો નાખ્યો.


તેમાં, વાઢકાપના ઉપયોગમાં આવતી એકેએક વસ્તુને એક ઉકળતા પાણીના પૅક પીપમાં ખુબ આકરી વરાળની વચ્ચોવચ્ચ રાખવામાં આવે છે, અને પછી તેને સજ્જડ બંધ કરી દઇ અંદર સારી પેઠે બફાવા દેવામાં આવે છે. આથી તેને લાગેલાં જંતુઓ નાશ પામી એ બધી ચીજો જંતુરહિત–તદ્દન વિશુદ્ધ–બની જાય છે. ઓપરેશન વખતે જ એ બધી વસ્તુઓ—હથિયારો, પાટા, રૂ વગેરે સામાન બહાર કાઢવામાં આવે છે. માત્ર દાક્તરના હાથને આમ વરાળમાં મુકવા અશકય હોય છે. તે ખુબ કાળજીથી સાફ કરીને જંતુનાશક દવા વડે નિર્ભય બનાવી લેવાય છે.

પરિણામ અદ્દભુત આવ્યું. શોધ સંપૂર્ણપણે સફળ થઈ હતી. પણ પેલી ઘેનની દવાના કિસ્સાથી ભડકેલા લોકોને લિસ્ટરના કથન ઉપર શ્રદ્ધા બેસતાં બહુ વખત લાગ્યો. એનું કહેવું તેમને ગળે ઉતરતું જ નહિ. જે લિસ્ટરની કીર્તિ કુશળ સર્જન તરીકે યૂરોપભરમાં ફેલાએલી હતી એ જ લિસ્ટરના કૉલેજના વર્ગમાં ભાષણો વખતે ભાગ્યે એકાદ વિદ્યાર્થી હાજર રહેતો !

૧૮૭૭માં તે એડિનબરોની પોતાની શાંત, સ્થિર અને સુખી જીંદગી છોડી, આ નવી શોધના પ્રયોગો અને પ્રચાર અર્થે લંડન આવી ત્યાંની કિંગ્સ કૉલેજમાં જોડાયો. પરંતુ અહીં પણ વિરોધનો પાર નહોતો. ચાલુ પદ્ધતિએ કામ કરતા સર્જનોને લિસ્ટર બહુ અકારો થઇ પડયો. મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે પોતે કરતા હોય તેની ઘરેડમાં સુધારો સૂચવનાર માણસ હમેશાં કડવો લાગે છે. પરંતુ ઇર્ષ્યા અને વિરોધના આ વાતાવરણને, લિસ્ટરે પોતાની અદ્દભુત ધીરજ, શાંતિ અને સૌજન્યથી જીતી લીધું. એણે પોતાની નવી શોધની રુએ કરેલાં ગંભીરમાં ગંભીર ઑપરેશનો પણ સંપૂર્ણરીતે સફળ થયાં અને કુદરતી રીતે ઝડપથી રૂઝાયાં; જ્યારે એના પ્રતિરોધીઓનાં ઑપરેશનો નિષ્ફળ નીવડી કેસ બગડી ગયા. છેવટે લંડને એની અદ્દભુત શક્તિને નમન કર્યું, એના વાઢકાપના નવા સિદ્ધાંતો સ્વીકાર્યા, ને સંસ્કૃતિ એને ચરણે ઢળી.

છતાં એના છેલ્લા દિવસો ગ્લાનિભર્યા ને એકાકી હતા. એની પત્ની મરી ગઇ. એને એક પણ સંતાન

(અનુસંધાન આગળ પાન ૨૬૭મે)




ગુજરાતનું અપ્રતિમ શિલ્પ

દેલવાડાના જૈન મંદિરમાંનો આરસનો એક ઘુમ્મટ

ગુજરાતે ભૂતકાળમાં કળા અને શિલ્પનો સમાદર કરવામાં તથા ધર્મતત્ત્વ સાથે તેનો મંગળ સંયોગ યોજવામાં કેવી ઉચ્ચ સંસ્કારિતા પ્રગટ કરી છે અને કેટલી લખલૂટ દોલત વેરી છે તે આબુમાં આવેલાં દેલવાડાનાં મંદિરો પ્રત્યક્ષ કરાવે છે. આબુના પર્વત ઉપર એક સુંદર ગાળીમાં આવેલું આ મંદિરોનું ઝુમખું કળાની નાનીશી મઢુલી જેવું લાગે છે. પણ તેની અંદરનો શિલ્પવૈભવ જગતની અપ્રતિમ કૃતિઓની હારમાં ગૌરવભર્યું સ્થાન પામ્યો છે. કુશળમાં કુશળ કારીગરોને પણ સ્તબ્ધ કરી નાખે એવી કોમળતાભરી કોતરણી જોતાં આંખો તૃપ્તિથી થાકી જાય, પણ જોવાનું ખૂટે નહિ એટલી સમૃદ્ધિ, ત્યાંના એકેએક ઘુમ્મટમાં ઉંચે શી રીતે સ્થિર થઇ હશે એની કલ્પનાથી દિંગ થઇ જવાય. મીણમાં પણ કરવું અઘરૂં પડે એવું કામ ત્યાં આરસમાં લટકતું જોઇએ છીએ ત્યારે આ યુગની કળાપ્રાપ્તિનો હિસાબ શૂન્ય જ લાગે છે.

ઉપર બતાવેલો પુતળીઓનો નાનો ઘુમ્મટ માત્ર છ ફુટ પહોળાઇનો હશે; પણ તેની અંદરની આકૃતિઓમાં નૃત્યની જે તરવરાટભરી વિવિધતા છે તે પરથી એ આકૃતિઓ પત્થરની જડતા છોડી જાણે સજીવ ભાવની સ્વતંત્રતા માણતી લાગે છે. ઉપલા ચિત્રને ચારે બાજુથી ફેરવી નિરખીને જોશો તો એકેએક પુતળીનો અંગમરોડ બીજી બધીથી તદ્દન જુદો અને સુરેખ તથા સમતોલનભર્યો જણાશે. મનુષ્યદેહની આટલી બધી લીલા નિરખનાર અને પત્થરમાં તેને અમર કરનાર શિલ્પી આજ અનેક વર્ષો વીત્યા છતાં પણ આપણાં હૃદયનાં ઊર્મિભર્યાં સન્માન પામે છે.



ભાઇ ખુદાબક્ષ નબીબક્ષના આ બંને ફોટોગ્રાફ 'કુમાર'ના ૬૫મા અંકમાં યોગ્ય પરિચય સાથે પ્રગટ થઇ ગયા છે; પરંતુ તે ઘણા નાના અને અસ્પષ્ટ હોવાથી એ ભાઇના શરીરવિકાસની ખરી ખુબીનું એથી દર્શન થયું ન હતું. એ અન્યાય ટાળવા માટે એ ફોટોગ્રાફો ફરી વધુ સ્પષ્ટ રૂપે અહીં રજુ કરીએ છીએ. એકવીસ વરસની વયમાં એ ભાઇએ નિયમિત ને એકધારા વ્યાયામથી જે સુંદર રેખામય શરીર કેળવ્યું છે તે અનેક જુવાનોને પ્રેરક થઇ પડશે.

કચ્છ - કાઠિયાવાડ


એક પરિભ્રમણ : કરનાર શ્રી **સુરેશ દીક્ષિત** બી.એ., એમ.એસસી.



ઉંચીનીચી ટેકરીઓ પર પથરાએલા ભુજના કોટનું દૂરથી દશ્ય

કાઠિયાવાડ અને સિંધના ખોળામાં લપાતો આપણા દેશની મુઠી જેવો કચ્છનો પ્રદેશ, વિધાતાની અવકૃપાનો ભોગ હોય એમ, એક દિશાએ ધગધગતા ખારા રણથી અને ત્રણે દિશાએ સાગરના જળે વીંટળાએલો છે. કાળના પ્રવાહમાં તણાવા ના પાડતા કોઈ વૃદ્ધ જેવો આ દેશ પોતાના જીર્ણ દેહમાં અજબ ગૌરવ લઇ રહ્યો છે.

કચ્છના અખાતનું રક્ષણ કરવા પહેરો ભરતા સૈનિક જેવો બેટ શંખોદ્ધાર એ સાંકડી ગલીના દ્વારપાળ સમો છે. દરિયામાંથી જડતા શંખને માટે પ્રસિદ્ધ થએલો આ નાનો ટાપુ આજે તો ફક્ત યાત્રાળુઓને જ માટે અસ્તિત્વમાં રહી શક્યો છે. દ્વારકાના રણછોડજીના મંદિરને લીધે જ આ લુખી ભૂમિ કેટલાક માનવોને નિભાવી રહી લાગે છે. એ રણછોડજીનું મંદિર કશા ચાટઘુટ વિનાનું હોવાથી કોઇ મોટા ઘર જેવું લાગે છે. એ ઘરમાં કૃષ્ણભગવાન સદકુટુંબ વસે છે.



હિંદુસ્તાનમાં માનવી કરતાં કુતરાંને અન્નની વધુ જરૂર હોય તેમ દ્વારકા (બેટ શંખોદ્ધાર)માં કુતરાંને રોજ સખ્યાબંધ રોટલા નખાય છે!

એ દેવમંદિરમાં પાવન થવા જતાં પહેલાં, થીએટરની ટિકિટ લેવી પડે તેમ, ગાયકવાડ સરકાર પાસેથી ભારે ટિકિટ લેવી પડે છે. ટિકિટ લીધા પછી ભુખ્યા ડાંસ જેવા બ્રાહ્મણો આસપાસ વીંટળાઈ વળે. આ પ્રભુના પાસવાનોની જાળમાં માછલા પેઠે પકડાઇ ગએલો યાત્રાળુ સામ, દામ, દંડ અને ભેદના પ્રયોગો અજમાવે છે. રજપુતાના, મારવાડ અને દક્ષિણમાંથી યાત્રાળુઓનાં ટોળેટોળાં જીવનનાં પાપ ઠાલવવા અને પુન્યનો ઢગલો લુટવા અહીં આવે છે. પવિત્રતાની ખાણ જાણે ખુટતી હોય એમ સ્વાભાવિક જણાય છે. પ્રભુના દરબારમાં ધગધગતી છાપ મરાવી, લોહી કે પરૂ ઉપર ઉડતી માખીઓ લઈને આ અજ્ઞાન જનો એ મનોસૃષ્ટિમાં રાચના ઘર તરફ વળે છે. હજારોની સંખ્યામાં ગાંડા થતા શ્રદ્ધાળુ પુરૂષો અને પ્રભુને માટે આંતરડી કકળાવી અંધારે તેને ખોળતી સ્ત્રીઓ જોઇ, દેહ કરતાં આત્માના દર્દનો ખ્યાલ આવે.



દ્વારકાના મંદિરમાં શ્રી રણછોડજીની મૂર્તિ

આપણા પવિત્ર મનાતાં જાત્રાનાં સ્થાનોમાં, કોણ જાણે કેમ, પણ આપણી હોય છે તેટલી યે શ્રદ્ધા અલોપ થઇ જાય છે. જાત્રાનું સ્થાન એટલે માણસોની ભીડ, બ્રાહ્મણોની દક્ષણા, તોપના ગોળા જેવા લાડૂનું દૃશ્ય કે ઘણા યે દિવસની હજામત કરાવવાનું સ્થાન; અથવા તો માણસ કરતાં પાંજરાપોળનાં ખોડાં ઢોર બચાવવાની વધારે જરૂર હોય એમ બતાવતી ઠેરઠેર લટકતી ખરીખોટી પેટીઓ; કે માનવી કરતાં કુતરાં કીડીઓને અન્નની વધારે જરૂર હોય એમ બતાવતા લાગણીભર્યાં ઉદાર ગૃહસ્થોનો મેળો!

આપણાં વૈષ્ણવ મંદિરોમાં પ્રભુસેવામાં રહેલાં એ તત્ત્વો આપણા જીવનમાં ઉતારી લઇએ તો કેટલું સરસ! દેવપૂજામાં સચવાતો સમય અને કાર્યક્રમ આપણા જીવનમાં પણ ગ્રહણ કરવા જેવો છે. નિયમબદ્ધ રીતે મંગળા, ભોજન, શૃંગાર અને શયનનો સચવાતો સમય, તથા ઋતુ પ્રમાણે બદલાતા પ્રભુના વાઘા, ભોજનની સામગ્રી અને જીવનના આનંદોના થોડા પણ પડઘા આપણા જીવનમાં યે પડતા હોત તો? મોટી ઑફિસોમાં મોડી રાત સુધી ટાઇપરાઇટર પર આંગળીઓ પછાડતા કે કાગળ ઉપર હોલ્ડરને ધકેલતા ઘણા યે માનવ આકારો આમાંનું કંઈ પણ સમજતા હોત તો!

આટલા નાના બેટમાં મીરાંબાઇનું થતું પ્રતિમા-પૂજન અને મદ્રાસથી આવી વસેલા ભક્તજનો આપણા ધર્મ ઉપર જ નહિ પણ સાથે સંકળાએલા સાહિત્ય ઉપર પણ પ્રકાશ પાડે છે.

न काष्ठे विद्यते देवो न पाषाणे न कर्दमे ।
भावे षु वर्तते देवस्तस्माद्भावं नसंत्यजेत् ॥

ઓખા બંદર છોડતાં જ સાગરનાં નીર બદલાય છે. પહેલાં તો ચોખ્ખાં લુગડાં પર મેલાં થીગડાં માર્યાં હોય એવું કંઇક લાગે; પણ પછી આખો યે જળપટ મેલો થાય છે. કચ્છના અખાતમાં ભળતી નદીઓ અને ઘસડાઇ આવતી માટીને લીધે એ જળ નિર્મળ નથી હોતાં. સમુદ્ર કંઇક છીછરો પણ લાગે છે.

આઘેઆઘે રેતીના ઢગમાં દટાએલું માંડવી દેખાતાં આગબોટ ઉપરના શાંત જીવનમાં કંઇક ચેતન આવે છે. બંદર દેખાતાં સુતેલાં કે બેઠેલાં લોકો પણ ઉભાં થઈ જાય છે. આગબોટ ઉપર રહેતાં દેશપરદેશનાં



ઓખા બંદર આગળ



માંડવી આગળ રેતીના ઢગ : સૅન્ડ ડ્યૂન્સ



રથ જેવી કચ્છની ગાડી

માનવીઓના સમાગમમાં 'वसुधैव कुटुम्बकम्'નો ખ્યાલ આવે છે. પણ એ ખ્યાલ જમવાના ટેબલ આસપાસ આવે તે કરતાં ડૂબતી આગબોટમાં સાથે જળશાયી થતાં વધારે ચોખ્ખા સ્વરૂપે પ્રગટતો હશે!

સ્થિર સ્ટીમરમાંથી ઝોલાં ખાતી નાવમાં બેસતાં, ચાંદીની આઠ બંગડીઓથી મઢેલા હાથવાળી એક ફ્રેન્ચ બૈરી, અને ક્રિયાપદ તથા કર્મના ગોટાળા વાળી અંગ્રેજી બોલવા પ્રયત્ન કરતો એક ફ્રેન્ચ મુસાફર, કંઇક ભૂત જેવાં મારા મનમાં ભરાઇ રહ્યાં. ખાધેલું પચવા માટે વાપરેલા અંગ્રેજી શબ્દ Stomach Walkનો તેણે કરેલો ઉપયોગ વિચાર લાવતો કે ઇંગ્લંડથી ૨૪ માઇલ આઘે વસતા માણસોને એમના પાડોશીઓની ભાષાનો આટલો ખ્યાલ છે તો આપણે છ હજાર માઈલ આઘે વસી શેક્સપીઅર જેવું અંગ્રેજી બોલવાનો ડોળ શા માટે કરતા હોઇશું!

જળથી વીંટળાએલા ટાપુના રહેવાસીઓને પાણીનો ભય જવલ્લે જ હોય છે. આપણા દેશને કિનારે વસતાં માણસોને જળ અને જમીન સરખાં જ લાગતાં હશે. દરિયાનાં હીંચોળા લેતાં જળમાં નાનો છોકરો પણ હોડી હંકારી જાણે છે. કચ્છનાં જળ છલકાવા માંડે છે ત્યારે નાની નાવો ગભરાય છે. ફૂંકાતા પવનમાં સઢ ચડાવવો મુશ્કેલ થઇ પડે છે અને પાણીના તાણમાં હલેસાં મારવાં કપરાં થઈ પડે છે. કચ્છના નાવિકો મહેનતુ અને હીમતવાન છે. શાંત જળમાં નાની નાવને એક પારથી બીજે પાર લઇ જતા ખારવાના લલકાર સાંભળતાં, જળમાં હીંચતા વ્યોમને નિહાળતાં કે અદૃશ્ય થતી જળરેખાઓ નિરખતાં એકતાન થઇ જવાય છે. વાયુની લહેર સાથે મહેનતુ નાવિકના ગાનનો ધ્વનિ સાંભળતાં, છોકરાંને પારણે હીંચોળી ગાન લલકારતી કોઇ માતા જેવા એ સુર લાગે છે:

'હાર ઝણુકે કિનાર છે
માથું મારે કિનાર છે
ડુંગરી માથે કિનાર છે
એ . . . લે કિનાર છે
હલકાં પાસાં કિનાર છે
બસરાની લીલી પીળી કિનાર છે
સફરે પુગા કિનાર છે...'

આવા કંઇક રાગઢાળ કાઢી હલેસાં મારનારને જોસ આપતો ટંડેલ, અને 'અલ્લા કિનાર છે' એવું હલેસે હલેસે ઝીણા પરસેવા ટપકાવતા હોડી ધકેલતા નાવિકોનું દૃશ્ય અજબ લાગે છે. વર્ષો પહેલાં આવા આલાપો સાથે આ લોકોએ જળ ઉપર લાકડાના ઘોડા દોડાવી આફ્રિકા ઉપર આક્રમણ કરેલું. કોલંબસ કે વાસ્કો ડી ગામા કરતાં યે પહેલાં જળ ખેડતા આપણા એ દેશબંધુઓની હકીકત પણ આજ આપણે નથી જાણતા!

કચ્છની જમીન ઉપર પગ મુકતાં જ કોઇ નવી સૃષ્ટિનો ભાસ થાય છે. કિનારા ઉપર જ મોટામોટા ઉડતી રેતીના ઢગ છે. આ રેતી ઉડીઉડી મકાનોનાં મકાનો દાટી નાખી હજારોનું નુકસાન કરે છે એમ કહેવાય છે. માણસોનો પહેરવેશ અને નાણાંનું ચલણ પણ અહીં ફરે છે. મોટી થેલી લઇ રૂપિયાની 'કોરી' કરી આપતા વટાવ લેનારા વેપારીઓ તીર્થના ગોરની માફક મુસાફરને ફરી વળે છે. કોરી અને ઢીંગલાનો રૂપિયા આના સાથે એવો અવળો સંબંધ છે કે આ નાણાંની સમજ પડે તે પહેલાં જ બહારનો મુસાફર ખોટ ખાય છે. નાના કચુકા સરખા, કોરીના સિક્કા





ભુજ અને માંડવી વચ્ચે એક ખેતર

ખેતરમાં કામ કરતાં કચ્છી સ્ત્રી પુરુષો: કચ્છની સ્ત્રીઓમાં કાયાની લક્ષ્મી છે; પુરુષના જીવનકાર્યમાં તેને પડખે ઉભા રહેવાનું જોમ છે.

જેવો વિચિત્ર સિક્કો દુનિયામાં બીજે ભાગ્યે જ હશે! અંગ્રેજી રાજ્યમાં ચલણી સિક્કા ઉપર અંગ્રેજી લખવાને આપણે અપમાન ગણીએ છીએ; પણ આ તો દેશી રાજ્યના સિક્કા ઉપર ફારસી લખેલું જરા યે સમજ પડે એમ નથી. અહીંના ચલણે અને વ્યવહારે રૈતી કરતાં પણ વેપારીને વધારે બરબાદ કર્યાનું કહેવાય છે.

જે દેશમાં વેપાર ઉદ્યોગ નથી હોતો અને માત્ર થોડી ઘણી ખેતી ઉપર જ પ્રજાને જીવવાનું હોય છે ત્યાં આયાત નિકાસ ઉપર રાજ્યનો સખત જાપ્તો હોય છે. કચ્છમાં ઉતર્તાં જ જકાતના દોરનો અનુભવ થાય છે. સામાનની ચીજેચીજ ફીંદી નાખી, લેવાય તેટલી ભારે જકાત લે છે. કલાકોના કલાકો સુધી ખોટી થતા મુસાફરોને જકાતખાતાની આ તાલીમ લેવડાવીને જ દેશમાં દાખલ થવા દેવાય છે. આ લોકો બોલે છે કચ્છીમાં, પણ લખે છે ગુજરાતીમાં. કચ્છી ભાષા ઉચ્ચાર ઉપરથી તો સિંધી ગુજરાતીની ખીચડી જેવી લાગે છે.

કચ્છમાં સાહસ અને ઉદ્યોગ થોડાં નથી. વહાણવટું ખેડી મુંબાઇ બાંધનાર કચ્છના ભાટીઆઓ જ છે. મુંબાઇને ખુણેખુણે કચ્છના કણીઆઓની દુકાનો જામેલી છે. સરસ્વતીની કૃપા વિના સાહસ ને ચાતુર્યથી લક્ષ્મીની કૃપા કેમ પ્રાપ્ત થાય છે તે કચ્છીઓ બતાવી શક્યા છે. અહીંના સાહસી ભાટીઆઓએ હીમતથી પરદેશમાં લક્ષ્મી પ્રાપ્ત કરી, ત્યારે ઉંચી ગણાતી નાગર કોમે દેશમાં નોકરી સ્વીકારી સરસ્વતી અને લક્ષ્મી બંનેયની અવકૃપા પ્રાપ્ત કરી! ભાટીઆઓ પરદેશ જઈ શેઠીઆ બની શકયા છે ત્યારે ગુમાની નાગરો માસ્તરો કે કારકુનો થઇ રહ્યા છે.

અજાયબી પમાડે એવા કારીગરો અહીં છે. ઈનામલ, રેશમ અને ચાંદીના ઉદ્યોગો માટે એક વાર મશહૂર આ દેશમાંથી એ ઉદ્યોગો હવે ધીરેધીરે નાશ પામે છે. ભીંતમાં મારવાના ખીલા જેવાં સાદાં હથિયારો વડે પારીસ કે ન્યૂ યૉર્કની ભલભલી કૃતિઓ ટપી જાય એટલું સરસ ચાંદીનું કામ અહીંના કારીગરો કરે છે. આપણા દેશમાં ય આપણે રાજ્ય ચલાવતા અને લડતા ત્યારે જે તોપો બંદુકો અને તલવારો બનતી એનાં પ્રત્યક્ષ ચિહ્ન જેવાં કેટલાં યે હથિયારો અહીં પડેલાં છે. ભુજમાં બનેલાં ઘડિયાળ પણ અસ્તિત્વમાં છે! પણ કમનસીબે, આજનું ભણતર અને રાજ્યની બેદરકારી એકાદ દસકામાં આ કારીગરીને હતી ન હતી કરી નાખે તો નવાઇ નથી.

કચ્છમાં જાણ્યે અજાણ્યે પણ જુના જમાનામાં રહેતા હોઇએ એમ લાગે છે. રથ જેવી નાની બળદની ગાલ્લીઓ, ઉંટની ગાડી, ઉડતી ધુળ અને નીચાં ઘરો વચ્ચે સાંકડા સર્પાકાર પસાર થતા રસ્તા, કંઇક માનવગતિને રોકતાં લાગે છે. અર્વાચીન કાળની મહાશક્તિ વિજળી, ઘોંઘાટ મચાવતાં વર્તમાનપત્રો કે જ્ઞાન પ્રસારતાં ચિત્રપટ કચ્છનો અખાત ઓળંગી અહીંની શાંતિનો ભંગ કરવા હજી આવી પહોંચ્યાં નથી. બળદના વેગે માનગવેગ પણ સચવાય છે. માંડવીથી કચ્છની રાજ્યધાની સુધી પહોંચવા મોટર છે. પણ એ મોટરની એક પણ સગવડ ઉંટગાડીને ભુલાવે કે બળદગાડીને થકવે એવી નથી. એન્જિનના ધુમાડા જોડે સરસાઈ કરે એટલી ધુળ ઉડાડતી, શ્વાસ ખાવા આપોઆપ અટકતી આ મોટરમાં, દહીં ને પાણી ભેળાં મુકયાં હોય તો છત્રીસ માઇલને અંતે એમાંથી એની મેળે



ભુજ શહેરનું દૂરથી દશ્ય

માખણ નરી આવે! શરીરના સાંધા પારખવાનું કેટલું સરસ યંત્ર!

આ જંગ–લુખ્ખી ભૂમિમાં ક્યાંકક્યાંક કપાસનાં ખેતર, વચ્ચે હરિયાળા ગાજરના છોડ અને ઘણે આઘે દોડી જતાં કોઇક હરણુ, નરી શુષ્કતામાં કંઇક રસ લાવે છે. જાળાં બાઝેલા કુંવારના છોડ, પાંદડાં ખેરવી ઓળખાણ છુપાવતાં કોઇક વૃક્ષો, ઉંટના ઢેકા જેવા ઉંચાનીચા ટેકરા તથા તેની ઓથમાં ઉભેલા કેતકી (Agave)ના છોડ, અને આ બધા આગળથી પસાર થતી થોરની વાડ પરથી કે સફેદ પત્થરની શિલાઓ પરથી આઘે દેખાતાં રણનાં મૃગજળ શુષ્ક જીવનના ઓળા જેવાં લાગે છે. પીળાં ફૂલથી લચી રહેલા રામબાવળની હારો પાસે રખડતું કોઇ ઉંટ કે લાલ ફૂલથી સૂર્યની જ્વાળા સમ દેખાતાં કેરનાં ઝાંખરાં આથમતા દિવસને વળાવી રહે છે. સગી સંધ્યાએ દીવેલની બળતી વાટે નામું લખતા કે ચોપડા ઉપર કાળી રેતી ભભરાવતા મહેતાજી હજુએ મધ્ય જમાનાના ચિહ્નને ટકાવી રહ્યા લાગે છે.

ચાનો ચેપ આજે તો દેશને ખુણેખાંચરે પણ લાગ્યો છે. ચીનાઇ માટીના નાકાં તુટેલા પ્યાલામાં કોઇક ગામડા પાસે ચા પીતાં ઘણાં યે જણ ચાને સ્થાને શું પીએ છે તેનો ખ્યાલ આવ્યો.

જે દેશમાં પુષ્કળ તમાકુ થાય છે તે દેશમાં પણ એક આનાની દસ વિલાયતી ‘વરજીનિયા સીગારેટ’ ફુંકનારાને ક્યાં ખબર છે કે તેઓ ખરેખરા શું ચુસતા હશે! અજ્ઞાન કરતાં યે સાધારણ અક્કલની ખામી પણ જનસમાજમાં આજે આવી છે. એક જ છોડ માનવ સંસ્કૃતિને કેટલી તોળે છે!

કચ્છની આ રસહીન ધરામાં તીર્થરૂપ મને જયકૃષ્ણ ઇંદ્રજી લાગ્યા. કચ્છ–કાઠિયાવાડની વનસ્પતિ ભેગી કરી શાસ્ત્રીય રીતે તેનો પ્રથમ અભ્યાસ કરનાર આ વૃદ્ધ પુરુષ આજ ૮૧ વર્ષે પણ યુવાન જેટલાં આશા અને ઉત્સાહ બતાવે છે. વનસ્પતિમાં તે પ્રભુભજન સુણે છે. ઉજ્જડ ભૂમિને લીલીછમ બનાવવાનો તેમણે પોરબંદરમાં કરેલો પ્રયાસ, અને કચ્છમાં રેતીના ઢગને વનસ્પતિથી દાબી દઇ કુદરત ઉપર કાબુ મેળવવાનો તેમણે કરેલો અખતરો એ ખંતીલા વૃદ્ધની નિશ્ચલ કાર્યશક્તિના પુરાવા છે. કોઇ પણ અંગ્રેજી યુનિવર્સિટીના શિષ્ય થયા વગર જે તેમણે પોતાના જીવનમાં મેળવ્યું છે તેથી ચકિત થઇ તેમની વિદ્યા પાસે નમી રહેવાય. આજે તેમની આસપાસ એક નાની નિશાળ ગોઠવાઇ રહી છે. તેમનામાં ગામડાની સાદાઇ સાથે શોભતું ઉજ્જવળ નિરાભિમાન છે; વિદ્યાની લ્હાણી કરવાનો લ્હાવો છે. જ્ઞાનયજ્ઞમાં આહૂતિ એ એમનો અશ્વમેધ છે. દેશી રીતે ધોતિયું પહેરી વિજ્ઞાન કેમ સંપાદન થાય તે જયકૃષ્ણ આજ બતાવી રહ્યા છે. આપણે એમને વધારે જાણીએ અને ઓળખીએ એ બહુ જ જરૂરનું છે. નિર્જન વનવગડે ખીલેલો એ આપણો મોંઘેરો છોડ અનિલ લહેરે પરિમલ પસારી કરમાઇ જશે. અને આપણે ઉંઘતા રહીશું એવી સ્થિતિ આજ છે. ગુજરાતીઓ પ્લેટફૉર્મ ઉપરથી ઉરફેરાઇ ઉરફેરાઇને બાંટા પાડનારની પૂજા છોડી આવા શાંત જ્ઞાનના




શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી સાથે આ લેખના લેખક શ્રી સુરેશ દીક્ષિત: જેઓ વનસ્પતિશાસ્ત્ર લઈ એમ. એસસી. થનાર પહેલા ગુજરાતી જુવાન છે.

ઉપાસકને પૂજે તો રુડા દિવસ આવ્યે નહિ રહે.


કચ્છના લોક તેટલા પણ ગરીબ છે. તે સાથે ગરીબાઇના ઘણા દુર્ગુણ પણ લેતા ફરે છે. શહેરીઓમાં થતી ગંદકીથી તો ત્રાસી અને લાજી મરાય. માણસ અવતારમાં પણ હજુ આપણે કેટલીક ઢોર જેવી ટેવો છોડી નથી. રાતના શેરીઓને ઉકરડા બનાવતાં માનવીઓ જેવાં માનવીઓ બેહદ બેશરમીથી વર્તે છે.

પુરુષોનાં સુરવાળ અને બંડી, સ્ત્રીઓના કમખા, ઘાઘરા અને ગળામાં હાંસડી, કંઇક સગવડ અને શૂરાતનનો ખ્યાલ બેસાડે છે. આ પોષાક તો એ જ દેશમાં પોસાય એમ છે. રાત્રે ઓટલા ઉપર બેસી પહેલી રાત ગાળતા, સુખદુઃખની કે જગતની વાત કરતા આ લોકો જીવનના સ્વાસ્થ્યની મઝા હજુ યે માણે છે. શહેરોમાં જઇ, ગુમાસ્તી કરી, વીશી કે હૉટેલ ચલાવી, અને બહુ તો દાણા કે ઘી વેચી અથવા સટ્ટામાં તેજીમંદી ખેલી, અહીં પાછા આવતા રહેવાશીઓ પોતાના દેશને સુધારે કે સમજે એમ નથી. ઉલટું શહેરની કેટલીક બદીઓ અહીં વિષવલ્લરી પેઠે રોપાય છે. અહીંની સ્ત્રીઓમાં કાયાની લક્ષ્મી છે અને દેહની ઉજ્જવળ રેખા છે. જીવનનાં દુઃખ ખમવા માટે પુરુષને પડખે ઉભા રહેવાનું તેમનામાં જોમ છે. પણ ઘરના ઓરડાની દીવાલોની ઓથે, પુરુષોની લાજે તે શોષાઇ મરે છે. માનવના લાજરૂપી બંદિખાનેથી તેઓ છુટ્યાં નથી. જેને પ્રભુનો દીધો વાયુ લેવાની સ્વતંત્રતા નથી કે સૂર્યનાં રશ્મિએ સ્નાન કરવાનો પણ અધિકાર નથી તેને આત્મ-સ્વતંત્રતાનો સૂર કહાડવાનો શો જ માર્ગ હોય!

કચ્છમાં ઘણા હુન્નરઉદ્યોગ ખીલવી શકાય એમ છે. કુદરતે કચ્છને રણ અને ખારે જળે વીંટ્યું છે, છતાં બીજી બાજુથી ઉદાર ખનીજનું દ્રવ્ય આપ્યું છે. જ્યાં પ્રજાને અંધારે રાખી અજ્ઞાનતા ઉપર રાજ્ય ટકાવવું હોય—વખતે બાંધી મુઠી લાખની રાખવી હોય—ત્યાં ઉજાસને અવકાશ ન હોય. જે રાજ્યનો નાનામાં નાનો નોકર પણ પોતાને મરજી ફાવે તેમ વર્તવા નવાબ સર્જાએલો સમજતો હોય ત્યાં સ્વતંત્રતા જેવું શું હોય? કચ્છના રાવને પ્રજા 'બાવા'ના વહાલસોયા નામથી સંબોધે છે. પણ પ્રજા બીચારી 'બાવા'ની વાતોમાં જ રચીપચી રહી શકે છે. એકતંત્ર રાજ્યમાં પ્રજાને પોતાનું કંઇ નહિ અને રાજાનું જ સર્વસ્વ હોય એમ દૃઢ માન્યતા ઠસી ગએલી હોય છે. રાજા જ સર્વ કંઇ કરી શકે અને પ્રજા કંઈ જ ન કરી શકે એવો ખોટો ખ્યાલ એકતંત્ર રાજ્યના માનસમાં હોય છે. ઘરડો બળદ ધુંસરી વેઠી અંધારે દોડવા મથતો હોય એવા આ ચાળા છે. કચ્છના રાવ આફ્રિકામાં સિંહના શિકાર માટે પ્રખ્યાત છે તેટલા આગળ વધેલા રાજકર્તા તરીકે તો નથી જ. હિંદુ રાજાઓના હાથ નીચે હિંદની અગાઉ આ સ્થિતિ હોય તો 'પ્રભો, જેવું હતું તેવું ફરી ભારત બનાવી દે' એ પ્રાર્થના કદિ ય ન કરીએ.



કચ્છની ઉંટગાડી



શરદબાગ--ભુજ

ભુજનો કોટ જોવા લાયક છે. ટેકરી ઉપર અખંડ ચાલી જતી એની ઉંચાનીચી દીવાલ આઘેથી આકર્ષે છે. બાકી તો વિલાયતી ઢબે બાંધેલાં મકાનો આપણા દેશમાં ઘણી વખત કંઇક વિચિત્ર લાગણી પ્રેરે છે. અહીંના શરદ બાગ અને મ્યૂઝિયમ જેવાં મકાનો જરા યે વખાણવા કે જોવા લાયક નથી. હાલનાં વિલાયતી ઢબનાં મકાનોમાં ભીંત પરનાં ચિત્ર, કોતરકામ કે બીજી કોઈ કળા પોષાય એમ નથી. આપણા દેશમાં સારાં ગણતાં કેટલાંક મકાનો તો લંડનના કોઇ ખૂણામાંથી તાણી લાવી બેસાડયાં હોય એવાં જણાય છે!

જળતરસી, ઉનાળે જવાળા સમી આ ભૂમિ છોડવા માટે ખટારા જેવી આગગાડીમાં બેસતાં, બાર કલાકે ચાલીસ માઇલનું અંતર કાપવાનું છે એ વિચારે ધ્રુજારી છુટતી. ઉંટ, બળદ અને ધુળનો ભરેલો આ પ્રદેશ છોડતાં રિપ વાન વિંકલ આગળ વધેલી સૃષ્ટિમાં જતો હોય એમ હું માનવા લાગ્યો. (ચાલુ)

મહાયુદ્ધ શરૂ થયું એ વખતની વાત છે. આફ્રિકાના દૂરદૂરના પ્રદેશમાં એક બ્રિટિશ લશ્કરી થાણા પર તેના અમલદારને નીચે મુજબનો તારનો સંદેશો મળ્યો: 'યુદ્ધ જાહેર થયું છે. તમારી હકુમતમાંના બધા પરદેશીને કેદ કરો.'

થોડા દિવસ પછી એ તાર કરનાર મુખ્ય અમલદારને નીચેનો પેગામ મળ્યો: 'મારા જીલ્લામાંના સાત જર્મન, ત્રણ બેલ્જિયન, ચાર સ્પેનિયર્ડ, પાંચ ફ્રેંચમેન, બે સ્વીડ, એક અર્જેન્ટાઇનીઅન અને એક અમેરિકન—બધાને પકડ્યા છે. મહેરબાની કરીને જણાવશો કે આપણે કોની જોડે યુદ્ધ જાહેર કર્યું છે?

છગનશેઠ મેળાવડામાં મોડા પહોંચ્યા એ જ વખતે ગવૈયો ઉભો થતો હતો.

છગનશેઠ: બેસી જાઓ, બેસી જાઓ, મારે માટે ઉભા થવાની કંઇ જરૂર નથી.



જાતિય વિકૃતિ

પ્રશ્ન: ઉંઘમાં થતા વીર્યપાતો--સ્વપ્નધાતો—કંઇ પણ અંશે સ્વાભાવિક નથી? હોય તો કેટલા પ્રમાણમાં. અને તેને અટકાવવાના ઉપાય શા?

ઉત્તર: ઉંઘમાં થતા વીર્યપાતો જુવાનોને જેટલા કનડે છે તેટલો જ આ પ્રશ્ન પણ કનડતો હોય તેમ લાગ્યું છે. આપણી કેળવણીની દુર્દશાના પરિણામે જુવાન વિદ્યાર્થી પોતાનો વિદ્યાભ્યાસ પુરો કરે ત્યાં સુધીમાં તેને પોતાના શરીરની રચનાનું પણ ભાન નથી હોતું તે અતિ શોચનીય સ્થિતિ છે. વીર્ય શરીરમાં સંરક્ષવા જેવી વસ્તુ છે અને તેના રક્ષણ ઉપર જુવાનના શરીરનો આધાર છે. એ વાત જાણ્યા પછી ઉંઘમાં થતા વીર્યપાતો જુવાનને બહુ જ મુંઝવે છે. વીર્યરક્ષણ માટે ફાંફાં મારતો જુવાન જ્યારે સ્વપ્નદોષો અનુભવે છે ત્યારે ખરેખર ગભરાય છે. અનેક પ્રકારના પ્રયત્નો કરવા છતાં આ સ્થિતિ અટકતી નથી, એટલે તે સ્વાભાવિક તો નહિ હોય, એમ માનવા તેની બુદ્ધિ તેને લલચાવે છે. જોકે તેમ માનવા માટે તેની પાસે તર્કશુદ્ધ કારણો નથી હોતાં. શરમનો માર્યો જુવાન કોઇને પુછી પણ નથી શકતો. માત્ર એ વસ્તુસ્થિતિ સ્વાભાવિક હોવી જોઇએ એમ માનીને થોડીઘણી અસ્વસ્થતા ઓછી કરવાના પ્રયત્નો કરે છે. પરંતુ જે વસ્તુ માટે આપણને પુરેપુરી ખાતરી નથી તે વસ્તુ માટેનાં મન મનાવવાનાં અનુમાનો કશું જ પરિણામ લાવી શકતાં નથી. જુવાન મિત્ર! તને ખબર છે કે તારી આ પ્રમાણે મન મનાવવાની

રીતો તને વધારે ને વધારે અસ્વસ્થ જ બનાવે છે?

ઉંઘમાં થતા વીર્યપાતોને આપણે સ્વાભાવિક તો ન જ કહી શકીએ. વીર્યપાત થવો એ દેહનો સ્વભાવ છે એમ પણ આપણાથી નહિ કહેવાય. હા, અત્યારની સમાજની સ્થિતિએ સ્વપ્નદોષો અનિવાર્ય થઈ પડેલા છે એ ખરૂં; અને તેટલા પુરતો મનુષ્યનો તે સ્વભાવ થઇ ગયો છે, એમ કહીએ તો ઉંઘના વીર્યપાતોને એ અર્થમાં આપણે સ્વાભાવિક ગણી શકીએ. આવા સ્વપ્નદોષો, હસ્તદોષોના જેટલા હાનિકર્તા નથી. તેનો વિગતવાર વિચાર તો આપણે આગળ ઉપર કરીશું; પણ સ્વપ્નદોષો સ્વાભાવિક હશે કે નહિ તેની શંકામાં પડેલા દરેક જુવાનને અહીં એટલું તો જણાવી જ દઉં કે તમને થતા સ્વપ્નદોષોથી તમે જરા યે ગભરાશો નહિ. આજની સ્થિતિએ તે અપરિહાર્ય છે. પણ તેના વખતના ગાળાને લંબાવવાના પ્રયત્નો જરૂર કરવા જોઇએ.

સ્વપ્નદોષો શાં શાં કારણોને લીધે થાય છે તેનો આપણે પ્રથમ વિચાર કરીએ. એ કારણો નાબુદ કરવાના જે કોઇ જુવાન પ્રયત્ન આદરશે તે જુવાન સ્વપ્નદોષોની પીડામાંથી ઘણે અંશે મુક્ત થઇ જશે.

જુવાનોમાં આજે એક એવી માન્યતા પ્રચલિત થઇ ગઇ છે કે સ્વપ્નદોષો એ વિકૃત મનનું જ પરિણામ હોય છે. પરંતુ આ તદ્દન ખરૂં નથી. ઉંઘમાં વીર્યપાત થાય તેની પાછળ મનની વિકૃતિ ઘણી વખત રહેલી હોય છે ખરી; પરંતુ તેવા વીર્યપાતોના મુળમાં બીજાં શારીરિક કારણો પણ મોટે અંશે રહેલાં હોય છે. તેવાં શારીરિક કારણોને આપણે પહેલાં તપાસીએ.

તરુણ મિત્ર! તને જેટલી તારાં નાક, આંખ, કાન વગેરે અવયવોની રચનાની ખબર છે તેટલી તારી જનનેન્દ્રિય તથા તેની આસપાસની શરીરરચનાની ખબર છે ખરી? નથી જ. તારા શિક્ષક અથવા તો તારા વડીલો તને અંગ્રેજી, ગણિત કે ઇતિહાસ-ભૂગોળ શીખવવાની જેટલી દરકાર રાખે છે તેના સોમા ભાગની પણ તારા શરીર સંબંધેનું જ્ઞાન આપવાની દરકાર તેઓ રાખે છે ખરા? પ્રિય તરુણ, જુવાનીમાં પગલાં માંડ્યા પછી તું તારા શિક્ષક અને માબાપ પાસેથી, અનેક વસ્તુઓની માગણી કરતાં શીખ્યો છે; પણ કોઇ દિવસ તારા શરીરની રચના જાણવા માટે તેં માગણી કરી છે ખરી? નથી જ કરી. હાય રે કેળવણી! જે કેળવણી મનુષ્યનો પ્રથમ ધર્મ સમજાવવામાં જ કશું કરી શકતી નથી તે કેળવણી જ શા કામની! જે કેળવણી મનુષ્યને પોતાના આત્માના મંદિર માટેની સંપૂર્ણ તાલીમ નથી આપતી તે કેળવણી શા કામની? જે કેળવણી જુવાનમાં પોતાના શરીર સંબંધેની દરકાર ઉભી નથી કરી શકતી તે કેળવણી શા કામની?

પરંતુ આમ અફસોસ કર્યે હવે પાલવે તેમ નથી. જુવાન મિત્ર! હું અને તું બંને હવે જાગ્યા છીએ. તેં તારો ધર્મ પિછાન્યો છે અને શુદ્ધ તથા જરૂરી જ્ઞાનની જિજ્ઞાસા તારામાં જાગી છે. સમાજે ઓઢાડેલી ખોટી શરમને ફેંકી દેવાની તારામાં તાકાત આવી છે. અને એ તાકાતના બળે તું જ્ઞાનપિપાસુ બની એ પિપાસા છીપવવા તૈયાર થયો છે.

જનનેંદ્રિય અને તેની આસપાસની શરીરરચના એવા પ્રકારની છે કે એક જરા જેટલો ક્ષોભ પણ વીર્યના ઝરાને હલાવે અને વીર્યપાત કરાવે. શરીરના આ ભાગની રચના આગળઉપર આપણે ચિત્રો સાથે સમજીશું. ઉપર કહ્યું કે જરા જેટલો પણ શરીરક્ષોભ વીર્યકોથળીમાં ઉશ્કેરાટ પેદા કરે છે, વીર્ય-નલિકાને સતેજ ને મુલાયમ બનાવે છે અને પરિણામે વીર્યપાત કરાવે છે. આવો શારીરિક ક્ષોભ થવાનાં આજે અનેક કારણો છે. એ કારણો પૈકી સૌથી મહત્ત્વનું કારણ કબજિયાત છે. કબજિયાતના રોગે પીડાતા અનેક માણસો આજે નજરે ચડે છે. જુવાનોમાં પણ આ રોગ હમેશ વધારે ને વધારે ઘર કરતો જાય છે. કબજિયાતને લીધે, શરીરના જે ભાગમાં વીર્યનલિકા રહેલી છે તે ભાગ વિકૃત બની જાય છે અને એ વિકૃત વીર્ય નલિકા ઉપર દબાણ લાવે છે. આવા દબાણના પરિણામે ઉંઘમાં વીર્યપાત થાય છે.

કબજિયાત શા માટે થાય છે તેની વિસ્તારી વિગતોમાં આપણે અહીં નહિ ઉતરીએ. પરંતુ આપણે એટલું તો સમજી જ લેવું જોઇએ કે, કબજિયાત જેવા રોગને કોઇપણ માણસે અવગણ્યો ચાલે તેમ નથી. કબજિયાત શા કારણે થાય છે તેની સામાન્ય સમજણ તો જુવાન માણસ પાસે હોવી જ જોઇએ; ન હોય તો તેણે પોતાના વડીલ કે વૈદ્ય ડાકટર પાસેથી

જાણી લેવી ઘટે છે. તેવું જ્ઞાન થયા પછી કબજિયાત અટકાવવાના ઉપાયો તરત જ સુઝી શકશે.

આપણે જે ખોરાક લઇએ છીએ તે ખોરાકના પરિણામે શરીરમાં લોહી થાય છે અને લોહીમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે. જેવો માણસનો ખોરાક તેવું તેનું વીર્ય. આપણા ખોરાકમાં આજે એટલી બધી કૃત્રિમતા અને વિચિત્રતા પેસી ગઈ છે કે તેનું આપણને ભાન રહ્યું નથી. આજે આપણે હોજરીમાં સમજ્યે–વગરસમજ્યે કોઈ પણ વસ્તુ ફેંકતાં અચકાતા નથી. તે જ વસ્તુ આપણા શરીરમાં વીર્ય પેદા કરનારી હોય છે. જે શરીરને વીર્યરક્ષણ કરવું છે તે શરીરે શુદ્ધ અને સાત્ત્વિક વીર્ય જ ઉત્પન્ન કરવું જોઇએ; ને શુદ્ધ તથા સાત્ત્વિક વીર્ય માટે શુદ્ધ ને સાત્ત્વિક ખોરાક જ લેવો જોઇએ. પેટમાં ગરબડ કરનાર અને ઉન્માદક ખોરાકના પરિણામે આપણને વધારે ઝાડા થાય અથવા કબજિયાત થાય, માથું દુખવા આવે અથવા શરીરમાં બેચેની પેદા થાય, તેથી આપણે બહુ ભડકતા નથી. તો પછી એવા ખોરાકનું બનેલું

सहवीर्य्यं करवावहै ।

(ક્ષિપ્ર છંદ)

અમે સાતે સાગર વીંધી,
વીંધી અવની ને આભ,
અમે અંગારાને ચાંપી,
ચાંપીશું કાળ કરાળ;
અમે ભોગવિલાસો ભુલી, ભમીશું વનવન કરતા સાદ:
'જાગો ! જાગોને વીરા ! રણદેવી જુએ વાટ.'

નહિ સુખલિપ્સા લલચાવે,
નહિ સ્વર્ગ, સ્વાર્થ કે દેહ;
નહિ શત્રુસૈન્ય હંફાવે,
નહિ, નહિ, નહિ તુટે ટેક:
અમે કેસરચોળ્યાં સજી વસ્ત્ર, ઘુંટી ઘટઘટ 'मा भैः'
અમે અમર સમર ખેલીશું, કુદીશું ઘેલા થઇ.

અમે સ્વતંત્રતાના સાદે
જડમાં યે પુરી પ્રાણ,
સા ગ ર થે રૂં ગ ર જી ને
પુરી દઈશું બ્રહ્માંડ:
એ ઘોર નાદના દિશદિશમાંથી પ્રતિધ્વનિ પડછંદ
રિપુનાં ઉર ભેદી દેશે, નિષ્કંટક કરશે પંથ.

ડગલું પાછું ના દેશું,
અમે સિંહણ કેરાં બાળ:
અમે ફાળ ભરી કુદીશું,
ખંખેરી યાળ કરાળ:
અમે ગર્વભરી દઇ ડણક નસાડીશું રિપુઓનાં જુથ,
મદભેર અમે મહાલીશું ઉજળી માની કુખ.

અમ વીર પ્રસૂતા માતા,
પરતંત્ર કદિ શું હોય ?
અમ બેઠાં માડીને શું
લજ્જા, ગ્લાનિ, ભય હોય ?
અમ શસ્ત્ર અહિંસા તણાં બતાવીશું જગને ચળકાટ,
ને સ્વતંત્રતાનો માને પ્હેરાવીશું શિર તાજ.

આ રામ, કૃષ્ણ, ગાંધીની,
આ દયાનંદથી માત;
આ દેશદેશની રાણી,
આ સંસ્કૃતિ કેરી માત:
આ માતૃભૂમિને સ્વતંત્રતાનો શુભ્ર ધરાવી સાજ,
અમે ગર્વભર્યું ગાજીશું, 'જય જય જય ભારતમાત.'

મન:સુખલાલ મગનલાલ ઝવેરી

વીર્ય પણ અશુદ્ધ બને, ખોટે ઉફાળે ચડે અને સહેજ પણ કારણ મળતાં બહાર નીકળી આવે તેમાં આપણે શા માટે ગભરાઇએ? ખરૂં જોતાં આપણી ગભરામણ તેવા વીર્યપાતો માટે નહિ પણ તેનાં ઉત્પાદક કારણો માટે જ હોવી જોઇએ. આજે તો આપણે કારણોને બીલકુલ અવગણીને પરિણામ માટે સંતાપ કરીએ છીએ. આ વિપરીત પરિસ્થિતિ તરત જ બદલી નાખવાની જરૂર છે. મારી તો સલાહ છે કે ઉંઘમાં થતાં વીર્યપાતોને માટે જરાપણ ચિંતા કરવાને બદલે તેનાં ઉત્પાદક કારણોની ચિંતા કરતો થઇ જા. તેવાં કારણો તારે હાથ લાગી જાય કે તરત જ તેને નિર્મૂળ કરવાના પ્રયત્નમાં લાગી જા. ને તું જોઇશ કે બહુ જ થોડા વખતમાં જે સ્વાસ્થ્ય ને શાંતિ મેળવવા તું ઝંખે છે તે તને હાથ લાગી જશે.

ખાનપાનની બાબતમાં આપણે બધા અત્યંત બેદરકાર છીએ. ગમે તે વસ્તુ ખાતાં આપણે વિચાર કરતા જ નથી. વીર્યરક્ષણ માટે ખોરાક ઉપર જે ભાર મુકવામાં આવે છે તે અત્યંત શાસ્ત્રીય છે. આજ દિવસ

સુધી 'બ્રહ્મચારીએ આ ન ખાવું જોઇએ અને તે ન ખાવું જોઇએ' તેવી ધુમો તારા કાન ઉપર અફળાયા જ કરી છે. તું નાનો હતો ત્યાં સુધી શ્રદ્ધા કે બીકનો માર્યો તે માનતો હતો. પણ મોટો થયા પછી તેં એનાં કારણો માગ્યાં. તને તે ન મળ્યાં. મળ્યા માત્ર વડીલોના વિધિ-નિષેધો. પરિણામ એ આવ્યું કે વડીલોની તેવી શીખામણોને મિથ્યા ને મૂર્ખાઇભરેલી ગણી તેં ફેંકી દીધી. નહિ ખાવાપીવા જેવી વસ્તુને પણ તેં તેટલા જ માટે ખાધીપીધી. આ બધું સ્વાભાવિક હતું. આજે હવે તારી પાસે તે જ વસ્તુને બુદ્ધિની એરણ ઉપર ગોઠવી હું રજુ કરૂં છું. તારા વીર્યને તારે શુદ્ધ રાખવું હોય, તારા વીર્યનું તારે બની શકે તેટલું રક્ષણ કરવું હોય તો તારા ખાનપાન ઉપર તારે પોતે જ ચોકી કરવી જોઇએ. શું ખાવું ને શું પીવું, તેનો નિર્ણય તારે જાતે જ કરી લેવો જોઇએ. ખાનપાનની અસર વીર્ય ઉપર બહુ જ ભારે થાય છે તે વાત તારા હૃદયમાં અખંડ કોતરી રાખજે.

ખોરાકની અશુદ્ધિ ને કબજિયાત એ બંને ઉંઘમાં થતા વીર્યપાતનાં શારીરિક કારણો છે ને એ કારણો જેટલે અંશે દૂર થઇ શકે તેટલે અંશે સ્વપ્નદોષોનો ગાળો વધારી શકાય. આજે જે જાતની આહારની પ્રથા ચાલે છે તે જોતાં જુવાનના સ્વપ્નદોષના ગાળાને હું પંદરથી વીસ દિવસ જેટલી મુદત સલામત કહું છું. હવે આ ગાળાને લાંબો કરવો એ દરેક જુવાનના પોતાના જ હાથમાં છે. એ લંબાવવા દરેક જુવાને પોતાના મળાશયને સાફ રાખવું જોઈએ ને પોતાના આહારને શુદ્ધ અને સાત્ત્વિક બનાવવો જોઇએ.

ઉંઘમાં થતા સ્વપ્નદોષોનાં આ શારીરિક કારણોને નિવારવા માટે દરેક જુવાન નીચેના થોડા નિયમોનું સ્વેચ્છાથી અને આગ્રહપૂર્વક પાલન કરે એ અત્યંત આવશ્યક છે. એ નિયમો પાછળ રહેલી શરીરશાસ્ત્રની દૃષ્ટિને બરાબર સમજી લેવાની ભલામણ જુવાનને કરવાપણું ન હોય. નિયમનું પાલન જડ ન બની જાય, દુરાગ્રહી ન બની જાય, અને લાભ કરવા કરતાં હાનિકર ન બની જાય તેનું પણ ધ્યાન રાખવું ઘટે છે. એવું નિયમિત જીવન ગાળનાર જુવાનને જે કાંઇ મુશ્કેલીઓ નડે તે મુશ્કેલીઓ, પોતાને જેમાં વિશ્વાસ હોય તેવા વડીલ પાસે જઇ ટાળી શકાય.

(૧) ખોરાકમાં ઉન્માદક તેજાના બને તેટલા ઓછા લેવા. (૨) બજારૂ પીણાં બનતાં સુધી ન પીવાં. (૩) 'ખોરાક પીઓ અને પાણી ચાવો' એ સૂત્રનો બરાબર અમલ કરવો. (૪) ભોજનનો સમય ચોકસ અને નિયમિત રાખવો. (૫) બનતાં સુધી મુખ્ય ભોજનોની વચ્ચેના ગાળામાં બીજું કશું આચરકુચર પેટમાં નાખવાની ટેવ ન રાખવી. (૬) રાત્રે ઓછો અને હલકો ખોરાક લેવો. (૭) રોજ પેટ સાફ આવે છે કે નહિ તેનું કાળજીપૂર્વક ધ્યાન રાખવું. (૮) અઠવાડીએ પંદર દિવસે એકાદ અપવાસ કરી નાખવો અથવા તો હળવો રેચ લઇ લેવો. (૯) હમેશાં નિયમિત થોડો ઘણો વ્યાયામ કરવાની ટેવ રાખવી. (૧૦) વિનાકારણ ઉજાગરા ન કરવા. (૧૧) શરીરને જરૂર હોય તેના કરતાં ઓછો અથવા વધારે શ્રમ ન લેવો. (૧૨) ચા, કૉફી વગેરે જેવાં પીણાં અથવા બીડી, પાન તમાકુ જેવાં વ્યસન ન રાખવાં.

આટલા સામાન્ય નિયમો ઉપરથી પોતાના શરીરનું સ્વાસ્થ્ય જળવાય અને આરોગ્ય વધે તેવી રીતની શરીરની જાળવણીના માર્ગો દરેક વિચારવાન જુવાન પોતાને માટે આપમેળે શોધી કાઢી શકશે.

ઉંઘમાં થતા વીર્યપાતોનાં શારીરિક કારણોની તપાસ આપણે કરી. હવે માનસિક કારણો આવતા લેખમાં વિચારીશું. કારણોનો નાશ પરિણામનો નાશ નિપજાવે જ છે તે ફરીથી યાદ આપું છું.

હરભાઇ

જાતીય વિકૃતિ ઉપરના પહેલા લેખના પરિણામે કેટલાક જુવાન મિત્રો તરફથી મારા ઉપર પત્રો આવવા લાગ્યા છે. તેવા મિત્રોને મારી સલાહ છે કે તેમણે ગોળગોળ વાતો લખવાને બદલે બધી વાતો તદ્દન સ્પષ્ટ સ્વરૂપમાં લખવી. પોતાની અંગત મુશ્કેલીઓના કારણે તેમને જે કાંઇ પ્રશ્નો પુછવાના ઉભા થાય તે પ્રશ્નો પોતાના અંગત જીવનના દૃષ્ટાંતો આપીને પુછવા. આમ કરવાથી પુછનાર ભાઇનો પ્રશ્ન હું બરાબર સમજી શકીશ, અને તો જ તેનો સાચો અને માર્ગદર્શક ઉત્તર આપી શકીશ. દરેક મિત્રનો પત્રવ્યવહાર ખાનગી જ રહેશે તેની તેણે ખાતરી રાખવી. જેમના પ્રશ્નનો તાત્કાલિક ઉત્તર 'કુમાર' મારફતે આપી શકાય તેવો હશે તેમને પત્રથી જવાબ ન આપું તો મને માફ કરે. **હ.**


મોટર હાંકનાર—લે આ આઠ આના. તારૂં મુરઘીનું બચ્ચું મોટરમાં કચરાયું તેની એટલી કીમત કાંઈ ઓછી નથી.

મુરઘીવાળો—રૂપિયો આપો સાહેબ; કેમકે એનો એક જોડિયો ભાઈ છે તેનું એ બહુ હળેલું હતું: એટલે એના મરણના ઘાથી એ પણ કદાચ મરી જશે.

આ યુગના કીમિયાગરો

આ યુગના કીમિયાગરો લાકડાના વેરમાંથી ખોરાક ઉપજાવે છે, વટાણાનાં ફોતરાંમાંથી લેમોનેડ કરી દે છે, કેળના રેસા અને કોલસામાંથી રૂ બનાવે છે. વિવિધ ચમત્કારો અને સિદ્ધિઓ ધરાવતા આજની દુનિયાના આ અજબ વિજ્ઞાનીઓ આવતી કાલે શું શું નહિ કરી શકે તે કહેવાય નહિ. તેમની અવનવી જાદુગરી આપણી નજર સામે રોજ બન્યે જ જાય છે.

જુના જમાનાના કીમિયાગરોની વાતો કરતાં પણ વધી જાય એવાં પરાક્રમો અત્યારે વિજ્ઞાનશાસ્ત્રીઓ કરતા જાય છે અને યોગીઓ, સિદ્ધો કે જાદુગરો સામાન્ય માણસો ઉપર જે સત્તા ભોગવતા એટલી જ સત્તા આજની જનતામાં વૈજ્ઞાનિકો ભોગવે છે એ અહીં આપેલી વાતોથી જણાશે.



આ યુગનો રસાયણી કીમિયાગર કોલસામાંથી આટઆટલા વિવિધ પદાર્થો ઉત્પન્ન કરે છે.

ભઠ્ઠીઓ અને એન્જિનો માટે વપરાતો કોલસો હજારો વર્ષોની ક્રિયાઓથી જમીનના તળમાં તૈયાર થાય છે. પણ હવે એ જ કોલસો જર્મનીના ડૉ. ફ્રેડ્રીશ બરજીઅસે ૨૪ કલાકમાં વિજ્ઞાનીઓની સભા આગળ અમેરિકામાં તૈયાર કરી દેખાડ્યો. કુદરતને જે ચીજ બનાવતાં સૈકાઓ થાય છે તે તેણે જ્ઞાનબળે રાતોરાત કરી બતાવી કુદરતને પડકાર આપ્યો છે અને કોલસાના દુકાળનો ભય ભવિષ્યની પ્રજા માટે ઉડાવી દીધો છે.

થોડા વખત પહેલાં જ તેણે પિટ્સબર્ગની કાર્નેગી વિજ્ઞાનશાળામાં મળેલી સભા સમક્ષ જુદાજુદા રેસા અને વનસ્પતિમાંથી કાઢેલું ૧૧ રતલ સેલુલોસ, પાણીમાં પુરેપુરૂં ભેળવીને એરટાઇટ વાસણમાં મુક્યું. પછી તેને ૬૪૦ ડિગ્રી ગરમી આપી, ૨૪ કલાક સુધી બંધ રાખીને પકાવા દીધું અને વાસણમાં ભેગો થએલો ગૅસ નીકળી જવા દીધો. પછી બાકી રહેલા પ્રવાહીને ઠરવા દીધો, તો પરિણામે પુરા અગિયાર રતલનો કોલસો રજુ થયો!

જર્મનીમાં જ્યારે બાળવાનાં તેલોનો દુકાળ પડ્યો ત્યારે તે ધંધામાં આ વિજ્ઞાનીઓએ કેવી મદદ કરી? બધા રસાયણીઓ કામે લાગી ગયા અને અનેક રીતે કોલસામાથી તેલ કાઢ્યાં. લડાઇમાં તેના સિપાઇઓએ જેટલું અજબ કામ કર્યું તેટલું જ વિજ્ઞાનીઓએ તેમની વિદ્યામાં કરી બતાવ્યું. લડાઇનાં વહાણોએ જ્યારે જર્મનીને ચોમેરથી ઘેર્યું અને ચિલીથી આવતો નાઇટ્રેટ પદાર્થ (જેમાંથી ઍમોનિયા મળે) મળવો બંધ થયો ત્યારે જર્મન કીમિયાગરોએ ઉપરની હવામાથી કૃત્રિમ ઍમોનિયા ઉતાર્યો અને કામ ચલાવ્યું. પણ બાળવાનાં

તેલોની શોધ કોલસામાંથી કરી તે તો એમણે દુનિયા પર એક આશીર્વાદ ઉતાર્યો છે. બાળવાનાં તેલો ઉપર જગતનો હાલનો વ્યવહાર વધી પડ્યો છે; અને જો એ તેલો ખુટી પડે તો બીજો કોઈ ઇલાજ ન રહે; એટલે કે ભવિષ્યની લડાઈ આવાં તેલો વાળાં મથકો હાથ કરવા માટે જ થાય. પણ આ વિદ્વાનોએ તો તેમની શોધથી લડાઇનું એ કારણ તો તેમની લેબોરેટરીમાં જ ખતમ કરી દીધું છે. બર્લિનના એક બીજા કીમિયાગરે કોલસાને જ તેલના રૂપમાં ફેરવીને વાપરી શકાય એવી શોધ કરી છે તેથી વજન, કચરો અને ધુમાડો કેટલાં કમી થઇ જશે ?

કોલસામાંથી તેલ તો થયું, પણ રબર બનાવનારા પણ નીકળ્યા છે. જર્મનીનો એક ડૉ. ફ્રિઝ હૉફમૅન કહે છે કે કોલસામાંથી રબર બન્યું છે તે હાલ મોંઘુ પડે છે; પણ જરા વધારે પ્રયોગો પછી તે પર ધંધો ચલાવી શકાશે અને દુનિયાના કોઇ પણ ભાગમાં રબરનાં કારખાનાં કરી શકાશે.

કોલસામાંથી તેલ, તેમ તેલના કચરાનો પણ પાછો કોલસો થાય છે. શાકપાંદડાંમાંથી પણ કોલસો અને રબ્બર થાય છે. તે ઉપરાંત પાણીમાંથી, બાળી શકાય એવો વાયુ નીકળી શકે છે. કોલસામાંથી આલ્કૉહૉલ સાબુ અને કેટલીક ચરબી પણ મેળવી શકાય છે.

રસાયણશાસ્ત્રીઓની બુદ્ધિએ આજ સુધી સંપૂર્ણતાએ પહોંચાડેલા બીજા ઉદ્યોગો પણ ભુલી જવાય એમ નથી. કુદરતી કોલસામાંથી છુટા પાડેલા, મેઘધનુષ્યને પણ ભુલાવે એવા રંગોના ઉદ્યોગો, ફુલોને પણ વીસરાવે તેવી સુગંધીઓ, અને તે પછી વધેલા કચરાનો કોક (જે કોલસા કરતાં વધારે સારો બળે છે) તેમાંથી દુનિયા કેટકેટલો ફાયદો અને મોજ ઉઠાવી રહી છે ? કાળામેશ કોલસામાં છુપાઇ રહેલાં આ સુગંધી દ્રવ્ય તથા રંગસામગ્રી ઉપરાંત તેમાંથી ખેતરમાં નાખવાનું જોરદાર ખાતર પણ ખુબ પ્રમાણમાં મળે છે.

બે જર્મન રસાયણીઓએ હીમતથી જાહેર કર્યું છે કે તેઓ વર્ષોની નિષ્ફળતાઓ વેઠીને આખરે લાકડામાંથી ભોજનના પદાર્થો બનાવી શકયા છે અને લાકડાના વેરમાંથી સાકર બનાવી શકયા છે. ફ્રાન્સમાંથી એક બીજી આશ્ચર્યકારક શોધ બહાર આવી છે. તે શોધ વડે, એ દેશની રમણીઓના કંઠ અને હાથને શોભા આપવા સારૂ કોલસામાંથી હીરા બનાવાય છે !

આવી અનેક હેરતભરી કરામતો આપતો છતાં આ યુગનો કીમિયાગર પૂર્વકાળના જાદુગરની જેમ દુનિયા આગળ ડોળ કરતો નથી; ભેદી પડદા કરી તેના જાતબંધુઓને ભોળવતો નથી;—બલ્કે કુદરતમાં ચોપાસ રહેલી અદૃશ્ય શક્તિઓ વિષે જ્ઞાન આપી, તે હાથ કરી, વધુ સુખશાંતિ આપવા યત્ન કરી રહ્યો હોય છે. ખરૂં જુઓ તો, યુગ એવો આવ્યો છે કે રસાયણીઓ જ આપણને ખાદ્યો, વસ્ત્રો અને બીજા અનેક જીવન-ઉપયોગી પદાર્થો પુરા પાડે છે. ઘરમાં પ્રકાશ અને ગરમી તેઓ જ પહોંચાડે છે; પ્રવાસ અને ગતિનાં વાહનો માટે તેલો પણ તેઓ જ આપે છે.

ઊન અને રૂનાં વસ્ત્રોને બદલે ઍલ્યુમિનિયમના તાકા વસ્ત્રો માટે મળી શકવાના ખબર જર્મનીમાંથી બહાર પડી ચુકયા છે !

અમેરિકન કેમીકલ સોસાએટીના ડૉ. વૉરને જાહેર કર્યું છે કે વટાણાનાં અને ઘઉંનાં છોતરાંમાંથી લેમોનેડ જેવું પીણું મળી શકશે. તેની સંપૂર્ણતા માટે માત્ર તેનું નામ શું પાડવું તેનો જ વિચાર બાકી રહ્યો છે. રસાયણની ભાષામાં તેનું નામ 'ઝીલોટ્રીહાઇડ્રૉક્સીગ્લ્યુટારિક એસીડ' છે. પણ પીનારાએ નામની શી પરવા કરવી !

આખી પૃથ્વી ઉપરના હાલના રસાયણીઓ નકામા જતા પદાર્થો અને કચરા માણસોને લાભદાયક શી રીતે કરી શકાય તે માટે મથી રહ્યા છે. આ બધા હાલની વિદ્યાના કીમિયાગરો જ છે. ફિલિપાઇનનો એક બાસીંગાઓ નામે રસાયણી છે તેણે કેળાના ફેંકી દેવામાં આવતા રેસામાંથી કાપડના તાર કાઢવાની શોધ કરી છે. તે રીતમાં મર્સીરાઇઝ કરવાની પેઠે જ રેસાનું સેલુલોસ કાઢી નાખી તેને ધોળા રેશમ જેવા બનાવી, વણકાંત્યા પાધરા વણાટમાં જ લેવાય છે.

અમેરિકાના પશ્ચિમ પ્રાંતમાંના કેટલાક ભાગમાં ઝાડ કે જંગલ નથી, માત્ર ઘાસ ઉગે છે. તે ઘાસમાંથી એવાં તો મજબુત પાટિયાં બને છે કે તે ઇમારતી કામમાં લઇ શકાય છે ! ઘાસનાં લાંબાં તરણાંને ચીકાશથી મજબુત બનાવી સંગઠી લેવાયાં હોય છે.

પિટ્સબર્ગ પાસેની ખાણોની લેબોરેટરીમાં હમણાં જ એક ટન કોલસામાંથી ત્રણ ગૅલન મીણ કાઢ્યું હતું. પહેલાં તો એ કોલસામાંથી ૩૨ ગૅલન ડામર છુટો

પાડ્યો; પછી તે ડામર પર પ્રયોગ કરી કરી તેમાંથી અગિયાર ટકા મીણ ઉતાર્યું. રસાયણીઓ કહે છે કે એ મીણ, બત્તીઓના ઉપયોગ માટે કોઇ રીતે ઉતરતું નથી; અને વળી તે ડામરમાંથી બહુ થોડા યત્ને મળી રહે છે.

બ્રિટિશ ગાયેનામાંના એક નાના પંખીએ શોધકોને રૂ જેવો પદાર્થ નજરે પાડ્યો. તે તેના માળામાં ક્યાંકથી રૂ જેવો પદાર્થ લાવી લાવીને પુરતું હતું. તપાસ કરતાં જણાયું કે તે રૂ નહિ પણ તેને મળતા કોઇ બીજા છોડ પરથી પક્ષી પીંખી લાવતું હતું. શોધકોએ બી અને મુળ સાથે તે છોડ ઇંગ્લંડ આણ્યો. આટલી આ વાત આઠ વર્ષ પહેલાંની છે તે પછી હમણાં, ઇગ્લંડના ઇસેક્સ અને સસેક્સ પ્રાંતો કે જ્યાં કોઇપણ જાતની વનસ્પતિ ઉગવાનો સંભવ નહોતો તેની ભૂમિ ઉપરથી, તે છોડ પરથી ત્રણથી ચાર લાખ મિલિયન (એક મિલિયન=દસ લાખ) રતલ જેટલો નકલી કપાસ ઉતરે છે. જમીન તો ખપમાં લાગી એટલું જ નહિ, પણ જે નકલી કપાસ ઉતરે છે તે અસલી કપાસ જેવો જ ગુણવાળો છતાં દર રતલે આઠ સેંટ સસ્તો પડે છે!

ચાળીસ ટકા જેટલું લાકડું વેરમાં નકામું જતું જોઇને બે જર્મન રસાયણીઓએ તેમાંથી પશુઓને ખવડાવી શકાય એવું ખાણું બનાવ્યું છે. વેરમાંથી પાટિયાં બનતાં તે તો જુની વાત છે, પણ તે ખોરાકીમાં ચાલશે એવો તો કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

હાલના આ કીમિયાગરોના ભેજામાંથી વળી નવી શોધ નીકળી છે. દરિયા પર ઉગતા એક છોડમાંથી સુવર્ણ મળી શકે એમ છે; જોકે અનેક પ્રયોગો પછી જ. પાસિફિક કિનારા પર એ ઉદ્યોગની સ્થાપના પણ થઈ ગઇ છે. પહેલાં સાવ નકામો ગણાતો એ દરિયાઇછોડ આજ ઉંચો ગુંદર અને લાહી આપી શકે છે. રંગવામાં અને કાપડને આર દેવામાં તે બીજી ચીજો કરતાં ચડી જાય એવો છે, અને પેલા કીમિયાગરો કહે છે કે થોડા સમય પછી આપણા ખોરાકમાં પણ તેનો ઉપયોગ થવા માંડશે.

આમ ચારે કોર પ્રયોગશાળાઓમાં, કચરાના ટોપલામાં પડતી વસ્તુઓને લાભદાયક રૂપ આપવા રસસિદ્ધો મચી રહ્યા છે. એમ છતાં દુનિયામાં કચરાનો ગંજ વધતો જ જાય છે. કચરાનું કંઇ બનાવવું અઘરૂં હોય તે કરતાં એ કચરો કારખાને પહોંચાડવાનો ને તૈયાર થએલો માલ યોગ્ય બજારમાં મોકલવાનો મોટો પ્રશ્ન છે. બનાવેલા માલ માટે યોગ્ય બજાર અને યોગ્ય નફો મળવાનો ન હોય તો તે પર પ્રયોગનો ખર્ચ અને સમય બગાડવાં જરૂરનાં નથી જ. દાખલા તરીકે જે દેશમાં લાકડું મળતું ન હોય અને દૂરથી મોટા ખર્ચે લાવવું પડતું હોય ત્યાં જ ઘાસમાંથી પાટિયાં બનાવવાનું પોસાય. એવાં બનાવટી પાટિયાંને દૂર દેશની બજારોમાં મોકલી વેચવાનો ધંધો કોઇ કરે તો ખોટ જ આવે. ભલે પછી તે કુદરતી પાટિયાને મળતું હોય, તોપણ જ્યાં કુદરતી તૈયાર બીમ મળે ત્યાં તે ઉભું ન જ રહી શકે.

રસાયણીઓ વ્યાપારી દૃષ્ટિથી કામ કરી શકે નહિ. વ્યાપાર થઇ શકે કે નહિ તેનો વિચાર કર્યા વિના મનુષ્યોને ઉપયોગી થાય એવી શોધો પાછળ જ તેઓ લાગ્યા રહે છે. ધંધો અને વિજ્ઞાન એ બંનેનો પરસ્પર સહકાર એ જ આદર્શ સ્થિતિ છે; અને તે આવવા લાગી છે. દિનપ્રતિદિન વેપાર અને વિજ્ઞાનનો સંબંધ ગાઢો બનતો જાય છે જ. પ્રયોગશાળાનાં અજબ સ્વપ્નાંઓ આપણાં ઘર સુધી પહોંચાડનાર અદૃશ્ય માર્ગે નજીક આવતો જ જાય છે.

ઉગતી પ્રજા

ગુજરાત—કાઠિયાવાડના થીઓસોફિકલ યુવકસંઘે ગુજરાતની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં સારો ફાળો આપ્યો છે. દરેક ગામનો થીઓસોફિક યુવકસંઘ બીજા ગામો સાથે ચાલુ વ્યવહાર અને ઘાડો સંબંધ કેળવવા દર વર્ષે એક ફેડરેશન (ભ્રાતૃસંમેલન) ભરે છે. એવું ગયું ફેડરેશન વડોદરા મુકામે ગયા એપ્રિલ માસની ૧૬-૧૭ તારીખોમાં થયું હતું. આ સંઘના સભ્યો કળા, સાહિત્ય, શિક્ષણ, જનસેવા અને આધ્યાત્મિક અભ્યાસનાં ક્ષેત્રોમાં પોતાનો વિકાસ કરવાનો આદર્શ ધરાવે છે. થીઓસોફિકલ મંડળના આશ્રયે આ સંઘો સ્થપાએલા હોવા છતાં તેના સભ્યો દરેક પ્રસંગે તેવો આંતરો રાખ્યા વિના નગરની કે દેશની સેવામાં હૃદયપૂર્વક ભાગ લેતા થયા છે એ બહુ પ્રશંસનીય છે. મંડળો માત્ર વિકાસ અને સેવાનાં સાધન હોય, ન કે મનુષ્યને તેના સમુદાયથી જુદો પાડનાર વાતડું ટોળું. ગુજરાતના યુવાનો એવી ટોળી ભાવનાથી મુક્ત રહો!

[ગુ. કા. થી. યુવકસંઘના મંત્રી પોપટલાલ ચુનીલાલ પટેલનું સરનામું "પારસી ધર્મશાળા પાસે બીલીમોરા" છે. રસ હોય તેમણે વધુ વિગત માટે એમની સાથે પત્રવ્યવહાર કરવો.]

ગિરેજાળ ચિતુ



હવે અમે ઝપાટાભેર દંતામ તરફ મારી મુક્યાં. રસ્તો પણ હવે જાણીતો આવતો હતો અને હવા પણ હૂંફાળી બનતી જતી હતી. ઉપરના

અનુસંધાન પૃ. ૨૨૯ થી

ભાગમાં જણાતા શરદઋતુના રમણીય ચમકાર અહીં ન હતા. જાદુગરી શરદના સ્પર્શે પાકાંને તામ્રવર્ણાં અને સોનારંગી થએલાં ઝાડપાનની ત્યાંના જેવી મનોહર રંગાવલિ અહીં નહોતી. અહીં હજી ઝાડ પર ચેરીફળ લટકતાં હતાં, હવા ભેજવાળી હતી, ઝાડનાં થડો પર લીલના જાડા થર બાઝેલા હતા અને તે પર હવાની ઝપટે ઉડીઉડીને જામેલી પુષ્પની પરાગરજ તેમાં કેસરરંગી ભાત પાડી રહી હતી. ઉકળાટભર્યા સૂર્યના તાપમાં જાણે પરસેવે રેબઝેબ થયાં હોય એવાં સફેદ ધતુરાનાં ફુલો ઝાકળબિંદુઓ વડે શોભતાં હતાં.

ઝાડ ઉંચાં ને ઉંચાં, ભયાનક લાગે તેવાં, આવતાં ગયાં. આકાશને વીંધતા મિનારા ઉભા કર્યા હોય એવા વાંસ સસડાટ કરતા ઉંચા ઉગ્યા હતા. અજગર જેવા જાડા સર્પો અમારા માર્ગ રૂંધતા આવવા લાગ્યા. તમરાંના અવાજ ધીમેધીમે એટલા વધતા ગયા કે તેના ત્રાસથી અમારા કાન બહેર મારી ગયા. ચોમેરનાં વૃક્ષઝુંડો પર નીલકંઠનાં ટોળેટોળાં કિલકિલાટ મચાવી રહ્યાં હતાં. જાણે કુદરતદેવી મુઠ્ઠા ભરીભરીને સૂર્ય સામે લીલોતરીનો અર્ધ્ય ફેંકતી હોય એવાં લાગતાં પોપટનાં ટોળેટોળાં વારંવાર ઉડી આવીને આકાશના પટમાં અદશ્ય થતાં હતાં.

જીવજંતુનો પણ કાંઇ પાર ન હતો. આંખોને ચકળવકળ કરી મુકે એવાં રંગબેરંગી પતંગિયાં હવાને ભરી મુકી અહીંતહીં ફરફરતાં હતાં. હથેળી જેવ-જેવડાં કાળાં મખમલરંગી પતંગિયાંનાં ટોળેટોળાં ફુલો પર ભમતાં હતાં, અને ગણગણાટ મચાવી મુકતી માખીઓનો શિકાર કરતાં અસંખ્ય નાનકડાં પક્ષીઓ ચોમેર ઉડતાં હતાં. જમીન પરની લીલોતરીમાં ચાલતાં, કેટલાં યે ચિત્રવિચિત્ર જીવડાં અમને ડંખ્યાં હતાં એની ચેળ તથા વેદનાથી સુજેલા પગને પંપાળતા અમે આગળ ધપતા હતા.

સાથે ધોંડકાકા ન હોત તો તો અમારૂં આવી જ બન્યું હતું. ઓચિંતા અમને તે ચાલતાં ચાલતાં ઝડપીને અટકાવી દે; જોઇએ તો ત્રણ જ ડગલાં દૂર ઝેરી સર્પ ચાલ્યો જતો હોય! વચમાં વચમાં, વહેમ પડે તો, ભોંયે કાન માંડી સાંભળે અને થોડી વાર રહી કહે જંગલી ભેંસોનું ટોળું આવતું સંભળાય છે. અને થોડી જ વારમાં એની જોરાવર ખરીઓના અવાજ નીચે ધરતી ધમધમી રહેલી અમે સાંભળીએ. ઝાડની ઘટામાં સંતાઇ રહી તેમને પસાર થવા દઇએ ને વળી આગળ વધીએ. આમ અકળાતા મુંઝાતા, દડમજલ કરતા અમે આખરે સિક્કીમની સરહદે આવી પહોંચ્યા. ત્યાંનું સૌંદર્ય અનોખું જ હતું. નીચેની ખીણમાં, પાકતી આવતી બાજરીના સુવર્ણરંગી મોલ લચી રહ્યા હતા.; લીલાં મોસંબી અને સોનારંગી કેળાંથી લચી પડેલાં વૃક્ષ ઓસે ચડયાં હતાં અને એ બધાંની પાછળ, હરિયાળી પથરાએલી ટેકરીઓ જાંબલી ફુલોની ભાત ધારી દળી રહી હતી.

અમે વણઝારની કેડીએ ચડી ગયા હતા. ભાદરવાનો ધોમધખતા તાપમાં કેડીની ધગી રહેલી ધુળમાંથી જાણે વરાળ નીકળતી હોય તેમ લૂનાં ઝાંઝવાં વળતાં હતાં. અમે ઝડપભેર ચાલ્યા જતા હતા એ-વામાં એકાએક વિજળીના ઝબકારાની જેમ, નાનકડા મોર જેવાં હિમાલયી હુડહુડ–કાગડા અથવા 'હોકા' પક્ષી (ફીઝન્ટ)નું એક મોટું ટોળું ફફડાટ કરતું અમારા પગ આગળથી ઉડી નીકળ્યું. મોરનાં ધનુરંગી પીછાં જેવાં એમનાં પિચ્છ સૂર્યના તેજસ્વી પ્રકાશમાં સોહાતાં હતાં. બીજી જ પળે એક બીજું ટોળું અમારા માર્ગમાંથી ઉડી નીકળ્યું. તેનાં પીછાં મટોડી રંગનાં હતાં.

ધોંડને પુછતાં તેમણે જણાવ્યું 'રસ્તે કોઇ વણઝાર

અનાજના થેલા લઇને પસાર થઇ લાગે છે. તેમાંનો એકાદ થેલો કાણો હશે ને રસ્તામાં દાણા વેરાઇ ગયા હશે તે ચણવા આ પક્ષીઓ ત્યાં બેઠેલાં.'

'પણ એમાં નર ને માદાનાં પીછાંનાં રંગમાં ફેર કેમ? પ્રભુએ બધે શું નરને જ રૂપાળો બનાવ્યો છે? આ પક્ષીમાં પણ નરની પાંખો ને પુંછડીનાં પીછાં સુંદર અને ધનુરંગી ને માદાનાં ધુળિયાં! આ પક્ષપાતનું કાંઇ કારણ?'

'કહેવાય છે કે' ધોંડે ખુલાસો કર્યો, 'કુદરતે એકએક પક્ષીને તેના શિકારીઓથી બરોબર બચાવ કરી શકાય તેવો જ રંગ આપેલો છે. તમને એમ લાગે છે ને, કે આ પક્ષીનો રંગ તો એવો ભભકભર્યો છે કે આંધળો પણ તેને ઓળખી શકે; ખરૂં?'

'હા.' રાજુએ કહ્યું.

'તો તમારી ભુલ છે.' ધોંડે તરત કહ્યું; 'ખરી વાત એમ છે કે એ પક્ષી મોટે ભાગે ઝાડ ઉપર જ રહે છે; અને સૂર્ય બરોબર તપે નહિ ત્યાં સુધી નીચે ઉતરતું નથી. અહીં તાપ એટલો સખત પડે છે કે જમીનથી બે તસુ ઉંચેની હવા ધગધગતી લૂથી રંગ-બેરંગી જવાળાઓની પેઠે ઝળકારા મારતી હોય છે. બરાબર એ જવાળાઓના જેવો જ રંગ કુદરતે આ પક્ષીને આપેલો છે. એ ધગધગતી લૂના ઝળકારામાં તે એવાં તો ભળી જાય છે કે એ જમીન પર બેઠાં હોય છતાં આપણી નજરે ન ચડે. હમણાં જ ન જોયું? આપણાં પગમાં થઇને એ ઉડ્યાં ત્યારે જ આપણને ખબર પડી; ત્યાં સુધી માર્ગમાં એ આખું ટોળું બેઠું હતું, પણ ભળાતું જ નહોતું.'

'એ તો સમજ્યા જાણે; પણ ત્યારે આ માદાઓ ધુળિયા રંગની કેમ? અને તે પણ નરની સાથે જ કાં ન ઉડી નીકળી?' રાજુએ બીજો સવાલ ઉઠાવ્યો.

એનો પણ ધોંડકાકાએ ખુલાસો કર્યો: 'કોઇ શિકારી એ પક્ષીના ટોળા પર તલપ કરે છે ત્યારે નર હમેશાં ઉડીને સાગો થાય છે; જ્યારે માદા, બચ્ચાંને રક્ષણમાં લેવા પાંખો પહોળી કરી જમીન પર લપાઇ રહે છે, અને તેનો રંગ ધુળિયો હોવાથી જમીન સાથે તે એવી આબાદ ભળી જાય છે કે સામાન્ય શિકારીની નજરે તે ચડતી નથી. આમ શિકારી જેવો નરની પાછળ પડે છે તેવી જ માદાઓ બચ્ચાંને લઇ પાસેની ઝાડીમાં સંતાઇ જાય છે. બચ્ચાં હોય કે ન હોય, પણ બચ્ચાંના જતન માટે પાંખો પસારવાની તેમને નૈસર્ગિક પ્રેરણાથી ટેવ પડી ગઇ હોય છે. તમારી બંનેની નજર નહોતી; પણ આપણે આવ્યા ત્યારે માદાઓ પાંખો પસારીને જમીન પર બેઠેલી જ હતી. પરંતુ પછી જ્યારે તેમને ભાન થયું કે બચ્ચાં તો છે નહિ, અને આ લોકો તો આગળ ધપ્યા જ આવે છે એટલે અંતે તે પણ ઉડી નીકળી. જોકે તેની પાંખો નર જેટલી મોટી ને મજબુત ન હોવાને કારણે તેઓ ઝાઝુ ઉડી નથી શકતી.'

સંધ્યાનું ઝાંખુ તેજ ઓસરવા લાગ્યું અને અમે થોડે દૂર પહોંચી એક સિકીમી અમીરના મકાનમાં રાતવાસો રહ્યા. એના પુત્ર સાથે અમારે મિત્રાચારી બંધાઇ હતી. અહીં અમને ચિત્તુની વધુ ભાળ મળી. અહીં તો એ અમારી સાથે અગાઉ ઘણી વાર આવી ગએલો, એટલે લામાસરાઇથી પાછા વળતાં રસ્તે આ સ્થળ આવતાં તે અહીં અટકેલો. થોડી બાજરી ચણી, પાણી પી, કુંડીમાં નાહીને પર પણ સમારેલાં. ખુલ્લા આસમાની રંગનાં એનાં બે પીછાં અહીં ખરી પડેલાં તે મારા મિત્રને ગમી જવાથી એણે સાચવી રાખ્યાં હતાં. એ જોતાં જ મારૂં હૈયું આનંદથી થડકી ઉઠ્યું, ને તે રાત્રે મને બહુ નીરાંતની ઉંઘ આવી.

અને એ ઉંઘ મળી તે સારૂં થયું, કેમકે બીજે જ દહાડે અમારે આખી રાત મધજંગલમાં ગાળવાની હતી એમ ધોંડકાકાએ અમને અગાઉથી ચેતવી રાખ્યા હતા. દિવસ આખો હિમાલય જેવાની ખીણોમાં મજલ કરીકરીને કાઢ્યા પછી રાત એક ઘોર જંગલમાં વડના ઝાડની ટગલી ડાળે ટુંટિયાં વાળીને વીતાડવી કેવી કપરી લાગે એની કલ્પના તમે કરી લેજો. અરધો પોણો કલાક તો અમને એવું મોટું જબરદસ્ત વડનું ઝાડ શોધતાં થયો; કેમકે આ પ્રદેશમાં વડનાં ઝાડ બહુ થતાં નથી, અને બહુ મજબુત વડ ન શોધીએ તો અહીંના હાથી સામાન્ય ઝાડને તો જોતજોતાંમાં જમીન-દોસ્ત કરી નાખે. જંગલી હાથીની ઝાડ પાડવાની રીત તમે નહિ જાણતા હો. શિકારની ગંધ જે ઝાડ પરથી આવે તેની સામે પાછે પગે ધસીધસીને પોતાની પુંઠના એવા તો જબ્બર હલ્લાએ લગાવે કે ભલભલાં ઝાડનો ખુરદો કરી નાખે. એટલે જ અમારે, હાથીની

સુંઢ ન પહોંચી શકે એટલો ઉંચો, અને જાડા થડ વાળો ચીકણો વડ શોધવો પડ્યો.

રાજુ ધોંડકાકાના ખભા પર ચડી ગયો; ને હું રાજુને ખભે થઇ ઉંચી ડાળે પહોંચ્યો. જંગલની સફરમાં અમે દોરડાની નીસરણી સાથે રાખતા જ. મેં તે ઉપરની મજબુત ડાળે બાંધી નીચે ઉતારી. રાજુ અને ધોંડકાકા ઉપર ચડી આવી બેઠક જમાવી માંડ બેઠા હશે ત્યાં તો, નીચે, જ્યાં અમે ઉભા હતા ત્યાં, અંગાર જેવી બે આંખો તગતગતી જણાઇ. તે કોણ હતું એ અમે બરોબર પામી ગયા. ધોંડકાકા અમારા કાનમાં ગણગણ્યા: 'મને જો નીચે એ જ મિનિટની વાર લાગી હોત તો એ ચટાપટાળા ભાઇબંધે મારો નાસ્તો કરી નાખ્યો હોત!'

પોતાનો શિકાર આમ હાથથી ગએલો જોઇ વાઘે નિષ્ફળતામાં ક્રોધભરી ત્રાડ નાખી. અંધારા જંગલનું કાળજું જાણે ચીરાઇ ગયું હોય એમ સર્વત્ર ભયાનક શાંતિ પ્રસરી રહી, અને એ શાંતિએ જમીન સોંસરી ઉતરીને ઝાડનાં મુળને પણ જાણે નિઃશબ્દતાથી જકડી લીધાં હોય એવો ભીષણ સન્નાટો છાઇ ગયો.

અમે વડની ડાળ પરની અમારી બેઠક જરા વધારે ચોકસાઇથી જમાવી. ધોંડકાકાએ પેલી દોરડાંની નીસરણીનો એક છેડો પોતાની કેડે મજબુત કસી લીધો, અને પછી તેનો બાકીનો ભાગ મારી અને રાજુની કમ્મર આસપાસ વીંટીને બીજો છેડો ઝાડના થડ જોડે ખચખચાવીને બાંધી દીધો. પછી અમે ત્રણેએ વારાફરતી તે પર અમારાં શરીર તોળી જોઇને તેને અજમાવી જોયું. જરા પણ ચસ દે એમ ન હતું. આ સાવચેતી લેવી બહુ જરૂરી હતી, કેમકે ઉંઘ જેવી વેરણ કોઇ નથી. રાત્રે ભુલમાં પણ એકને ઝોકું આવી જાય ને નીચે ગોથું ખાઇ જાય તો મારી પાડે! આટલું કરીને ધોંડકાકાએ પોતાના હાથ પસારીને એવી રીતે ગોઠવ્યા કે મારે ને રાજુને માટે, ઝોકું આવે ત્યારે એકેક ઓશીકું બની રહે.

આમ ચોકસાઇપૂર્વક બધી ગોઠવણ કરી લઇને પછી અમે નીરાંતે નીચેની લીલા નિરખવા માંડી. વાઘજીભાઇ તો પસાર થઇ ગયા હતા અને નીચેનાં તમરાં, જીવડાં અને નાનાં પ્રાણીઓએ પોતાના ચિત્રવિચિત્ર અવાજોનું સંગીત શરૂ કરી દીધું હતું. કોઇ કોઇવાર દૂરના ઝાડ પરથી કોઇ પ્રાણીના નીચે કુદવાના અવાજથી એ સંગીત વચ્ચેવચ્ચે અટકી જતું. ચિત્તા અને દીપડા અહીં ઘણુંખરૂં દિવસના ભાગમાં ઝાડ પર ઉંઘતા પડી રહે છે ને અંધારૂં થતાં શિકારની શોધમાં નીચે કુદી આવે છે, તેમના એ અવાજ હતા. એ ચાલ્યા જતા કે વળી પાછાં દેડકાંનાં ડ્રાઉં ડ્રાઉં, ઘુવડની ચીસો ને તમરાંના અવાજ શરૂ થતા. કોઇ પાસાવાળો હીરો પ્રકાશમાં મુકતાં જેમ તેની અનેક બાજુઓ જુદીજુદી ઝળહળી રહે, તેમ આ અવાજોમાંથી અનેક પ્રકારની સુરાવટ નીકળતી.

એવામાં એક ભુંડ ધમપછાડ કરતો ને પોતાના માર્ગમાં જે આવે તેનું કચ્ચરઘાણ વાળતો નીકળ્યો. બધે ફરીથી સન્નાટો ફેલાઇ ગયો. એ જ પળે, અમને થોડે દૂરથી જંગલની ભોં પર એક ધીમો સુસવાટ આવતો સંભળાયો. જમીન પર ઉગેલા ઝાડપાલામાં તથા ઘાસમાં માર્ગ કરતા આવતા એ જનાવરનો સરસરાટ જેમજેમ નજીક આવતો ગયો તેમતેમ અમારા જીવ ઉંચા થવા લાગ્યા. કોઇ ધમણમાંથી નીકળતા નિશ્વાસ જેવો એ અવાજ અમારા વડ પાસે આવ્યો . . . અને . . . ધીમે ધીમે આગળ પસાર થઇ ગયો. અમારા જીવ તાળવે ચોંટ્યા હતાઃ ઝાડની છાલ જેવા હોઇએ એમ, અમે શ્વાસ સરખો પણ લીધા વિના, નિર્જીવ જેવા થઇને ઝાડને ચોંટી રહ્યા હતા. એક સનકારો સરખો પણ સંભળાય તો એ ભયંકર અજગર અમારા ત્રણેના રામ રમાડી નાખે એમ હતું. એ આગળ નીકળી ગયો અને અમારા જીવ હેઠે બેઠા.

ત્રણચાર પળ વીતી હશે એવામાં, માણસનાં આંગળાંના ટચાકિયા ફુટતા હોય એવો કંઇક અવાજ સંભળાયો. દૂરની ઝાડીમાં કોઇ સાબરનાં શીંગડાં ભરાઇ ગયાં હશે તે કાઢવા એ મથતું હતું, તેને લંધે તુટતી નાની ડાંખળીઓનો એ અવાજ હતો. પણ એવામાં તો ફરી પાછા ચોમેરના અવાજ ધીમા પડવા લાગ્યા, અને આસ્તે આસ્તે, કોઇ ભયાનક વાતાવરણના ભાર તળે બધું દબાતું હોય એવું સુમસામ થઇ રહ્યું. માત્ર ત્રણ અવાજ સંભળાતા હતાઃ ઉપર ઝાડમાં ફરફરતો પવન, નીચે તણતણી રહેલું એકાદ જીવડું, અને દૂરથી આવતા સાબરના ગુંગળાટના બરાડા. પેલા અજગરે તેને ઝડપ્યું હતું અને તેના શરીરને ભરડો લઇ બીચારાને

ભચડી મારતો હતો.

આ ચિત્રવિચિત્ર લીલાઓ ચાલતી હતી તેમાં ત્રણેક કલાક વીતી ગયા હશે. એટલામાં ચારે તરફ ભારે ધણધણાટ ફેલાઇ ગયો. પચાસેક જંગલી હાથીનું મોટું ટોળું અમારા ઝાડ તરફ ખેલતું કુદતું અને આનંદની મસ્તીમાં ધરતી ધમધમાવતું આવતું હતું. જોતજોતાંમાં અમારા વડ આગળ હાથણીઓના રણકા, માતંગોના ઘુઘવાટ તથા નાનાં બચ્ચાંઓના ચિત્કાર સંભળાવા લાગ્યા. એ અવાજોના શોરથી વાતાવરણ છાઇ રહ્યું. આમ ને આમ ઘણો વખત વહી ગયો હશે. કંટાળાથી મને ઝોકાં આવતાં હતાં. હું કાગાનીંદરમાં પડ્યો.

કેટલો વખત વીત્યો હશે તેનું મને ભાન નહોતું. હું કબુતરની વાણીમાં, જાણે ચિત્તુ જોડે વાતો કરતો હતો; એવામાં કોઇએ મને ધધણાવવાથી હું ઉંઘમાંથી ઝબકી ઉઠ્યો. ઘોંડકાકા મારા કાનમાં હોઠ નાખી બોલતા હતા: ' ચુપ, ચુપ; સાવધ થઇ જા. નીચે જરા જો જેવું છે. બીજા તો રસ્તે પડી ગયા, પણ એક ગાંડો હાથી પાછળ રહી ગયો છે તે તોફાને ચડે એવું લાગે છે; અને આપણે કાંઇ બહુ ઉંચે નથી. સુંઢ ઉંચી કરી જો એ આપણી ગંધ પામી ગયો તો મુઆ પડ્યા.

પાછલી રાત વીતવા આવી હતી અને આછા ભળાભાંખળામાં કાજળના ડુંગર જેવડો પેલો હાથી અમારા ઝાડ નીચે ઉભો ઉભો મસ્તીમાં ઝુલતો હતો. થોડી વારે તે આમથી તેમ એક ઝાડેથી બીજે ઝાડે ભમવા લાગ્યો તથા કુંળી ડાંખળીઓ તોડવા લાગ્યો. શરદઋતુને લીધે કુંળી ડાખળીઓ બહુ ઓછી હતી, અને તે દૂરદૂરથી વીણવા પોતાની સુંઢ લંબાવી લંબાવીને એ ચુંટતો હતો. એવડો જબરો ડુંગર જેવડો એ હતો, કે ઝાડને થડે બે પગ માંડી સુંઢ ઉંચી કરતો તો છેક ટગલી ડાળની ખબર લેતો. આમ તેણે એક પછી એક ઝાડ ખલાસ કરવા માંડ્યાં અને અંતે અમારા વડની પાસેના એક મોટા ઝાડ આગળ આવી પહોંચ્યો. એ ઝાડની પણ કુમળી ડાખળીઓ થોડી પળમાં ખલાસ થવા આવી અને અમારાં હૈયાં ફફડવા લાગ્યાં.

એવામાં તેણે એક નાનકડું કુળું ઝાડ પોતાની સુંઢ વડે નીચું નમાવ્યું અને તેના થડ ઉપર પગ મુકી ભીંસટ દીધી. કડકડાટ કરતું તે જમીનદોસ્ત થયું અને તેના અવાજથી ચોમેરનાં ઝાડ પર બેઠેલાં પક્ષીઓ તથા વાંદરાં ચીચિયારી ને કકળાટ કરતાં ફફડાટ ને કુદાકુદ કરવા લાગ્યાં. પેલા ભાઈસાહેબને તો આ કશાની પરવા પડી ન હતી. એ તો નીરાંતે કુમળી ડાળીઓ પર હાથ મારી નાસ્તો ચલાવી રહ્યા હતા.

અને પછી, એ ભાંગેલા ઝાડના થડ પર પગ મુકી, બે પગ ઉંચા કરી અમારા ઝાડની ડાળીને ટેકવી તેણે સુંઢ લંબાવી. બરોબર અમે બેઠા હતા એ જ ડાળી પર તેની સુંઢ પહોંચી. પહોંચી ને તેણે સીચ નાખી! માણસની ગંધ જંગલી જનાવરો સહન કરી શકતાં નથી. બીજી જ પળે તેને શિકારનું ભાન થયું અને મૃત્યુના ઓળા જેવી સુંઢ તેણે ફરી લંબાવી. સુંઢ બરોબર ઘોંડના મોં આગળ જ આવી!

અજબ જેવી ધીરતા અને સમયસૂચકતા વાપરી, એ જ પળે ઘોંડકાકાએ, બરોબર તેની સુંઢમાં એક જબરી છીંક ખાધી! આ ઓચિંતા અને વિચિત્ર પ્રકારના અવાજના હુમલાથી હાથી ગભરાયો. માણસ આવું ભયાનક પ્રાણી હશે એ તેણે કલ્પ્યું પણ નહિ હોય! બીકથી રણકા નાખતો ને ચીસો પાડતો તે નાઠો. કાળા ભયાનક દૈત્ય જેવો, પોતાના માર્ગમાં જે આવે તેનું જડામૂળ કાઢતો ને સોથ વાળતો તે જંગલમાં અદ્રશ્ય થઇ ગયો.

વળી પાછું પંખીઓના કલાબકોરથી આકાશ છવાઇ ગયું; કકળાટ કરતાં વાંદરાં એક ઝાડથી બીજે ઝાડ કુદવા લાગ્યાં; ડુક્કર અને સાબરોએ ઝાડીઓમાં આમતેમ દોડાદોડી કરી મુકી; અને આ શોર થોડી પળ સુધી અખંડ ચાલુ રહ્યો. પહો ફાટવા આવ્યો હતો.

સવારમાં જ અમને રસ્તામાં એક વણઝાર મળી ગઇ; અને તેનાં ઘોડાં પર બેસી અમે સાંજ પહેલાં તો ઘેર પહોંચી ગયા. ત્રણે જણ થાકીને તદ્દન લોથ થઇ ગયા હતા, પણ દંતામમાં ચિત્તુને પોતાના માળામાં સલામત બેઠેલો જોઇ અમારો બધો થાક પળવારમાં ઉતરી ગયો. પેલા લામાનો શાંત, સ્થિર અવાજ ફરીથી મારા કાનમાં ગુંજી ઉઠ્યો: ' તારૂં કબુતર સલામત છે.'

ખરેખર, ચિત્તુ સલામત હતો.

પણ બીજે દહાડે સવારે જોઉં તો ચિત્તુ પાછો ઉડી ગયો હતો અને સાંજ સુધી રાહ જોયા છતાં પણ તે પાછો આવ્યો નહિ. વળી એને આ શું થઈ આવ્યું તેના ઉચાટ અને ફિકરમાં અમે ચાર દિવસ સુધી

લાગટ રાહ જોઈ, પણ જ્યારે અંતે તે ન જ આવ્યો ત્યારે મેં અને ધોંડકાકાએ ફરી તેની શોધમાં જવાનો નિરધાર કર્યો. આ વખતે અમે સિક્કીમ સુધીનાં બે ટટ્ટુ ભાડે કરી લીધાં. રસ્તે જે ગામડું આવતું ત્યાંથી અમે ચિત્તુની ભાળ મેળવતા જતા. ઘણાખરા ચારેક દહાડા પર એક કબુતર જોયાના સમાચાર આપતા અને કેટલાક તો તેનું આબેહૂબ વર્ણન પણ કરતા. એક શિકારીએ તેને એક લામાસરાઇના છાપરાની પાંખ નીચે એક અબાબિલ (Swift)ની જોડે બેઠેલો જોયાના ખબર આપ્યા; બીજા એક બૌદ્ધ સાધુએ તેને પોતાના મઠ આગળ નદીકાંઠે જંગલી બતકોના માળા આગળ જોયાની વાત કહી. બીજે દહાડે બપોરે અમે જે છેલ્લુ ગામડું પસાર કર્યું ત્યાંથી ભાળ મળી કે અબાબિલના એક ટોળા જોડે તે ત્રણ દહાડા પર ઉડતો દેખાયો હતો.

જેમજેમ આ સમાચાર મળતા ગયા તેમતેમ આશાની દોરીએ ખેંચાતા અમે આગળ ને આગળ વધ્યા અને અંતે સિક્કીમના ઉચ્ચ પ્રદેશ પર આવી પહોંચ્યા. અહીં અમારે રાત્રે ખુલ્લામાં પડાવ નાખવો પડ્યો. અમારી મુસાફરીની આ ત્રીજી રાત હતી, અમારાં ટટ્ટુ તેમ જ અમે બંને અત્યંત થાકી ગયા હતા, એટલે જેવા પડ્યા તેવા જ અમે ઘસઘસાટ ઉંઘી ગયા.

રાત કેટલી વીતી હશે તેની કાંઇ ખબર નહોતી, પણ અચાનક એક જાતના ભારે સન્નાટાથી મારી આંખ ઉઘડી ગઇ. જેમ ખુબ ગરબડ કે અવાજથી ઉંઘ ઉડે છે તેમ ઘણીવાર કોઇ ભયાનક શાંતિનો અત્યંત ભાર વાતાવરણ ઉપર લાગે ત્યારે પણ માણસની આંખ ઉઘડી જાય છે. જોઉં છું તો બંને ટટ્ટુ લાકડા જેવાં સ્થિર થઇને કાન ઉંચા કરી ધ્યાન માંડીને ઉભાં રહ્યાં હતાં. પૂર્વમાં ચંદ્ર ક્ષિતિજ પરથી ઉંચો આવતો હતો તેના પ્રકાશમાં અને અમારા તાપણાના અજવાળામાં મેં ચોમેર નજર નાખી જોઇ. બધું ભયાનક શાંતિના જાદુ તળે અક્કડ લાકડા જેવું લાગતું હતું. જંગલમાં સામાન્ય રીતે જે શાંતિ હોય છે તેમાં ને આ સન્નાટામાં ઘણો ફેર હતો. આજ તો વાતાવરણ કોઇ ગૂઢ તત્ત્વથી ભરેલું ભારેભારે લાગતું હતું. જાણે પૂર્વ દીશાએથી ફુટતા ચંદ્રના મધુરંગી પ્રકાશનો પિછોડો ઓઢી પ્રભુની સવારી વાતાવરણમાંથી પસાર ન થતી હોય !

બે જ પળ પછી મેં ટટ્ટુને કાન ફફડાવીને કાંઇક સાંભળવાનો પ્રયત્ન કરતાં જોયાં. વાતાવરણની ગંભીરતા ઓસરી ગઇ હતી; માત્ર નિઃશબ્દ શાંતિ છવાઇ રહી હતી. કોઇકોઇવાર એકાદ છોડનું ડાખળું કે ઘાસનું રાડું સરખું પણ સળવળતું તે સંભળાતું. ટટ્ટુઓ ઉત્તર દિશા તરફ કાન માંડી રહ્યાં હતાં અને શરીરની રગેરગ જાણે તંગ કરીને ખુબ ઉંડેઉંડેથી આવતો કોઇ અવાજ સાંભળવાને મથતાં હતાં.

અંતે મને પણ કાંઇક સનકારો સંભળાયો. ઉંઘમાંથી ઉઠતું કોઇ છોકરૂં બગાસું ખાય એવો એ અવાજ આવતો હતો. ફરી પાછો થોડી વાર સન્નાટો વ્યાપી ગયો અને તે પછી ઉંડા નિશ્વાસ જેવો અવાજ સંભળાઇને ધીમેધીમે બેસી જવા લાગ્યો;—જેમ કોઈ લીલું પાંદડું શાંત પાણીમાં નાખીએ ને તે હળવે હળવે તળિયે બેસતું જાય તેમ. થોડી જ વારની શાંતિ પછી ક્ષિતિજ પરથી અસંખ્ય પાંખોનો સુસવાટ આવતો સંભળાયો. તરત ટટ્ટુઓએ નીરાંતમાં કાન ફફડાવી પુંછડાં હલાવ્યાં અને મારો જીવ પણ હેઠે બેઠો. જંગલી હંસોનું એક મોટું ટોળું ક્ષિતિજ પરથી ઉડી આવતું હતું તેનો એ અવાજ હતો. જમીનથી ત્રણેક હજાર ફુટ ઉંચે તેઓ હશે; પણ મારા કરતાં પણ ટટ્ટુઓએ તેનો સનકારો વહેલો પકડ્યો હતો.

હંસનું ટોળું ઉડતું જોઇને મેં જાણ્યું કે પહો ફાટવાની તૈયારી છે. એટલે હું વિચારમાં ને વિચારમાં જાગતો પડી રહ્યો. ધીમેધીમે તારાઓ એક પછી એક અદૃશ્ય થવા માંડ્યા, ટટ્ટુઓએ ચરવા માંડ્યું; મેં તેમનું દોરડું ઢીલું કરી જરા લંબાવ્યું. રાત વીતી ગઇ હતી એટલે તેમને તાપણાની નજીક રાખવાની જરૂર ન હતી.

બીજી દસેક મિનિટમાં તો, પહો ફાટવાની અગાઉ ફેલાય છે તેવી, મળસ્કાની ઘેરી શાંતિ ચારે તરફ છવાઇ ગઇ. ટટ્ટુઓ પણ ચરતાં અટકીને કાન માંડી રહ્યાં. વળી તેઓ શું સાંભળવા મથતાં હશે ? થોડી જ વારમાં નજીકના ઝાડ પર એક પંખી ફફડ્યું ને તેણે પાંખો સમારવા માંડી. તરત બીજી ડાળ પર પણ પંખીના પરનો ફફડાટ સંભળાયો, અને એક જ પળમાં તેમના મીઠા ટહુકાથી આસપાસની શાંતિ ભેદાઇ રહી. તરત જ બીજા ઝાડ પરથી બીજાં પંખીઓ એ ટહુકો ઝીલી લઈ આગળ ટહુકો દીધો, ને એમ, એક

પછી એક પંખીઓના કલરવથી પ્રભાત ગાજી ઉઠયું.

મેં ને ધોડકાકાએ નિત્યકર્મથી પરવારી મંજલ શરૂ કરી ને અગાઉ વર્ણવેલી સીંગાથેસેની લામાસરાઇએ અમે આવી પહોંચ્યા. અહીંથી ખબર મળ્યા કે આગલે જ દહાડે ચિત્તુ અબાબિલના ટોળા સાથે ત્યાં આવ્યો હતો ને આખું બપોર છાપરાની પાંખ નીચે આરામમાં ગાળી, ફરી દક્ષિણ તરફ ચાલ્યો ગયો હતો.

લામાઓનો ઉપકાર માની અમે પાછા વળ્યા અને ભાદરવાના આકરા તાપમાં તપતા ખુલ્લા પર્વતો અને શરદની અસરથી પચરંગી—જાંબલી, લીલી, સોનેરી, કેસરી અને કિરમજી—થએલી વનસ્પતિઓ વચ્ચે થઇને ફરી ઘર તરફ મજલ શરૂ કરી. (ચાલુ)

આ અંકનું મુખચિત્ર : જોડિયાનો કોઠો

જામનગરની પાડોશમાં જ્યાં અસલ 'નાગનેહ' બંદર હતું ત્યાં હાલ આસપાસ 'નાગણા' નામનું ગામડું છે. એ નાગનેહ બંદર પછી જોડિયા બંદર વસ્યું હતું.

જામ રાવળે (તે કચ્છના રા'ખેંગારજીના મામા) સંવત ૧૫૯૬ના શ્રાવણ સુદ ૮ ને બુધવારે (ઈ. સ. ૧૫૪૦માં) જામનગર શહેર—નવાનગર તરીકે—વસાવ્યું. તેનો કિલ્લો સને ૧૭૮૮માં મેરામણ ખવાસે બંધાવ્યો તે પહેલાં જોડિયાનો કિલ્લો બંધાઇ ગયો હતો. જોડિયાનું બંદર કચ્છના અખાતમાં છેક અંદરના ભાગમાં આવેલું છે. બરાબર નદીના મુખ ઉપર એનો કિલ્લો છે. એ કિલ્લો ચાંચિયાગીરી કરનાર કોઇ બળવાન સરદારે બાંધ્યો હશે એ વાત ચોકસ છે. પાછળથી વેપારીઓ જોડિયામાં રહેવા લાગ્યા અને તેમણે બંદરનો વેપાર ખીલવ્યો. વહાણવટું પણ ત્યાં ઠીકઠીક ખીલ્યું હતું; અને છેક હજી હમણાં સો વરસ પહેલાં ત્યાં વહાણ બાંધવાનું કામ સરસ થતું હતું. જામનગર રાજ્યના બેડી બંદરની ખીલવણી થઇ તે પહેલાં જોડિયા અને સલાયા એ બે બંદર વેપારનાં બહુ સારાં સ્થળ ગણાતાં હતાં. આજ જોડિયા ઉજ્જડ જેવું બની ગયું છે; તેની ઘણીખરી વસતી મુંબાઇ કરાંચી જેવાં શહેરોમાં જતી રહી છે; તેનાં મોટામોટાં સુંદર ઘરોને તાળાં વાસેલાં છે; કિલ્લો અત્યારે ઉજ્જડ ખંડેર રૂપે પડયો છે; દરબારગઢની ડેલીએ જાળાં બાઝ્યાં છે; દાયરાની જગ્યાએ અંગ્રેજી નિશાળ બેસે છે; અને જ્યાં સૈનિકો તથા તોપો જેવામાં આવતાં ત્યાં આજે, ઉનાળાના દહાડામાં આળસુ પ્રમાદી માણસો ગંજીપા રમે છે અથવા દરિયાની ઠંડી લહેરનો આનંદ લેતા સોડ તાણી ઉંઘે છે! **કલ્યાણરાય નથુભાઈ જોશી**

આ અંકમાંની 'દેલવાડાનાં મંદિરમાંના શિલ્પ'ની પ્લેટનો ફોટો લેનાર મુંબાઇના ભાઇશ્રી શાંતિલાલ હીરાલાલ શાહ છે.

લૉર્ડ લિસ્ટર (અનુસંધાન પાછળ પાન ૨૪૮થી)

નહોતું. એ વાલ્મેર જઇ વસ્યો, જ્યાં એની ઉછળતી શક્તિ ધીમેધીમે શમી ગઇ. તબિયત જરા વળે તો એને લંડન પાછો લઇ જવા માટે તબેલામાં એના ઘોડા તૈયાર રખાતા; પણ રાક્ષસી શક્તિવાળો એ થાકેલો માનવ ફરી ન ઉઠી શકયો. ૧૯૧૨ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખે, માનવજાતિ પર આશીશ ઉતારનારી જંતુરહિત વાઢકાપ ક્રિયાનો એ પિતા, શાંતિથી ને સંતોષથી અમરત્વ પામ્યો;—પ્રભુના ધામમાં ને સમસ્ત માનવજાતિના હૃદયમાં.

જગત–કલ્યાણક આવડી મોટી શોધનો યશકળશ દુનિયાએ એના અંતકાળે અતિશય માન, પ્રેમ અને ગૌરવથી એને શિરે ઢોળ્યો, છતાં લિસ્ટર તો પોતાની મોહક નમ્રતાથી સદા એમ જ કહેતો કે પાશ્ચ્યૂરની શોધને ઝડપી લઇને આગળ ધપાવવા ઉપરાંત વિશેષ મેં કશું કર્યું નથી. પણ લિસ્ટરે એ શોધની ઉપયોગિતા જગતના ઉચ્ચમાં ઉચ્ચ કાર્યમાં—માનવજાતિના કલ્યાણમાં—કામે લગાડી અનેક માનવજીવોની વેદના અને ખુવારી અટકાવી એ કાર્ય કાંઇ મુળ શોધ કરતાં કોઇ રીતે ઉતરતું નથી. કેમકે જ્યાં કોઈની દૃષ્ટિ ન હતી ત્યાં—જગતકલ્યાણના ઉચ્ચ ઉદ્દેશ તરફ તેની એકલાની જ દૃષ્ટિ હતી, અને એ જ ખરી યશભાગી વાત હતી. પોતાના પિતાનું માઇક્રોસ્કોપ, સિમ્પસનની ઘેની દવા અને પાશ્ચ્યૂરની જંતુશોધ, એ બધાંને પોતાની કલ્યાણભાવના વડે એક કરી તેણે એમાંથી નવી શોધનું ઉજ્જવળ ફલ ઉત્પન્ન કર્યું, જે વડે એણે વાઢકાપશાસ્ત્રમાં ક્રાંતિ આણી, માનવજાતિને વેઠવી પડતી વેદનાઓનો અંત આણ્યો અને લાખો માનવજીવોને મરણના મુખમાંથી સદાને માટે ઉગારી લીધા.

જગતે જ્યારે એના પર પોતાના આ ભારોર્મિઓનો વરસાદ વરસાવી એનું બહુમાન કર્યું ત્યારે એણે એક વાર કહેલું કે તમે આટલા પ્રેમથી મારૂં જે ગૌરવ કરો છો તેને માટે હું મગરૂર છું, પણ મને ખરો સંતોષ તો એથી જ થાય છે કે હું માનવજાતિનાં દુ:ખ ફેડવામાં કંઇક અંશે પણ ઉપયોગી થઇ શકયો છું. એમાં જ મારા જીવનનું સાર્થક છે.

(અંગ્રેજી ઉપરથી)

ટપુ માળી

ટપુ માળી મંદિરની ફુલવાડીનો માળી હતો. ગામની બહાર મંદિર હતું, ને તેની પછવાડે નાની એવી ફુલવાડી હતી.

ફુલવાડીમાં જાતજાતનાં ફુલો થાય. શિયાળે ગુલદાવદી, હજારી, ગુલાબ ને ગુલમેંદી. ઉનાળે ડોલર, મોગરો, ચંપો ને લાલ કરેણ. ચોમાસે પીળી કરેણ, ગલ, મધમાલ્ય ને કાળાં ફુલ.

ટપુ માળી વહેલો ઉઠે, ફુલ ઉતારે ને પડીકાં બાંધે. કોઈવાર કેળનાં પાનમાં, કોઈવાર પોપૈયાનાં પાનમાં તો કોઇવાર ખાખરાનાં પાનમાં. ઉપર ટપુ માળી કેળના રેસાની દોરી બાંધે ને ઢગલો પડીકાં ભેગાં કરે.

પછી લખીને સા' કરે ને કહેશે: 'લખી; આ દડિયા ઘરાકમાં દઇને હું આ આવ્યો. જો આ છાબડામાં ફુલ રાખ્યાં છે તેનાં ઠાકોરજી માટે હારગજરા ગુંથી નાખજે. એક હાર વધારે ગુંથજે. કાશીએથી એક મા'રાજ આવ્યા છે તેના ગળામાં નાખવા. મા'રાજ આજે કથા કરવાના છે.'

ટપુ માળી માથે મોળિયું મુકે, ખભે ખેસિયું નાખે અને ડાબા હાથમાં દડિયાની સુંડલી લઇ ગામ ભણી જાય.

'કાં ટપુ માળી! હમણાં સાચાં ફુલ કેમ નથી આવતાં?'

'બાપુ, હમણાં સાચાં ફુલની રત નથી. હમણાં તો આ મકરી કરેણ થાય છે. હવે બે મહીનાની વાર છે.'

. . . . . .

'અરે ટપુ માળી, જરા વહેલાં આવતા જાઓ વહેલા. દેવસેવાને મોડું થાય છે.'

'કાલથી જરા વહેલો આવીશ. મારે તો રોજ આવવું છે ને?'

. . . . . .

'ટપુ કાકા, આજ ગુલાબ ન લાવ્યા કે?'

'લ્યો બેન, આજ તો હું ભુલી ગયો; કાલ લાવીશ. પણ ઉભાં રહો, જોઉં; આ દીવાન સાહેબના પડિયામાંથી નીકળે તો.'



'લ્યો રાધા બેન! છો તો નસીબદાર. એકને બદલે બે ગુલાબનાં ફુલ નીસર્યાં.'

. . . . . .

ટપુ માળી દડિયા વહેંચી પાછો વળે ને વળતાં દુકાનેથી પૈસાની છીંકણી લ્યે, હાર માટે દોરા લ્યે, લખી માટે પાઇનું ખજુર લ્યે ને ઘેર આવે. ટપુ માળીને એક ડોશી, એક લખી ને એક રૂખી, એમ ત્રણ જણાં.

રૂખી ટપુ માળીનાં વહુ થાય. ટપુ માળી ઘેર આવે ત્યાં તો લખીએ હારતોરા ગુંથેલા હોય ને રૂખી માલણે રોટલા ને શાક કર્યાં હોય. મા પીરસે, બાપા જમે ને દીકરી બેઠીબેઠી વાતો કરે: 'બાપુ! આપણો રાતડો આજ તો મને શીંગડું

મારતો'તો. ને બાપુ! હવે થોડા દિવસમાં જુઈ ને જાઇ થાશે હો; વેલ્યું ખુબ વધી છે.

ડોશીમા ટકટકારો કરે: કે 'ભા, હવે ઘરાકુના પેસા કે' દિ' આવશે? તું તો ભાઈ, એવો જેવો કે ફુલ આપે ને પૈસા માગતાં શરમ આવે!'

માલણ કહેશે: 'ઈ તો ઘરાકમાં હું જઇને પૈસા માગી લાવીશ. આજ મારે કાંઇ કામ નથી.'

ટપુ માળી કહેશે: 'અરે, હમણાં તું મને ક્યારા પવરાવ ને! આ ઘડીએ, તું, હું ને લખડી દસ ક્યારા પાઇ દેશું. ને ઓલી કોર નીંદવું છે તે નીંદી નાખશું. હું સાંજ'કનો ગામમાં જઇ આવીશ. તું આ માડીનાં લુગડાં મેલાં થયાં છે. ઈ ધોઈ નાખજે.'

રોટલા ખાઇ ટપુ માળી ખાટલીમાં જરા આડે પડખે થાય. માલણ ઢોરને નીરણ કરે અને લખડી માડીનું માથું જુએ.

રોંઢો થાય ત્યાં તો ટપુ માળી પચીસ પચાસ કોસ પાણી કાઢી આપે ને મા-દીકરી ફુલના ક્યારાને પાણી પાઇ દે.

રૂખી કે'શે: 'લખડી, ઓણુ તો ફુલ બહુ આવવાનાં છે. ને આ દીવાળીએ તો આશોપાલવ મોટામોટા થાશે. ઘરાકે ઘરાકને ઘેર તોરણ બંધાય એટલાં પાંદડાં ઉતરશે.

લખડી કહેશે: 'તે બા, હું આ વખતે તારી હારે આવીશ. તું તોરણ બાંધજે ને હું ફુલ વહેંચીશ. ઓલી નવી ઓઢણી લાધી છે ને, એ હું પહેરીશ.'

બા કહેશે: 'તે દીવાળી માટે તો મારૂં ઘરચોળું મેં બચકામાં બાંધી રાખ્યું છે. આપણા લોકોને તો વાર પરબે સારાં લુગડાં પહેરવાનાં.'

ટપુ માળી સાદ પાડે: 'કાં, પાણી પહોંચી ગયું? હવે કોસ છોડું કે?'

દીકરી કહેશે: 'એ . . . હૉલ બાપુ, હૉલ.'

સાંજ પડે ને ટપુ માળી દેવ-દર્શન કરી આવે. માલણ રાંધણું કરે, ડોશીમા દાંતે બજર દે ને લખી કાના કોળીની છોડી હારે રમવા જાય.

ગિજુભાઈ

આષાઢી સાંજ

આષાઢી સાંજનાં અંબર ગાજે;
અંબર ગાજે, મેઘાડંબર ગાજે—આષાઢી૦

માતેલા મોરલાના ટૌકા બોલે;
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે—આષાઢી૦

ગરવા ગોવાળિયાના પાવા વાગે;
પાવા વાગે, સુતાં જોબન જાગે—આષાઢી૦

વીરાની વાડીઓમાં અમૃત રેલે;
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે—આષાઢી૦

ભાભીની રાતીચોળ ચુંદડ ભીંજે;
ચુંદડ ભીંજે, ખોળે બેટો રીઝે—આષાઢી૦

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે—આષાઢી૦

ઝવેરચંદ મેઘાણી

અંબર = વાદળાં

('કિલ્લોલ' નામના નવા બહાર પડનાર સંગ્રહમાંથી)

પાટણના અપ્રતિમ લોકસેવક : સ્વ. ડૉ. ઠાકોરલાલ પંડ્યા

'એ સ્વદેશ કાજે કો રણયજ્ઞે પ્રાણ આહૂતિ દઉં; સજની ન ચાહું ઉગરવા.'



ખેડા જીલ્લાના સરસવણી ગામના એક બાલક વિદ્યાર્થીના જિગરમાં, અજ્ઞાન અને અનારોગ્યમાં સડતી પ્રજા જોઇ નિરંતર અરેરાટ રહ્યા કરતો હતો. તેના ગામમાં વસતા મુરબ્બીઓ, વડીલો અને કોઈ-કોઇવાર મુલાકાતે આવતા અધિકારીઓને જોઇ તેને લાગી આવતું કે આ કોઇને જનતાનાં દુઃખોએ અસર કરી નથી. દરેક જણ પોતાના સ્વાર્થ પુરતું રળી કમાઇ દુનિયા તરફ આંખો બંધ કરી દેતો. એક એના જ હૃદયમાં સંકલ્પોની જ્યોત વધતી જતી હતી. ખુબ વિદ્યા મેળવવી, ભારે સામર્થ્ય મેળવવું, મહાન વ્યક્તિ થવું, પણ એ વિદ્યા, સામર્થ્ય અને મહત્તાને જનસેવાનાં જ સાધનો બનાવવાં અને સ્વભૂમિમાં વિદ્યા તથા આરોગ્યનાં પ્રકાશમય કિરણો ફેલાવવાં.

એના મનસુબા એ એકલો જ જાણતો. બાળક ઠાકોરલાલની મહત્ત્વાકાંક્ષાઓને એ અવસ્થાએ પિછાને એવા કોઇ માનસપ્રવીણ શિક્ષકો નહોતા. પણ તેના પિતા રણછોડલાલ પંડ્યાએ પુત્રને આ જમાનામાં મળી શકે તેટલું ઉચ્ચ શિક્ષણ આપવાને, વડોદરાની હાઇસ્કુલમાં મોકલી આપ્યો. વિદ્યાર્થી અવસ્થાનો એ બધો વખત તેણે જીવનના આદર્શો પોષ્યા કર્યા. ૧૯૦૬માં વડોદરા કૉલેજમાંથી જ મુંબાઇ યૂનિવર્સિટીની બી. એ.ની પરીક્ષા પસાર કરી. એટલા વખતમાં તો તેમણે આસપાસમાં પોતાના ચારિત્ર્યની સુવાસ ખુબ ફેલાવી દીધી હતીઃ એટલે પાસ થતાં જ વડોદરા હાઈસ્કુલમાં ૬૫ રૂપિયાના પગારથી શિક્ષક નીમાયા.

શિક્ષક તરીકેના જીવનમાં તેમણે વિદ્યાર્થીઓની વચ્ચે પોતાના ચારિત્ર્યનો પ્રકાશ નાખવો શરૂ કર્યો. તેમની સેવાવૃત્તિ અને કાર્યતત્પરતાએ મહારાજા ગાયકવાડનું ધ્યાન ખેંચ્યું, અને એવા માણસને આગળ લીધા હોય તો વધુ યશસ્વી કાર્યો થઈ શકે એવા આશયથી તેમને રાજ્યને ખર્ચે અમેરિકા મોકલવામાં આવ્યા.

એ દેશમાં રહીને તેમણે સમાજસેવાના માર્ગો અને પદ્ધતિ જોયાં. સમાજસંગઠન અને સુધારણા માટે બંધુભાવ અને સેવાની પાકી દીક્ષા લીધી. ૧૯૧૨માં એમણે ડૉક્ટરની (Ph. D.) માનભરી પદવી મેળવી. યૂરોપ-અમેરિકામાં અતિ વિદ્વાનને પણ ડૉક્ટરનું સંબોધન કરવામાં આવે છે. એ પ્રમાણે તેઓ ડૉ. પંડ્યા થઇને દેશ પાછા આવ્યા, અને ૧૯૧૩માં વડોદરા રાજ્યમાં તેમની નીમણૂક મેલ ટ્રેનિંગ કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ તરીકે થઇ. આ જગ્યાએથી તેમણે પોતાના જીવનના આદર્શો સિદ્ધ કરવાનો પ્રયાસ શરૂ કરી દીધો. વડોદરામાં સેવામંડળ સ્થાપ્યું અને જનસેવાનાં કાર્યો આદર્યાં. ૧૯૧૫ની શરૂઆતમાં તેઓ પાટણની કૉલેજના પ્રિન્સિપાલ નીમાયા અને તે વખતથી પાટણ સાથે તેમનો સંબંધ શરૂ થયો.

તેમના જીવનની પવિત્રતા અને સ્વચ્છતાની છાપ આસપાસ એકદમ પડતી. તેમના વ્યવહારમાં પણ દેશદાઝ, લોકસેવા અને બંધુભાવનો પ્રવાહ અખંડ જણાતો. તેમના તેજસ્વી ચારિત્ર્યથી પાટણના શ્રીમાનો પણ તેમના તરફ માન અને નમ્રતા બતાવતા. અધ્યાપક તરીકે પણ તેમનું કાર્ય બહુ ઉત્તમ કોટિનું હતું. તેની સાક્ષી તેમના હાથ નીચે તાલીમ પામેલો શિક્ષકવર્ગ આજ પણ પ્રશંસાપૂર્વક આપે છે. આજના વિદ્યાર્થી ઉપરથી શિક્ષકનો બોજો કમી કરવો અને તેને ચારિત્ર્યના સાચા પાઠ આપવા એ તેમની શિક્ષણપદ્ધતિનાં મુખ્ય અંગ હતાં. ફુરસદનો બધો વખત તે ઉંડા મનન ને અભ્યાસમાં જ ગાળતા.

જ્યારે જ્યારે તે વ્યાખ્યાન આપતા ત્યારેત્યારે તેમના શબ્દો હૃદયના ભાવો સાથે નીતરતા અને શ્રોતાઓ તેમાં મુગ્ધ બની રહેતા. તેમની કાર્યદક્ષતા, સમાજસેવા અને પ્રસન્નતાભર્યા સ્વભાવથી તેઓ નાનામોટાં સૌનું પ્રિય પાત્ર બની રહ્યા. સમાજની સેવા કરવામાં જાતની પણ પરવા કર્યા વિના એ ચોમેર ફરી વળતા. તેમને લીધે પાટણની પ્રજામાં નવું જીવન દેખાયું અને પ્રજામાં એકતા આવી.

૧૯૧૬માં પાટણમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. હજારો માણસો એ પ્રાણઘાતક રોગના ભોગ થવા લાગ્યા. શ્રીમાનો અને સાધનસંપન્ન માણસો તો ગામ છોડી નીકળી ગયા, પણ ગરીબો મૃત્યુના પંજામાં સપડાયા હતા. ડૉ. પંડ્યાનું કરુણાભર્યું વીર હૃદય એ પ્રસંગે સેવાના ખરા રંગવાળું બની ગયું, અને બીજા યુવકોને પોતાના સાથમાં મેળવી સેવા જુથ ઉભું કર્યું. ઘેરેઘેર ફરી વળી એમણે દર્દીઓની સારવાર શરૂ કરી, દવાઓ અને દાક્તરની મદદ પહોંચાડવા માંડી. પોતે અનેક ઘરોમાં જઇને દર્દીઓની ગાંઠો જોતા, તેમને શાંત્વન આપતા અને બચાવી લેવા માટે છેવટ સુધીના યત્નો કરતા. તેમ છતાં કોઈ મૃત્યુ પામતા તેના અગ્નિદાહની પણ તજવીજ સેવામંડળ મારફત થઇ જતી. ઘણીવાર તો પોતે જાતે સ્મશાને જઇને એ કાર્ય કરતા. તેમની આ હીમત ને સેવાથી શ્રીમંતોનાં હૃદય પણ પીગળ્યાં અને ઘણાએ મફત દવાઓ તથા નાણાં મોકલી સહાય કરી અને કેટલાક તો સેવાદળમાં પણ આવીને જોડાયા. ચારેક માસ પછી પ્લેગનો ઉપદ્રવ દૂર થયો

ત્યારે ડૉ. પંડ્યા પાટણની પ્રજાના હૃદયમાં અધિદેવતા જેવું માન અને સ્થાન પામી ચુક્યા હતા. પાટણના ધનાઢ્યો તેમની સેવા, સત્યપરાયણતા અને નિર્મળતાના પૂર્ણ વિશ્વાસથી નાણાંની વ્યવસ્થા તેમને જ સોંપવા લાગ્યા.

જાહેર સેવાઓ ઉપરાંત ખાનગી જીવનમાં પણ તેઓ અનેક વિદ્યાર્થીઓ, ગરીબો અને વિધવાઓને ગુપ્ત દાન આપતા અને તેમના મુરબ્બી તથા સલાહકારનું સ્થાન લેતા. એમનો બધો પગાર આવાં કાર્યોમાં જ વપરાઇ જતો.

૧૯૧૮માં ડૉ. પંડ્યાએ સેવાનું કાર્ય કાયમી અને સુદૃઢ પાયા ઉપર લાવવાને 'ઉત્તર ગુજરાત યુવક મંડળ'ની સંસ્થા સ્થાપી. એ સંસ્થાને ધીમેધીમે વિકસાવીને ચરોતરના કેળવણી મંડળ જેવું વ્યાપક કાર્ય કરવાનો તેમનો ઉદ્દેશ હતો. પ્રજાની કેળવણી પ્રજા હસ્તક લેવી, શાળાઓ, ઉદ્યોગગૃહો અને દવાખાનાં જેવી લોકોપયોગી સંસ્થાઓ ચલાવવી અને પ્રજામાં સંસ્કાર ને સ્વાધીનતાનાં બીજ રોપવાં એ એમના આશયો હતા.

એ મંડળની પહેલી પ્રવૃત્તિ તરીકે પોતે એક અભ્યાસગૃહ ઉઘાડ્યું. એ અભ્યાસગૃહ આજ પર્યંત ચાલે છે અને તેના આશ્રયે વિદ્યાર્થીનિવાસ, વાંચનાલયો તથા બાલશાળા વગેરે ચાલે છે. અત્યારે પાટણમાં પ્રજાજીવન ચમકતું રાખનારી કોઇ સંસ્થા હોય તો તે આ 'ડૉ. પંડ્યા અભ્યાસગૃહ' જ છે.

આ સંસ્થાની સ્થાપના પછી, આપણે ઉપર જોયું તેમ, ઘણું કરવાની ડૉ. પંડ્યા અભિલાષાઓ કરતા હતા, પણ પાટણને નસીબે કંઇક જુદું જ સરજાયું હતું. પ્લેગનો વિસારો થયો ન થયો, એવામાં પાટણમાં ઇન્ફ્લ્યુએન્ઝાનો સખત ઝપાટો આવ્યો. એ રોગ સામે ટક્કર ઝીલવા ફરીવાર ડૉ. પંડ્યા કમર કસી આગળ આવ્યા અને દશેરાને દિવસે 'સંરક્ષકમંડળ' ઉભું કરી કામ આરંભી દીધું. પાટણના એકેએક જીલ્લામાં કામચલાઉ દવાખાનાં અને દવા પહોંચાડનાર મંડળોની ગોઠવણ કરી અને ગામના કે પરગામના સૌ દર્દીની સારવાર જાતે કરવા લાગ્યા.

પણ ભોગ માગતા રોગને એકાદ બત્રીસો જોઇતો હતો, અને તેણે ડૉ. પંડ્યા જેવા રત્ન પર જ તરાપ મારી. લોકોની અતિશય દુઃખભરી ઇંતેજારી વચ્ચે એમનો આત્મા આસો વદ ત્રીજને દિવસે કોઇ દેવસૃષ્ટિમાં ચાલતો થયો અને પાટણમાં અંધારું મુકતો ગયો. આ પ્રસંગ પાટણની પ્રજા માટે અતિશય કરુણ થઇ પડ્યો. ગામ આખામાં હાહાકાર ફેલાઇ ગયો. બે દિવસ સુધી લોકો કામધંધો છોડી શૂન્ય બની રહ્યા. પાટણના ઇતિહાસમાં ન બનેલી એવી ગંભીર ને સખત હડતાલ પડી. ગાડીવાળા અને વાઘરી સુદ્ધાંઓએ પણ પોતાના જિગરની લાગણીથી ધંધો બંધ રાખ્યો. પાટણના દરેકે દરેક નાગરિકે તેમને માનભરી સ્મરણાંજલિ અર્પી.

ડૉ. પંડ્યાના અવસાન પછી, તેમણે મુકેલા બીજકોનું પોષણ જોકે ઓછું થયું, પરંતુ જે થોડા અધિકારી જીવો તેમના આત્માનું પ્રતિબિંબ પડ્યું હતું તેમણે યથાશક્તિ એમનું કાર્ય નિભાવી રાખવા અખંડ યત્ન કર્યો છે. પોતે હયાત હતા ત્યારે પ્રજાએ તેમની તરફ જે ઉલટ બતાવેલી તે એટલી ને એટલી જ ચાલુ હોત તો આજે તેમની સ્થાપેલી સંસ્થા પાછળ લાખો રૂપિયાનું ફંડ હોત. પણ આજે તેમની નિષ્કામ સેવાવૃત્તિના અંકૂરો પાટણની યુવાન પ્રજામાં નિઃસંશય દેખાવા લાગ્યાં છે, અને વખત જતાં એ દિવ્ય અને પવિત્ર પુરુષની સ્મૃતિમાં અનેક કલ્યાણકારી કામો થશે એમ આશા પડે છે.

જીંદગીનો ઉપયોગ

વીએનાના પ્રોફેસર વિકટર હૉફટરે, મનુષ્ય પોતાની જીંદગીનો ઉપયોગ કેમ કરે છે તેનો અડસટ્ટો કાઢ્યો છે. ૭૨ વરસનો માણસ ક્યાક્યા કામમાં પોતાનો કેટલો વખત ગુમાવે છે તે જણાવ્યું છે. એ ઉપયોગી આંકડા જાણવા જેવા છે.

જીંદગીનાં બે વરસ હજામત, વાળ ઓળવા, નહાવુંધોવું, કપડાં પહેરવાં વગેરે ટાપટીપ, જેને અંગ્રેજીમાં ડ્રેસિંગ-ટૉઇલેટ કહે છે તેમાં જાય છે; એટલે હમેશની ૪૦ મિનિટ માણસ આની પાછળ ગુમાવે છે. સાધારણ માણસની જીંદગીનાં ચાર વર્ષ માંદગીમાં જાય છે, એટલે કે રોજની ૮૦ મિનિટ માંદગીમાં પસાર થઈ જાય છે! છ વરસ મુસાફરી કરવામાં વીતે છે, અને છ વરસ અને બે માસ ખાવાપીવા પાછળ ગાળવા પડે છે. આ હિસાબે મુસાફરી અને ભોજન દરેકની પાછળ દરરોજના બે કલાક અને ચાલીસ મિનિટ વેડફાય છે. લગભગ દસ વર્ષ આનંદ, મોજશોખ, મોટર મુસાફરી, સીનેમા, નાટક વગેરેમાં જાય છે. એટલે કે રોજના સાડા ત્રણ કલાક માણસ મોજશોખમાં ગાળે છે. આશરે વીસ વર્ષ ઑફિસમાં, કામમાં, કે નોકરીમાં જાય છે. પણ સૌથી વધારે વખત તો માણસ ઉંઘવામાં ગાળે છે. ૭૨ વરસની ઉમર સુધીમાં માણસ પોતાનાં ત્રેવીસ વરસ ઉંઘવામાં ગાળે છે! આમ ૭૨ વરસના માણસની જીંદગી વીતી જાય છે.

આ આંકડાઓ તો યૂરોપીઅ દેશના છે. આપણા દેશના આંકડાશાસ્ત્રીઓ આવી જાતના આંકડા કાઢે તો તે ઘણા જ ઉપયોગી થઇ પડે. હિંદુસ્તાનમાં તો માંદગીનાં વરસ ચાર કરતાં વધારે આવે. આળસ અને એદીપણાનાં પણ ઘણાં વરસ આવે ખરાં. ટાપટીપનાં બે વરસ હિંદુસ્તાન માટે ઘણાં કહેવાય. જોકે આ આંકડાઓ યૂરોપીઅન દેશના લોકોના છે, છતાં તે હિંદુસ્તાનના લોકોને ઘણી રીતે મળતા આવે છે. આ આંકડા વાંચીને વિચાર કરવાથી દરેક માણસને પોતાની રોજનિશી કેમ ગોઠવવી તેની ખબર પડશે. (કાંતિલાલ પરીખ)

જ્ઞાનલીલા

કેટલીક મુશ્કેલીઓને લીધે છેલ્લા દોઢેક વર્ષથી અમે જ્ઞાનલીલા આપી શક્યા નથી. દરમ્યાન 'કુમાર'ના વાચકોએ એ વિભાગ માટે અનેકવાર આતુરતા બતાવી છે. અમારી એ ત્રુટી નિભાવી લેવા માટે અમે વાચકોના આભારી છીએ. આજ ફરી અનુકુળતા થતાં અમે એ વિભાગ શરૂ કરીએ છીએ. નવા ગ્રાહકોની સમજણ માટે જ્ઞાનલીલાના જવાબ મોકલવા વિષેના નિયમો ફરીથી નીચે આપીએ છીએ.

(૧) અંક બહાર પડયાની તારીખથી પંદર દિવસની અંદર બધા જવાબો 'કુમાર કાર્યાલય'માં પહોંચવા જોઇએ. (૨) બધા પુરા ઉત્તરો નહિ મોકલાયા હોય તેના ઉત્તરો તપાસવામાં નહિ આવે. (૩) બધા ઉત્તરો ફુલ્સકેપ આડા પા કાગળમાં, હાંસિયો પાડીને, શાહીથી, ક્રમસર લખવા. (૪) ઉત્તર સિવાય તેને સમજાવવા માટે નકામું કશું પિષ્ટપેષણ ન લખવું. (૫) જવાબના કાગળને ઉપલે જમણે ખુણે પોતાનું પુરૂં નામ સરનામું તથા ગ્રાહક નંબર લખવાં. (૬) જવાબ બંધ કવરમાં જ મોકલવા; અને એ કવરને ઉપલે ડાબે ખુણે 'જ્ઞાનલીલાના ઉત્તરો' એમ લખવું. (૭) ઇનામ ગ્રાહકને જ મળશે; માટે ઉત્તર સાથે પોતાનો ગ્રાહકનંબર અચુક લખી મોકલવો. ઉપલા નિયમોમાંથી એકાદનો પણ ભંગ થયો હશે તો જવાબો તપાસવામાં નહિ આવે.

નવા ઉત્તર શોધી મોકલનારાઓને પણ યોગ્યતા પ્રમાણે ઇનામ અપાય છે. પરંતુ ઘણાખરા તો બીજે પ્રગટ થઈ ગએલા અથવા જુના ચવાઇ ગએલા સવાલો ફરીફરી મોકલે છે, એ નકામું છે. (૧) પોતાના જ ઉપજાવી કાઢેલા, અથવા કદિ પ્રગટ ન થએલા એવા સંપાદિત કરેલા, તદ્દન નવા, બુદ્ધિચાતુર્યયુક્ત સવાલો મોકલનારને યોગ્યતા મુજબ ઈનામ મોકલાશે. (૨) નવા સવાલોની જોડે જ તેના ઉત્તરો પણ લખી મોકલવા. બંને ચોકખા અક્ષરે લખેલા હોવા જોઇએ.

(૧) ગણિત-ગમ્મત : (૧) એક શહેરમાં એવો નિયમ છે કે દરવાજેથી દાખલ થતાં ને બહાર નીકળતાં દરેક માણસે એકએક આનાનો કર આપવો. એક ગામડિયો રોજ આ શહેરમાં હટાણું કરવા આવતો. પહેલે દિવસે તેણે શહેરના નિયમ મુજબ દાખલ થતી વખતે દરવાજે એક આનો આપ્યો ને બાકી જેટલા આના રહ્યા તેટલાથી અરધા આનાની ચીજો ખરીદી, અને વળી શહેર બહાર નીકળતાં એક આનો દરવાજે આપ્યો. જેટલા આના બાકી રહ્યા તે લઇને એ પાછો બીજે દિવસે શહેરમાં આવ્યો ને પહેલા દિવસ પ્રમાણે જ પૈસા ખર્ચ્યા. આમ ચોથે દિવસે જ્યારે તે શહેરમાંથી બહાર નીકળ્યો ત્યારે એની પાસે માત્ર એક જ આનો વધ્યો. ત્યારે પહેલે દિવસે તેણે ઘેરથી કેટલા આના લીધા હશે? (૨) 'બાપુ, મને સાઈકલ અપાવશો?' બાર વરસના છોકરાએ એક દિવસ પ્રશ્ન કર્યો. એના બાપુએ જવાબ આપ્યો: 'જ્યારે મારી ઉમર તારા કરતાં બરાબર ત્રણગણી થશે ત્યારે તને સાઇકલ અપાવીશ.' હવે, બાપની ઉમર તે વખતે ૪૫ વરસની હતી; તો છોકરાને સાઈકલ ક્યારે મળશે?

મ	ગ	ન
સા	ક	ર

(૨) શબ્દફેરવણી : બાજુની આકૃતિમાં પહેલા ખાનામાં 'મગન' શબ્દ આપેલો છે. તેમાંનો માત્ર એક જ અક્ષર ફેરવવાથી બનતો શબ્દ બીજા ખાનામાં મુકો. બીજા ખાનામાં આવેલા શબ્દનો એક અક્ષર ફેરવવાથી થતો શબ્દ ત્રીજા ખાનામાં મુકો. એમ કરતાં મગનમાંથી સાકર બનાવી દો.

(૩) શોધી કાઢો: 'લામારાજ રેંદીમેં નોળવીયો એ ગીત દીવે રંગુ, તેવા મેં ગગને રંગ્યો.' ઉપરની બે લીટીમાં એક જાણીતા લોકગીતની લીટી છુપાઇ ગઈ છે: તમે તે શોધી કાઢશો?

(૪) એ શું? ત્રણ જ અક્ષરની તમારી રોજની વપરાશની એક ચીજ છે, તેના પહેલા અક્ષરમાંથી જ તે આખી ચીજ બનેલી છે. તેનો બંન્ને અક્ષર એક સગપણ છે ને ત્રીજામાંથી એક સંખ્યા બની શકે છે. એ ચીજ કઇ?

(૫) સાહિત્યવિનોદ : 'છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબુલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબુલ કર્યો ને સજા માગી'—આ કોના શબ્દો છે?

(૬) શબ્દચોરસ : બાજુના સમચોરસમાં ખાલી મુકેલા અક્ષરો એવીરીતે ભરી કાઢો કે એની આડી લીટીઓમાં જે ત્રણ અર્થસૂચક નામ વંચાય તે જ ત્રણ નામ અનુક્રમે ઉભી લીટીઓમાં પણ વંચાય.

×	×	બ
×	હો	×
×	×	×

(૭) શબ્દરચના : "આ * * * ન" ઉપરના શબ્દમાં ફુલની નિશાનીએ એવા ત્રણ અક્ષર મુકી દો કે જેથી પહેલા ચાર અક્ષર વાંચવાથી એક અર્થસૂચક શબ્દ નીકળે ને છેલ્લા ચાર અક્ષર વાંચવાથી બીજો અર્થસૂચક શબ્દ સમજાય.

....

કર્નલ લિંડબર્ગ આટલાંટિક મહાસાગર ઉડીને પાર કર્યો પછી એટલો પ્રખ્યાત થઈ ગયો કે એ કપડાં ધોવા આપતો તે, લિંડબર્ગની યાદગીરી પોતાની પાસે રાખવા ખાતર ધોબીઓ ચોરી જતા! આપણે લિંડબર્ગ જેટલા વિખ્યાત નહિ એટલે કપડાં આખાં નથી ચોરાતાં; પણ ઘણી વાર બટનો ચોરાઈ જાય છે. એટલા પ્રમાણમાં પ્રખ્યાત તો ખરા ને?

એક દારૂડિયો મોડી રાતે નિશામાં ચકચુર બનીને ઘેર જતો હતો. રસ્તામાં નદીનો પુલ આવ્યો. તેના પરથી તેણે નદીમાં ચંદ્રનું પ્રતિબિંબ જોયું. જોઇને એ વિચારમાં પડી ગયો. થોડી વારે એક માણસ સામો મળ્યો તેને પુછ્યું. 'ભાઈ, પેલું શું છે?' 'કેમ? એ તો ચાંદો છે.'

દારૂડિયો— ઓહોહોહો! હું સ્વર્ગમાં ક્યારે આવતો રહ્યો?



માધુકરી

જા બોધ તું મનુજને થઈ પ્રેમ બુધ્ધ,
પાષાણ શા હૃદયમાં ભર સ્નેહ શુધ્ધ;
ને મૌન ગીત જગવી, દઇ દિવ્ય આશા
મંત્રો વહી જઇ ઉકેલ અબોલ ભાષા.

—ચન્દ્રવદન મહેતા

વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈંદ્રજી

ગુજરાત કદિ વંધ્યા નહોતી; હજી પણ નથી. જગત અને જીવનના એકેએક ક્ષેત્ર અને વ્યવહારમાં પારંગત અને નામચીન એવાં નરરત્નો એણે પકવ્યાં છે ને પકવે છે. રણવીરો અને રાજનીતિજ્ઞો, વિદ્વાનો અને વીરો, મુત્સદ્દીઓ ને મહાજનો, વ્યાપારીઓ ને વહીવટીઓ, સાહિત્યકો અને સાહસિકો, વહાણવટીઓ ને વિમાનીઓ, તે પકવતી આવી છે ને પકવે છે. જીવનક્ષેત્રના છેક દૂરના નાનામાં નાના ખુણાઓ સુધી એણે વિકાસ સાધ્યો છે અને તેનાં વિશિષ્ટ રત્નો નિપજાવ્યાં છે. ગુજરાતના વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી એ ગરવી ગુજરાતનું એવું મોંઘેરૂં રત્ન છે.

આજથી આઠ દસકા ઉપર કચ્છના ગિરનારા બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો. વનસ્પતિશાસ્ત્રમાં જ જેને રાતદિવસ લગની લાગી છે, અને આજ ૮૧ વર્ષની આથમતી વયે પણ જે એ જ ધૂન ને ધગશથી તેની પાછળ જ મચી રહ્યા છે, તે જયકૃષ્ણભાઇએ, વનસ્પતિ જોડેના સંબંધ સિવાયની પોતાના જીવનની બીજી વિગતો ક્યાંય આપી નથી, એટલે એમના કુમારજીવનની ખાસ માહીતી મળતી નથી. પણ એવી વિગતોના વર્ણન કરતાં વનસ્પતિશાસ્ત્રમાં ઓતપ્રોત એમનું જીવન જ ખુબ પ્રેરણાદાયી છે.

શાળા પાઠશાળામાં શીખીને નહિ પણ કુદરત પાસેથી શીખીને એ વનસ્પતિશાસ્ત્રમાં પારંગત થયા છે. એમને ભાષાની કેળવણી બહુ ઓછી મળી છે. યુવાન વયે જ્યારે વનસ્પતિશાસ્ત્રનો શોખ લાગ્યો ત્યારે એ શાસ્ત્રના અભ્યાસ માટે ખપ પુરતું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘરમેળે મેળવી લીધું છે. અંગ્રેજી ભાષાના 'બૉટની' (Botany=વનસ્પતિવિદ્યા) સિવાયના વિષયના ગ્રંથો એમણે ભાગ્યે જ વાંચ્યા છે.

એમના વનસ્પતિશાસ્ત્રી તરીકેના જીવનની ખરી શરૂઆત ઇ. સ. ૧૮૭૭માં, તેઓ મુંબાઈ આવીને પંડિત ભગવાનલાલ ઇંદ્રજીના સમાગમમાં આવ્યા ત્યારે થઇ. પં. ભગવાનલાલનું સમગ્ર જીવન જુની શોધને અર્પણ થએલું. તેઓ આ દેશના પ્રાચીન ઇતિહાસને લગતી, જુના લેખો અને સિક્કાઓની શોધખોળની બાબતમાં તો પારંગત હતા, પણ એમણે આખા હિંદુસ્તાનમાં મુસાફરી કરતાં તે તે પ્રાંતનાં દેશી ઓષધીય વનસ્પતિઓનાં નામોની પણ શોધખોળ કરી હતી. ઉપરાંત વનસ્પતિ ઓળખવાનો યે એમને સારો શોખ હતો. એમનો આ વનસ્પતિપ્રેમ જયકૃષ્ણભાઇમાં ઉતર્યો. જુના અક્ષરો ઓળખવા વગેરે પુરાતત્ત્વનું કામ તો તે પં. ભગવાનલાલભાઇ પાસેથી શીખ્યા જ; પણ એમના ચિત્તનું સ્વાભાવિક વલણ તો વનસ્પતિ ઓળખવા ઉપર હતું. ભગવાનલાલભાઇએ આ તરત જોયું અને ડૉ. સખારામ અર્જુન જેવા એ વખતના સારા વનસ્પતિશાસ્ત્રીનો જયકૃષ્ણભાઇને યોગ કરી આપ્યો. જયકૃષ્ણભાઇ પ્રકૃતિથી અતિશય ઉદ્યોગી, તીવ્ર, જિજ્ઞાસાવૃત્તિવાળા, સૂક્ષ્મ ગ્રહણશક્તિવાળા, શરીરે ખડતલ અને ધાર્યું કામ અંત લગી ગમે તેવી મુશ્કેલી પડે તે વેઠીને પણ પાર પાડવાના આગ્રહી, એટલે ડૉ. સખારામ અર્જુનનો યોગ થયા પછી એમનો વનસ્પતિવિદ્યાનો અભ્યાસ ઝડપથી આગળ વધવા લાગ્યો.

થોડા વખતમાં જ વનસ્પતિવિદ્યામાં જયકૃષ્ણભાઇને વ્યુત્પત્તિ થઈ ગઈ અને પછી તો ડૉ. સખારામ અર્જુન સાથે મુંબાઇ આસપાસની એકેએક વનસ્પતિ ઓળખી લેવાનો એમણે પ્રયત્ન આરંભ્યો. ટુંક વખતમાં તો તે તેમાં પારંગત થઇ ગયા.

પં. ભગવાનલાલભાઇને જે રીતે પુરાતત્ત્વના કેટલાક અંગ્રેજ પંડિતો સાથે એ વિદ્યાના કારણે મૈત્રી થએલી તે રીતે જયકૃષ્ણભાઇને પણ બેત્રણ સારા વનસ્પતિશાસ્ત્રજ્ઞ અંગ્રેજો સાથે મૈત્રીસંબંધ થએલો. ગ્રાન્ટ મેડિકલ કૉલેજના એ વખતના વનસ્પતિશાસ્ત્રના અંગ્રેજ અધ્યાપક મૅકડોનલ સાહેબ સાથે



શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી : કચ્છના બગીચામાં

તો ડૉ. સખારામ અર્જુને જ પરિચય કરાવી આપેલો. જયકૃષ્ણભાઈ આ અંગ્રેજ અધ્યાપકને પણ વનસ્પતિના નમુનાઓ લાવી આપીને મદદ કરતા. આ અંગ્રેજ વિદ્વાને જ રાજકોટની રાજકુમાર કૉલેજના એ વખતના પ્રિન્સિપાલ ચેસ્ટર મેકનૉટન સાથે એમની ઓળખાણ કરાવેલી.

મૅકડૉનલ, બર્ડવૂડ અને મૅકનૉટન જેવા વનસ્પતિવિદ્યાના સારા અભ્યાસી અને સુશિક્ષિત તથા સંસ્કારી અંગ્રેજો સાથે માથેરાન ઉપર વનસ્પતિ ઓળખવા માટે ફરતાં ફરતાં બર્ડવૂડ જેવાને પણ અજાણી વનસ્પતિ પોતે ઓળખી આપે ત્યારે એમને જે આનંદ થએલો તેની રમણિય છાયા આજે પણ એ વાત કરતાં એમના મોઢા ઉપર પથરાઇ જાય છે. બર્ડવૂડ અને મૅકનૉટન સાથે જયકૃષ્ણભાઇની મૈત્રી છેવટ લગી જળવાઈ રહેલી. આ ઉદારચિત્ત અંગ્રેજ વિદ્વાનોએ જયકૃષ્ણભાઇનો વિદ્યાપ્રેમ, એમની વનસ્પતિશાસ્ત્રમાં નિષ્ણાતતા અને સાથે જ એમની દુર્બલ આર્થિક સ્થિતિ જોઇને એમને વારંવાર મદદ કરેલી; અને છેવટ ઇ. સ. ૧૮૮૬માં, એ વખતના પોરબંદરના ઍડમિનિસ્ટ્રેટર સર લેલી સાહેબે જયકૃષ્ણભાઇને 'ક્યુરેટર ઑફ ફૉરેસ્ટ્સ ઍન્ડ ગાર્ડન્સ' તરીકે સારા પગારથી રાખ્યા તે પણ બર્ડવૂડની અને મૅકનૉટનની સૂચનાથી જ. આ વિદ્યાપ્રેમી અંગ્રેજ મિત્રોને જયકૃષ્ણભાઇ વારંવાર યાદ કરે છે.


પોરબંદરની નોકરીએ જયકૃષ્ણભાઇના જ્ઞાનને વ્યવહારમાં ઉતરવાનો અવકાશ આપ્યો. ઇ. સ. ૧૮૮૬થી ૧૯૦૪ સુધી એમણે પોરબંદર રાજ્યની નોકરી કરી. એ રાજ્યમાં આવેલા બરડાના જંગલની વ્યવસ્થા પહેલવહેલી એમને જ હાથે થઇ. પણ આ નોકરી દરમિયાન પોતાના શોખનું અને વધારે લોકોપયોગી કામ તો એમણે બરડાની વનસ્પતિનો અભ્યાસ કરવાનું કર્યું. બરડાની * વનસ્પતિના નમુનાઓનો એમણે ઝીણો અભ્યાસ અને સંગ્રહ કરવા માંડ્યો અને ૧૯૦૪માં નોકરીથી નિવૃત્ત થતાં પોતે કરેલી નોંધો ઉપરથી બરડાની વનસ્પતિનું, અંગ્રેજીમાં લખાતી 'ફ્લોરા'ની રીતે, પુસ્તક લખવા માંડ્યું. ૧૯૧૦માં લગભગ ૭૫૦ પાનાંનું, ૯૫ વર્ગની જુદીજુદી ૬૧૫ વનસ્પતિના વર્ણનનું પુસ્તક બહાર પાડ્યું. એની પ્રસ્તાવનામાં પોતે લખે છે: 'આવું વનસ્પતિવર્ણનનું પુસ્તક લખવામાં અંગ્રેજ વિદ્વાનોને પુસ્તકાલયોની, વનસ્પતિના સુકા નમુનાઓના સંગ્રહોની, એ જ વિદ્યાના વિદ્વાનોની અને બીજી ઘણી સાહેતા મળી શકે છે, જ્યારે આ લખનારને કેવળ આ સ્વસ્થાનના બરડા ડુંગર, બરડાના રબારી અને બરડામાં ઉગતી વનસ્પતિઓની જ મદદ મળેલી છે. આ વનસ્પતિઓએ જે મદદ આપી છે તે માટે લખનાર તેઓનો ખરેખર મોટો ઉપકાર માને છે, એટલું જ નહિ પણ તેઓ વિષે લખનારને પ્રેમ અને પૂજ્યભાવ છે.' આ વાક્યોમાં એમનો વનસ્પતિ ઉપરનો ગદ્‌ગદ્ પ્રેમ જેટલો સ્પષ્ટ જણાય છે, તેટલું જ સ્પષ્ટ તેમના સ્વાશ્રયી અને આપબળે અભ્યાસ કરવાના ખંતીલા સ્વભાવનું દર્શન થાય છે.

પોરબંદરમાં સ્થિર થઈ ગયા પછી એમણે ગુજરાતમાં વનસ્પતિની ઓળખાણ—માત્ર નામ જાણવા પુરતી નહિ પણ શાસ્ત્રીય ઓળખાણ—કેમ ફેલાય એ માટે પ્રયત્ન કરવા માંડ્યો. વૈદ્યકલ્પતરૂમાં લેખો લખીને, પ્રદર્શનોમાં વનસ્પતિના નમુનાઓ રાખીને, પોતાની પાસે કોઇ પણ અજાણી વનસ્પતિનો નમુનો લઇને આવશે તેને પોતે તે વનસ્પતિની મફત ઓળખાણ આપશે એવી જાહેરખબરો આપીને, વૈદકને અંગે વનસ્પતિ ઓળખવા ઇચ્છનારને પોતાને ઘેર રાખીને એ શાસ્ત્ર ભણાવવાની મહેનત કરીને,—એ રીતે અનેક માર્ગે વનસ્પતિવિદ્યાના પ્રચારનો ત્રીસ પાંત્રીસ વર્ષથી તેઓ પ્રયત્ન કરી રહ્યા છે.

આજે એ પોતાના વતન કચ્છમાં છે અને એમનો કાર્યપ્રવાહ એટલો જ અખંડિત વહ્યા કરે છે. ત્યાંના નરેશની પ્રેરણા અને આર્થિક સહાયથી એમાં એવડું જોમ આવ્યું છે.

---

* કાઠિયાવાડમાં બે મોટી પર્વતહારો છે: બરડો અને ગીર. બરડા કરતાં ગીરનો વિસ્તાર વધારે છે. બરડાના ઉંચામાં ઉંચા શિખર કરતાં ગિરનાર ઘણો વધારે ઉંચો છે; અને તીર્થસ્થાન તરીકે ગિરનારની પ્રતિષ્ઠા બહુ જુના કાળથી સમગ્ર ભારતવર્ષમાં જામેલી છે; છતાં ગુજરાતી વૈદક સાહિત્યમાં બરડાનું નામ જ વધારે આવે છે એનું કારણ જયકૃષ્ણભાઇ છે. બરડામાં પોતામાં પણ ઘણી વિશેષતા છે જ. જયકૃષ્ણભાઇ કહે છે તેમ ગીરમાં જે વનસ્પતિ ઉગે છે તે જથ્થાબંધ ઉગે છે, પણ વિવિધતા તો બરડામાં વધારે છે.


“વનસ્પતિશાસ્ત્ર” વિષે [illegible]
[illegible] મને લખેલું કે —
એ પુસ્તક અંગ્રેજીમાં લખ્યું હોત તો વધારે
એપ્રિશિયેટ થાત અને [illegible]
કેમકે ગુજરાતી પ્રજા હજુ એની બાબતમાં
રસ લેતી થઈ નથી.
આના જવાબમાં મેં અરજ કરી
કે આપ અંગ્રેજ વિદ્વાનો ક્યુગાર્ડનમાં
બેઠા હિંદુસ્થાનના કોઈ પણ ભાગમાં ઉગતી
વનસ્પતિ ઓળખી શકો છો; એમ જ હિંદની
વનસ્પતિઓ વિષે પુસ્તકો લખો છો,
જ્યારે અમે અમારા આંગણામાં ઉગતી
વનસ્પતિ પણ ઓળખી શકતા નથી.
તો આપ વિદ્વાનો જે પદ્ધતિથી દેશદેશાન્તરોની વનસ્પતિઓ ઓળખી શકો છો
તે પદ્ધતિ મારે મારા દેશબંધુઓનાં
અંતરોમાં મૂકવી જોઈએ — એ હેતુથી
તે ગુજરાતીમાં લખી છે. પૈસા કમાવા લખી
નથી.
કિંબહુના
કચ્છ-ભુજ
સં. ૧૯૮૫ માઘવદિ ત્રયોદશી.
(તા. ૫-૩-૨૯)
સેવક જયકૃષ્ણ
ઇન્દ્રજીના [illegible]
સ્વીકારશો.

જયકૃષ્ણભાઇના હસ્તાક્ષર : શ્રી સુરેશદીક્ષિત પર લખેલો પત્ર

દેશભાઇઓને એનો લાભ મળે એ ઉદ્દેશથી એમણે એ ગુજરાતીમાં જ લખવાનો આગ્રહ રાખ્યો. ‘યૂરોપીયનો પરદેશ બેઠાંબેઠાં આપણા દેશની વનસ્પતિ વિષે લખે, અને આપણા લોકો પોતાને આંગણે ઉગતી વનસ્પતિને ય ન ઓળખે’ એ સ્થિતિ એમને માટે અસહ્ય છે. આજ પણ એ જે મળે તેને આગ્રહપૂર્વક કહે છે ને દાંડી પીટીપીટીને જાહેર કરે છે કે મારી પાસે આટઆટલું સજીવ જ્ઞાન ભરેલું છે, પણ કોઇ ગુજરાતી જુવાન એનો અભ્યાસ કરવા આવતો નથી.

જયકૃષ્ણભાઇએ અંતઃકરણની ધગશથી આટલો આટલો પ્રયત્ન કર્યો છતાં એનું પરિણામ થોડું જ આવ્યું છે. અલબત્ત એમનું વનસ્પતિશાસ્ત્ર વૈદ્યોના વિદ્યાર્થીઓમાં વંચાય છે; એમનો છુટક ને પરચુરણ લાભ પણ ઘણો લેવાયો છે; અનેક માણસોએ ટપાલમાં નમુના મોકલીને એનાં નામ પુછાવ્યાં છે; અને કોઇએ, કોઈ વૈદ્ય કે ડોશીએ બતાવેલી જડીબુટ્ટી, ક્યાંય ન મળતાં જયકૃષ્ણભાઇ પાસેથી મગાવી છે; કીમીઆની ઘણી શંકાઓ એ વિદ્યાના શોખીનોએ પુછી છે; અને કેટલાક એમની પાસે રહી વનસ્પતિવિદ્યામાં ચંચુપાત પણ કરી આવ્યા છે. પરંતુ એમનો વારસો કોઈએ લીધો નથી. વનસ્પતિશાસ્ત્રનો રીતસર સંપૂર્ણ અભ્યાસ કોઇએ કર્યો નથી. પં. ભગવાનલાલ ઇંદ્રજીની પરંપરા નથી ચાલી અને જયકૃષ્ણ ઇંદ્રજીની પણ નહિ ચાલે. મહારાષ્ટ્રમાં સદ્‌ગત રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરના સંપ્રદાયના વિપુલ કાર્ય સાથે ગુજરાતની આ સંપ્રદાયશૂન્યતા સરખાવતાં આપણી વિદ્યાદરિદ્રતા જોઇને ખેદ થાય છે.

એમણે એક કાગળમાં લખ્યું છેઃ ‘ગુરુવર પંડિત ભગવાનલાલભાઇ અંગ્રેજી નો’તા ભણ્યા, રૂગનાથજીભાઇ અંગ્રેજી નો’તા ભણ્યા, અમૃતલાલભાઇ અંગ્રેજી નથી ભણ્યા. છતાં

છેઃ ૭૦ વર્ષની ઉમર પછી, કચ્છમાં ઉંટ ઉપર ફરી, ત્યાંની વનસ્પતિ જોઇને, તે વિષે પુસ્તક પુરૂં કર્યા પછી જ પંચકેશ ઉતારવા એવું વ્રત લઈ, એમણે ‘કચ્છની જડીબુટ્ટી’ પુસ્તક લખ્યું; અને સો ચિત્રો સાથે એ પુસ્તક કચ્છના જ મહારાજાના ઉદાર આશ્રયથી બે વર્ષ પર પ્રગટ કર્યું.

એમના વનસ્પતિપ્રેમ જેટલો જ ઉગ્ર એમનો દેશપ્રેમ છે એ આ ઉપર પ્રગટ કરેલા એમના પત્ર પરથી પ્રતીત થશે. પોતાના સમગ્ર અભ્યાસના ફળરૂપ, એમની અતિશય ઉજ્જ્વલ અને અનન્ય કૃતિ જે વનસ્પતિશાસ્ત્રનું પુસ્તક, તે એમણે અંગ્રેજીમાં લખ્યું હોત તો દેશવિદેશમાં એમની કીર્તિ ગાજી રહેત અને પશ્ચિમના ઉત્તમ વનસ્પતિશાસ્ત્રીઓમાં એમની ગણના થાત. પરંતુ માતૃભાષા પ્રત્યેના પ્રેમથી અને પોતાના

ત્રણે અપૂર્વ બોટૅનિસ્ટ ! બસ, . . . પ્રેમ જ વિદ્યા શીખવે છે, કૉલેજ કે શાળા નથી શીખવતી. આજ આવા પ્રેમીઓ થોડા છે, માટે જ અમમાં વિદ્યા નથી. ઓહો, શું કરીએ ? રોજ એક ઝાડ વાવીને નમન કરૂં છું. બીજું શું કરૂં ?'

આ રીતે માંડવીમાં રોજ ઝાડ વાવે છે, બીજા પાસે વવડાવે છે, એ ઝાડોના ઉછેર રોજ જુએ છે અને એ વનસ્પતિદેવને જ નમસ્કાર કરી પોતાની પરંપરાના અભાવનો ખેદ ભુલવાનો આ સમર્થ ગુજરાતી વનસ્પતિશાસ્ત્રી પ્રયત્ન કરે છે.

મહામહેનતે ને જવલ્લે જ પ્રાપ્ત થાય એવો આ વ્યવહારૂ જ્ઞાનભંડાર આટલો ઉઘાડો મુકીને, પોતાની પાસે રાખીને જાતે શીખવવાની એમની આ ધગશનો જુવાન ગુજરાતે કશો જ પ્રત્યુત્તર આપ્યો નથી એ શોચ અને શરમની બીના નથી ? યૂનિવર્સિટીની ટંકશાળમાંથી મૅટ્રિક અને ગ્રૅજ્યુએટની છાપો ખાઇ દર વર્ષે હજારો જુવાન ગુજરાતીઓ બહાર પડે છે, અને કારકુની, માસ્તરગીરી, વકીલી કે પ્રોફેસરીની શોધમાં નિષ્ફળ પ્રયત્નો કરતા આમતેમ આથડે છે, પણ કોઈને કાને એ વૃદ્ધનો આ સાદ પડતો નથી.

ગુજરાત કદિ વંધ્યા નહોતી; હજી પણ નથી. પરંતુ જુવાન ગુજરાત તેની કુખને ઉજ્જવલ રાખવાના પ્રયત્નો નહિ કરે અને એ વંધ્યા થશે તો એનો દોષ માતાને શિર નથી.

[પ્રસ્થાનમાં આવેલા શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીના લેખ પરથી]

દીવાસળી

જુના વખતમાં જ્યારે દીવાસળીની શોધ નહોતી થઈ ત્યારે પણ ઘર્ષણથી અગ્નિ પેદા થાય છે તે માણસો જાણતા, અને તેથી તેઓ અરણીનાં લાકડાં ઘસીને અગ્નિ પેદા કરતા. તે પછી ચકમક અને પોલાદ ઘસીને તેમાંથી ઝરતા તણખા વડે રૂનો કાકડો સળગાવવાનું પ્રચલિત થયું.

પણ આધુનિક જમાનામાં જેમજેમ રાસાયનિક શોધો આગળ વધતી ગઇ તેમતેમ અગ્નિ પેદા કરવાની રીતમાં ફેરફાર થતો ગયો. પોટાસ (પોટૅશિયમ ક્લોરેટ)ની શોધ પછી ટોપકાં વાળી લાંબી સળીઓથી અગ્નિ પેદા કરવામાં આવતો. આ ટોપકાં પોટાસ અને સાકરનાં બનતાં અને તેને ગંધકના તેજાબમાં બોળવાથી એકદમ સળગી ઉઠતાં. ત્યાર પછી પીળા ફૉસ્ફરસની શોધ થઈ, એટલે લોકો તેનો ઉપયોગ કરવા લાગ્યા. પીળા ફૉસ્ફરસની દીવાસળીઓ આપણી હાલની દીવાસળી જેવી જ થતી. દીવાસળીનું ટોપકું પીળા ફૉસ્ફરસ, પોટાસ અને ગંધકનું બનતું. આ દીવાસળીને 'લ્યુસિફર મૅચિઝ' કહેતા. પરંતુ આ દીવાસળીમાં કેટલાક ગેરફાયદા હતા. ગમે તે ખરબચડી જગ્યા ઉપર ઘસાવાથી તે સળગી ઉઠતી અને પરિણામે અકસ્માત આગ લાગી જવાથી માણસોના જાનમાલની ખુવારી થતી. વળી દીવાસળીનાં કારખાનાંમાં કામ કરનારા માણસોનાં શરીરમાં ઝેરી પીળા ફૉસ્ફરસની વરાળ જવાથી તેમનાં હાડકાં પાંસળાં સડી જતાં તેથી એ કારખાનાંમાં કામ કરવાને ઘણાં થોડાં માણસો તૈયાર થતાં. અત્યારે ઘણા દેશોમાં એ 'લ્યુસિફર મૅચિઝ' વાપરવા તથા બનાવવાની કાયદાથી મના કરવામાં આવી છે.

ત્યાર પછી રાતા ફૉસ્ફરસની શોધ થઈ અને તેની સાથે જ હાલની આપણી 'સેફ્ટી મૅચિઝ'ની પણ શોધ થઈ. દીવાસળીની અત્યારની પેટીમાં દીવાસળીનાં ટોપકાં ઉપરાંત પેટી ઉપર બંને બાજુએ કાળી પટ્ટીઓ હોય છે. તેના ઉપર દીવાસળીનું ટોપકું ઘસવાથી તે સળગી ઉઠે છે. દીવાસળીનું ટોપકું નીચેની વસ્તુઓનું બનાવેલું હોય છેઃ—

પોટાસ (પોટૅશિયમ ક્લોરેટ), ઍન્ટીમની સલ્ફાઈડ, પોટૅશિયમ બાઇક્રૉમેટ, તથા રેડ લેડ (હીંગળોક). આ બધાંને ભેગાં કરી તેમાં સળીઓ બોળવામાં આવે છે અને પછી સુકવવામાં આવે છે. ત્યાર પછી રાતો ફૉસ્ફરસ, ઍન્ટીમની સલ્ફાઈડ અને દળેલી રેતી અમુક પ્રમાણમાં સાથે ભેળવી, તેમાં દીવાસળીની પેટીની બંને બાજુ બોળવામાં આવે છે. આ જ આપણી કાળી પટ્ટી. ઍન્ટીમની સલ્ફાઈડ અને એ પોટાસ બંને તેમને અમુક પ્રમાણમાં ગરમી મળ્યાથી તેની મેળે સળગી ઉઠે છે.

જ્યારે દીવાસળીનું ટોપકું કાળા પટ્ટી ઉપર ઘસવામાં આવે છે. ત્યારે પટ્ટી ઉપરનો થોડો રાતો ફૉસ્ફરસ ટોપકાં ઉપર ચોંટે છે, અને ત્યાં પોટાસનો ભેટો થવાથી અને ઘર્ષણથી પેદા થએલી ગરમીથી ત્યાં અગ્નિ ઉત્પન્ન થાય છે. આ અગ્નિથી દીવાસળીનું ટોપકું, જેમાં એકદમ સળગી ઉઠે એવું ઍન્ટીમની સલ્ફાઇડ હોય છે તે, સળગી ઉઠે છે.

આ પ્રમાણે દીવાસળીના ઉદ્યોગમાં ફૉસ્ફરસ ઘણો ઉપયોગી છે. પીળો ફૉસ્ફરસ હવામાં એની મેળે સળગી ઉઠે છે. તે છરી વતી કાપી શકાય છે અને ઘણીવાર કાપતાં કાપતાં ઉત્પન્ન થએલી ગરમાને લીધે પણ સળગી ઉઠે છે. આ કારણને લીધે તેને હમેશાં પાણીમાં રાખવામાં આવે છે. અંધારામાં તે ચળકે છે અને તેના આ ગુણને માટે જ તેને 'ફૉસ્ફરસ' એવું નામ આપવામાં આવ્યું છે. રાતો ફૉસ્ફરસ ઓછો ચંચળ હોય છે અને તે ઝેરી હોતો નથી. તે અંધારામાં ચળકતો પણ નથી. પીળા ફૉસ્ફરસને ફૉસ્ફરસ ટ્રાઇબ્રોમાઇડમાં નાખી ઉકાળવાથી ફૉસ્ફરસની ત્રીજી જાત નીચે બેસે છે. આ ત્રીજી જાતનો રંગ ઘેરો લાલ હોય છે, અને તે એકદમ સળગી ઉઠે એવો ન હોવાથી તેનો પણ દીવાસળીમાં ઉપયોગ થાય છે.

હિંદુસ્તાનમાં કેલ્શિયમ ક્લોરાઈડ સાથે કેલ્શિયમ ફૉસ્ફેટ ઘણે ઠેકાણેથી મળી આવે છે. સીંગભમ, બીહાર અને ત્રીચીનાપલીમાં કેલ્શિયમ ફૉસ્ફેટ ઘણા જથ્થામાં જોવામાં આવે છે. પરંતુ તેનો ઉપયોગ થતો નથી. તે જો ઉપયોગમાં લેવામાં આવે તો દીવાસળી અત્યાર કરતાં ઘણી સસ્તી મળી શકે.

જાદુગરને મોઢામાંથી ભડકા કાઢતો જોઈ માણસોને ઘણો અચંબો થાય છે. પરંતુ તેમાં પણ પીળો ફૉસ્ફરસ જ ભાગ ભજવે છે. એક કપડાના કટકામાં પીળા ફૉસ્ફરસનો કટકો

રાખી તે મોઢામાં મુકે છે, અને શ્વાસોચ્છ્વાસથી મળતી ગરમીથી તે સળગી ઉઠી આપણને ભડકાના રૂપમાં દેખાય છે.

હિંદુસ્તાનમાં ભૂત પલિતનો વહેમ ગામડાંઓમાં ઘણે અંશે જોવામાં આવે છે. અને સ્મશાન અથવા જંગલમાં અકસ્માત ભડકા થતા જોઇને આ વહેમને મજબુત ટેકો મળે છે. હાડકાની રાખમાં કેલ્શિયમ ફૉસ્ફેટ લગભગ ૮૦ ટકા જેટલા પ્રમાણમાં હોય છે, અને જરા પણ વધારે પવન આવે અથવા તો તેને બીજી ગમે તે રીતે જરા પણ ગરમી મળે તો તે એકદમ ભડકાના રૂપમાં ઉડી જાય છે. આને આપણે કહીએ છીએ કે ભૂત ભડકો થઇને ઉડી ગયું!

ધીરજલાલ રતિલાલ મહેતા

મરણગાડી અને રૂઢિઓનાં બંધન

હિંદુ સંસારના વ્યવહારની વ્યાખ્યા એવી છે કે જેમ વધારે મુર્ખાઇભરેલા આચારવિચારો અને કાર્યોને ડહાપણભરેલાં સમજીને તે મુજબ વર્તીએ તેમ આપણે વધારે વ્યવહારકુશળ ગણાઇએ! અને રૂઢીથી જકડાએલા આના કેટલા યે વ્યવહાર આજ આપણો વિકાસ રૂંધી રહ્યા છે. તેમાંનો એક આપણી સ્મશાનયાત્રા વિષેનો છે.

આપણે ચાલણગાડીથી માંડી બાબાગાડી, રિક્ષાગાડી, બેલગાડી, ઘોડાગાડી, રેલગાડી, મોટરગાડી અને ઠેક પવનગાડી (એરોપ્લેન) સુધીની ગાડીઓ વિષે જાણીએ છીએ, પરંતુ જગતમાં એક મરણગાડી (Hearse)નું પણ અસ્તિત્વ છે અને તેની ઉત્પત્તિનો ઇતિહાસ રસિક છે. હિંદીવાનો પબ્લિક અંડરટેકર્સ (સાર્વજનિક સ્મશાન-ડાઘુઓ)થી અજાણ હોવાથી મરણગાડીના સમાગમમાં આવેલા નથી.

'જીંદગીના સૂત્રના ઉકેલ મોતના સૂત્રના ઉકેલ વગર થઇ શકે નહિ' એવું એક વચન છે. દરેક પ્રજાની સંસ્કૃતિ, સ્વાતંત્ર્ય અને કર્તવ્યપરાયણતા તે તે દેશની પ્રજાની સ્મશાનયાત્રા ઉપરથી પણ વ્યક્ત થાય છે. હિંદુઓ શબવાનને અસ્પૃશ્યતાના ચેપી સિદ્ધાંતનું પાલન કરી ખાંધ ઉપર ઉચકીને સ્મશાન લઇ જતા હોવાથી સમાજસુધારો હંમેશાં લુલો રહ્યો છે.

શબને ખાંધ ઉપર ઉચકી સ્મશાને લઈ જવું એ શાસ્ત્ર કે ધર્મ નથી, પરંતુ કુરિવાજ છે. દાખલાત રીકે કેટલાંક બૈરાં લાજ કાઢે છે એ હકીકતમાં શાસ્ત્ર કે ધર્મ નથી, પરંતુ કુરિવાજ છે. જે બૈરાં લાજ ન કાઢે તેઓ કુલીન નથી અને જેઓ લાજ કાઢે છે તેઓ જ કુલીન છે એવું કંઇ નથી. તેવી જ રીતે શબને ખાંધ ઉપર લઇ જવાના કુરિવાજમાં કંઈ પણ ડહાપણ કે સત્ય નથી, પરંતુ માત્ર રૂઢીનું બંધન છે, અને તે દૂર થઇ શકે એવું છે.

હાલની મરણગાડીનું અસ્તિત્વ તથા તેનો ઇતિહાસ જોતાં એમ જણાય છે કે યૂરોપમાં મરણગાડી દાખલ થયા અગાઉ સ્મશાનયાત્રા સંબંધના કુરિવાજો ધર્મની સાથે એવા તો ઓતપ્રોત થઈ ગયા હતા કે પ્રજાના જીવનવ્યવહારમાં ઘણી



જોહાનિસબર્ગનું હિંદુ ક્રીમેટોરિયમ

મુશ્કેલીઓ નડતી તથા જડતા આવી ગઈ હતી. ખરો ધર્મ શો તથા કુરિવાજો કયા એ પણ લોકોથી પારખી શકાતું નહિ. આ સ્થિતિમાંથી, ધર્મ અને કુરિવાજોને જુદા પાડવાનો પહેલો વિચાર ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાને ઉદ્ભવ્યો, અને તેણે એવું નક્કી કર્યું કે જો પ્રજા શબવાનની ધુંસરીમાંથી મુક્ત થઇ શકે તો ધર્મને ખરા સ્વરૂપમાં સમજી શકે અને વધારે સાહસિક બની શકે. તેના આ જાતના મંતવ્યને લીધે ફ્રાન્સના એક ડયુકે તેને 'ડાહ્યામાં ડાહ્યા મુર્ખો' તરીકે ઓળખાવ્યો છે! પરંતુ રાજા જેમ્સ ઘણો જ વિદ્વાન હતો અને લોકો તેને 'બ્રિટરા સૉલોમન' તરીકે ઓળખતા એમ ઇતિહાસ કહે છે.

પોતાની માન્યતાના સમર્થન અને ચર્ચાને માટે તેણે ઇ. સ. ૧૬૦૪માં 'હૅમ્પટન કોર્ટ' મહેલમાં ધર્મગુરુઓની એક પરિષદ ભરી. એ વખતે તેઓનું ધર્મપુસ્તક હિબ્રુ ભાષામાં હોવાથી લોકો કંઈ પણ સમજ્યા વગર તે પઢી જતા; તેનું ભાષાંતર કરાવવાનો તેણે ફતવો કાઢ્યો. ઉપરાંત ઈનીગો જોન્સ નામના એક માણસ પાસે પહેલી મરણગાડી પોતાના માટે ઘડાવી એવો ઉલ્લેખ એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકામાં છે.

હિંદુઓના આશ્વલાયન ગૃહીય સૂત્રમાં, શબને શબવાહનમાં મુકી તેને બળદ જોડીને માનભરી રીતે લઇ જવા વિષે ઉલ્લેખ છે. પરંતુ રાજા જેમ્સના વખતમાં લોકો હજુ એટલા આગળ વિચાર ધરાવનારા નહોતા, તેથી એ વખતની મરણગાડી હાથે ધકેલી લઇ જવાની ઍમ્બ્યુલન્સ ગાડીના જેવી હતી, અને મરનારના સ્વજનો તે સ્મશાને ખેંચી જતા. પણ તે પછી ધીમેધીમે કુલીન લોકો તથા અમીર ઉમરાવોને, આ શબવાન જેવો ભારે બોજો આમ મજુરની પેઠે ઘસડી જવાને બદલે મરણગાડીમાં માનભરીરીતે તથા વ્યવસ્થાપૂર્વક લઇ જવામાં વધારે હિત અને સગવડ દેખાયાં અને 'પબ્લિક

અંડરટેકર્સ' મરણગાડીમાં શબને લઇ જાય એવી વ્યવસ્થા દાખલ થઈ. આની સાથે સમાજને એક ફાયદો એ થયો કે જે નિરુદ્યમી પાદરીઓ તથા સાધુઓ પ્રજાને માથે ભારરૂપ થઇ પડેલા હતા તેઓના ઉપર આ મરણગાડીની વ્યવસ્થા મુકવામાં આવી અને પરિણામે તેમને માટે 'પબ્લિક અંડરટેકર્સ'ના ધંધામાં સમાજસેવાનું એક નવું ક્ષેત્ર ઉત્પન્ન થયું.

આ રીતે બાવા સાધુઓને પ્રામાણિક મહેનતનો રોટલો રળવાનો નવો ધંધો ઉત્પન્ન થતાં, આ અગત્યની સેવા અર્થે ગામેગામ 'પબ્લિક અંડરટેકર્સ'ની વ્યવસ્થા થઈ. માત્ર શબવાનને મરણગાડીમાં મુકતી વખતે મરનારના સ્વજનો ખાંધની ભાવના જાળવી સંતોષ માનતા. પરંતુ સંસારી સ્વરાજમાં પુરુષો સ્ત્રીઓ રાજ્યને આધીન હોવાથી, અને એ વખતે ઇંગ્લંડમાં પણ સ્ત્રીઓની પેશ્વાઇ ભટ્ટાચાર્યોના હાથમાં હતી તેથી, શરૂઆતમાં ડોશીશાસ્ત્ર પ્રમાણે, જેઓ પોતાના વડીલ કે મુરબ્બીના શયવાનને છેક સ્મશાન સુધી ખાંધ ઉપર જ લઇ જવાનો આગ્રહ રાખતા તેઓને પારસીઓની પાયદસ્તની પેઠે આ 'પબ્લિક અંડરટેકર્સ' મરણગાડીને બદલે ખાંધ ઉપર લઇ જવાની સગવડ આપતા; એને જેઓ મરણગાડી માટે સૂચના કરતા ગયા હોય તેઓ માટે મરણગાડી વપરાતી, અને મરનારના સ્વજનો તેઓને છેવટનું માન આપવા સ્મશાન સુધી સાથે જતા. આ રીતે પાયદસ્તને અંગે અગાઉ જે માત્ર એક પદ્ધતિં હતી તેમાં એક બીજી મરજિયાત પદ્ધતિ થઈ; છતાં ખાંધિયાની ખાંધ ધોવા નિમિત્તે સાધુઓને જમાડવા તો પડતા.

પાછળથી મરણગાડીમાં ખાનદાની દાખલ થવા લાગી તેમતેમ તેનો દેખાવ પણ વધારે આકર્ષક થયો અને તેને બળદ કે ઘોડા જોડવાની જરૂર પડી. ખાંધિયાઓએ પણ જમણને બદલે રોકડું લેવાનો નિર્ણય કર્યો. પરિણામે સમાજસેવાનું આ અગત્યનું કાર્ય તેઓ જવાબદારીપૂર્વક ને સગવડથી કરવા લાગ્યા. તે પછી તેમાં પ્રગતિ થઇને આજે તો આ 'અંડરટેકર્સ' ઘણી ભવ્ય મોટરહર્સ રાખે છે.



અમેરિકાની મરણગાડી - મોટરહર્સ

મૃતદેહને ઠેકાણે પાડવાના મુખ્ય ચાર પ્રકાર છે. અગ્નિદાહ, ભૂમિદાહ, જળદાહ અને સૂર્યદાહ. આ ચારે પ્રકાર જુદાજુદા ભાગમાં વસતા હિંદુઓમાં પ્રચલિત છે. આપણી તરફના ઘણાખરા હિંદુઓ અગ્નિદાહ દે છે; માત્ર થોડા જ ભૂમિદાહ આપે છે. દક્ષિણમાં લિંગાયત વગેરે ઘણી હિંદુ જાતિઓમાં ભૂમિદાહનો રિવાજ છે. ગંગા વગેરે મોટી નદીઓની આસપાસ વસતા હિંદુઓ જળદાહ કરે છે. નેપાળભૂતાનમાં વસતા હિંદુઓ શબને સૂર્યદાહ દે છે. આ સૂર્યદાહની પદ્ધતિ શ્રેષ્ઠ છે એમ કેટલાક પારસીઓ કહે છે. પણ અગ્નિદાહથી આખો મૃતદેહ ઘણો જ ઝડપથી અને સમાજને પાછળથી કશી અડચણ કર્યા વિના પંચતત્ત્વ પામે છે એ દેખીતું છે. વિજ્ઞાનશાસ્ત્રીઓનો મત પણ તેની જ તરફેણમાં છે.

પરંતુ ખુલ્લી એહની પદ્ધતિ કમકમાટીભરેલી અને નિર્લજ હોવાથી આજે યુરોપ–અમેરિકાનાં મોટાં શહેરોમાં ક્રીમેટોરિયમ (અગ્નિદાહ–ભુવનો) બાંધવામા આવ્યાં છે. દક્ષિણ આફ્રિકામાં આવું એક ક્રીમેટોરિયમ, જોહાનિસબર્ગમાં ચારસો વૈષ્ણવોએ બંધાવેલું છે જેનું ચિત્ર આ સાથે છે. હાલના હિંદના નવા એજન્ટ જનરલ સર કુર્માએ તેની મુલાકાત લીધી હતી ત્યારે તે મકાનની સ્વચ્છતા અને વ્યવસ્થા માટે પ્રશંસા કરતાં કહેલું, 'હિંદુઓ જોકે જીંદગીના વ્યવહારમાં તો સ્વચ્છતાને પાસે આવવા દેતા નથી, પણ મરણ પછીના આ શાંતિનિવાસ–સ્મશાન–ની સુંદરતા અને સ્વચ્છતા તો પ્રસંશનીય રાખે છે. આ ઉપરથી હિંદીઓએ ધડો લેવો ઘટે છે.'

સી. તેજપાલ

કસરતી ચક્કર

કોઇએ કહ્યું છે કે દુનિયાના વિકાસમાં જો કોઇ શોધે ભારેમાં ભારે ફાળો આપ્યો હોય તો તે ગોળ ચક્રની—પૈડાંની શોધે. વિચાર કરી જુઓ કે પૈડું—ચક્ર ન હોત તો આજનાં આટલાં વાહનો અને સંચા વડે જીંદગીની અનેક સરળતા સચવાય છે તે હોત? પણ ચક્રરનો એ એક જ ઉપયોગ નથી. વાહનની ગાડીઓનાં પૈડાં ઉપરાંત નસીબ અજમાવવાનાં જુગારી ચક્કરો તથા જુના વખતમાં તો ગુનેહગારોને સજા કરવાનાં પીડા ઉપજાવનારાં ચક્કરો તરીકે પણ તેનો ઉપયોગ થયો છે. આજના જમાનાએ તેનો ઉપયોગ માનવ–કલ્યાણના એક નવા સાધન તરીકે કર્યો છે;––નીચેના ચિત્રમાં બતાવ્યું છે તેવા આરોગ્યના ચક્કર તરીકે.



અંગ્રેજીમાં એને 'આયરો' ચક્કર કહે છે, પણ આપણે 'આરોગ્ય ચક્કર' કહીએ. તેના વડે, શરીરને ફાયદાકારક એવી અનેકવિધ કસરતો કરી શકાય તેવી ચાતુરીભરી ગોઠવણ તેમાં કરી છે. એ કસરતો કરવામાં માણસને શ્રમ કરતાં લહેજત વધારે આવે છે, અને ઉપલા ચિત્રમાં જણાય છે તેમ, દેખાવમાં પણ તે બહુ સુંદર અને લાવણ્યભર્યું લાગે છે.

શરૂઆતમાં તો તે હવાઇ વિમાનીઓને શરીર સમતોલ રાખતાં શીખવવાની અને હવામાં ગુલાંટો ખાવાની તાલીમ આપવામાં જ વપરાતું; પણ પછીથી લશ્કરી સત્તાવાળાઓએ તેને મંજુર કર્યું છે અને હવે તે વિમાનીઓ ઉપરાંત પોલીસો અને આગ હોલવનારાઓની તાલીમ માટે પણ અચ્છું સાધન થઇ પડશે. ઘરમાં કે ઘરબહાર ગમે ત્યાં સ્વચ્છ સપાટ જમીન પર તે વાપરી શકાય છે અને કસરતનું અચ્છું સાધન છે.

ચોમાસું

ચોમાસું સામાન્ય રીતે જેઠ મહીનો ઉતરતાં શરૂ થાય છે અને દીવાળી પહેલાં પુરું થાય છે. તે અરસામાં નીચેની સાવચેતી રાખવાની જરૂર છે. ચોમાસાની ઋતુનો સૌથી જાણીતો રોગ તે કૉલેરા. જ્યારે કુવાઓનાં પાણી ઉંડાં જાય ને પાણીનો જથ્થો ઓછો રહે ત્યારે પાણીને તળીએ પડેલા કોહાણની અસર વધારે અને વહેલી થાય છે. તે વખતે સારા પાણીમાં પણ, તે વાસી રહે તો, ગોરા પડે છે. વળી આ ઋતુમાં શરીરની પાચનશક્તિ મંદ પડે છે. તે પણ દરેકની કારણભૂત બને છે.

આના અટકાવ માટે મ્યુનિસિપાલિટીઓએ કે સ્વયંસેવકો અથવા પંચાયતોએ કુવા ગળાવવા જોઇએ. દરેક જળાશયમાં મોરથુથુ અથવા પરમૅંગનેટ ઑફ પોટાસ દર ૧૫ દિવસે નાખવું એ ઘણું ઉપયોગી છે. એક ડોલમાં આશરે ૧૦થી ૧૫ શેર પાણી ભરી તેમાં પોટલીમાં બાંધેલી દવા પીગાળીને તે કુવામાં રેડી દેવી. દવા નાખવાની હોય તેની ૨૪ કલાક પહેલાં લોકોને ખબર આપી દેવી જોઇએ.

આ ઋતુમાં ખાવાપીવાની તો ખુબ સાવચેતી રાખવી. સડેલી કે બહુ આટાવાળી બનાવટો લેવી નહિ; વેલામાં થનારાં ફળો-તરબૂચ, તળિયાં, ચીભડાં, કાકડી વગેરે સંભાળપૂર્વક અને અતિશય ઓછાં ખાવાં. એકદમ ઠંડી કે એકદમ ગરમ, ઘણો ચા કે આઇસક્રીમ, બરફ વગેરે વસ્તુઓથી બચવું. હૉટલોનાં ખાણાં તો હમેશાં ન જ ખવાય તેમાં લાભ છે. માખીઓ બેઠેલી મીઠાઇઓ તજવા જેવી છે.

કૉલેરા ચાલતો હોય ત્યાં તો સ્વચ્છતા બહુ જ જાળવવી. દરદીનાં મળમૂત્ર લોકોને વાપરવાનાં જળાશયો પાસે કે તેમાં હરગીઝ ધોવાં નહિ. એવાં વસ્ત્રો દૂર ધોઇ આવવાં અને પછી તેને ગરમ પાણીમાં ઉકાળી, સુકવી, ગંધકનો ધુમાડો આપવો. પાણી ગરમ કરીને ઠારેલું પીવું. ઘર આગળની ખાળ, મોરીઓ અને ગટરો જેટલી બને તેટલી સ્વચ્છ રાખવા પ્રયત્ન કરવો. ખુલ્લી હવામાં ફરવું. રાત્રે ઘણું જાગવું નહિ.

વરસાદ થયા પછી અને નવું પાણી આવ્યા પછી પણ કૉલેરાનો રોગ અનેક કારણે ચાલુ રહે છે માટે નવું પાણી આવ્યા પછી પણ ઉપરના નિયમો પાળવા એ સારૂં છે.

અમૃતલાલ પ્રાણશંકર પટ્ણી

બરફમાં જંતુ

બરફમાં એક નાના પાણીના ટીપા જેટલા કટકામાં લાખો જીવલેણ જંતુઓ ભરાઇ બેસે છે તેની ઘણાને ખબર નહિ હોય. ઉંચી બનાવટના સૂક્ષ્મદર્શક યંત્રથી આ જંતુઓ જોઇ શકાય છે. બરફની ઠંડીમાં આ જંતુઓ મરી નથી જતા પણ ઘેની અવસ્થામાં પડી રહે છે; અને માણસના શરીરમાં જ્યારે બરફ સાથે એ જાય છે ત્યારે પાછા પૂર જોસમાં પોતાનું કામ શરૂ કરે છે. સ્મેઈક, બજ્વીડ, હેઈરોશીન જેવા મહાન શાસ્ત્રવેત્તાઓએ આ પુરવાર કરી આપ્યું છે. બરફ બનાવનારા ગમેતેવા પાણીનો ઉપયોગ કરે છે અને તૈયાર કરીને ગમેતેવા મેલાઘેલા કપડામાં લપેટે છે. વેચનારાઓ વળી એથી પણ વધારે બેપરવાઈ વાપરે છે. રસ્તામાં ગમે ત્યાં બરફ રાખવાનું ભુસું સુકવે છે. આ ગંદા ભુસામાં લાખો જંતુઓ હોય જ. આમાં બરફ રહે એટલે પછી એ બરફની ગંદાઈ વિષે કાંઈ કહેવાનું રહેતું નથી. બરફ વાસણની આસપાસ રાખી ખાવાપીવાની ચીજો ઠંડી કરી લેવી તે ઠીક છે. પણ સોડા વગેરેમાં બરફ નાખીને તે પીવો કે ખાવો તે જરૂર નુકસાનકર્તા છે. ગંદો બરફ ખાવાથી કૉલેરા અને ટાઇફોઇડ થયાના દાખલા વૈદ્યકીય ઇતિહાસમાંથી મળી આવે છે. (વિકાસ)

૭ના આંકડાની બલિહારી

અસલી ઇજીપ્શીઅનોના મુખ્ય દેવ ૭ હતા. ફીનીસ્યન લોકોના કબીરીઓ ૭ હતા. ઇરાનીઓ મેહેર ઇજદને ૭ ઘોડાઓ પર સવાર થએલા માનતા. હિંદુ પુરાણોમાં સૂર્યના રથને ૭ ઘોડા વર્ણવ્યા છે. પારસીઓમાં મુખ્ય અને મોટા ફિરિસ્તા ૭ છે. તેઓની સામે થનાર દેવ પણ ૭ છે. ઇજીપ્શીઅન તથા બુદ્ધ ધર્મને મતે મુઆ પછી માણસને ૭ હાલતમાં બદલાવું પડે છે. આગળ ઘણીખરી પ્રજામાં દેવળોમાં ચડવાનાં પગથિયાં ૭ રાખવામાં આવતાં. અઠવાડિયાના વાર પણ ૭ છે. અસલી જર્મની અદાલતોની આગળ ૭ ઝાડ ઉગાડવામાં આવતાં હતાં અને ગુનેહગારોનો ઇન્સાફ કરતી વખતે તેને ન્યાયાધીશોની હજુરમાં ૭ સાક્ષીઓ રજુ કરવા પડતા હતા. સોરટીની ટિકિટ ૭ વર્ષના બાળક પાસે કઢાવવામાં આવે છે. બચ્ચું ૭ મહીનાનું થયા પછી તેને દાંત ઉગે છે. રામાયણના કાંડ ૭ છે. હિંદુઓમાં મહાન ઋષિઓ પણ ૭ છે, જે સપ્તર્ષિ કહેવાય છે. માનતામાં શ્રીફળ વધેરતી વખતે ૭ શેષ મુકવી પડે છે. મહાન વીર અભિમન્યુની બહાદુરી જોવા માટે ૭ કોઠાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ડુંગળીનાં પડ ૭ હોય છે. (છોટુરાવ પ્રધાન)

સંપૂર્ણ સુખ મેળવવાની ઇચ્છા વાળા એક ફ્રેંચ રાજાને તેના વિદ્વાન સલાહકારોએ કીમિયો બતાવ્યો કે દુનિયામાં સૌથી સુખી માણસ શોધી કાઢી તેનું પહેરણ પહેરો તો સુખી થવાય. ઘણી જ શોધ પછી રાજાને એક માછીમાર મળ્યો જે બધી વાતે સુખી હતો. પોતાની પાસે જે કંઇ હતું તેથી તે પરમ સંતુષ્ટ હતો અને બીજા કશાની તેને ઇચ્છા ન હતી. રાજાએ ખુશી થઇ તેનું પહેરણ માગ્યું; પણ તેની પાસે બીજું વધારાનું પહેરણ જ ન હતું!

ચાંપી પહેરે મોજડી, ચાંપી ઉતરાવે નખ;
ચાંપી બાંધે પાઘડી, એ અણસરજ્યાં દુઃખ.


અનેક અર્થી શબ્દઃ પાતર=કુલટા સ્ત્રી; ખાટલો ભરવાના વણની સેર; ખેતરમાં થતા ચાસના લીટા; પત્રાવળું: પાત્રના અર્થમાં અપભ્રંશ સ્વરૂપે.

૮ સિવાયના ૧ થી ૯ સુધીના બધા આંકડા અનુક્રમે લખીને, પછી તેમાંનો ગમે તે આંકડો પસંદ કરો. તેને નવે ગુણીને જે ગુણાકાર આવે તે વડે એ આખી રકમને ગુણવાથી ગુણાકાર તમે પસંદ કરેલા આંકડાઓનો જ આવશે. ધારો કે તમે ૧૨૩૪૫૬૭૯ એમાંથી ૭ પસંદ કર્યો. તેને નવે ગુણતાં ૬૩ થયા. હવે ૧૨૩૪૫૬૭૯ × ૬૩ = ૭૭૭૭૭૭૭૭૭.

રતુઃ નેવું રૂપિયાનું નંગ તો ત્રણનું શું ?
રમણઃ ૨૭૦ રૂપિયા !
રતુઃ ના; ત્રણ રૂપિયા. (નેવું=નળિયું.)

ધોતાં અથવા રંગતાં પહેલાં ઘણા લોકો ગરમ પાણીના વાસણમાં કપડાંને ઉકાળે છે, ત્યારે કપડું વાસણને તળિયે અડીને બળી જવાનો સંભવ હોય છે. વાસણમાં, ચુલાના મોંના માપનું, કાણાં વાળું પહોળું કુંડું ઉંધું વાળવાથી, કપડું તળિયે અડીને બળશે નહિ અને પાણીને ગરમી મળવાથી કપડું ઉકળ્યા કરશે.

દુનિયાની કુલ ૧,૮૪૯,૫૦૦,૦૦૦ વસ્તી છે. તેમાં ૧,૦૧૩,૦૦૦,૦૦૦ એશિયાની ને ૪૭૫,૦૦૦,૦૦૦ યૂરોપની.



સળગતી મીણબત્તીની જ્યોત ઉપર એક ગળણીમાંથી ધીમી ફુંક મારો; તમને દીવો ગળણીથી દૂર જતો લાગશે, હવે ગળણીને ઉલટાવીને ફુંક મારો; દીવાની જ્યોત તમારી તરફ આવશે. કારણ? ઉલટાવેલી ગળણીમાંથી પવનને નીકળવાની જગ્યા ખુબ પહોળી હોવાથી, ગળણીની દીવાલ આગળનો પવન દૂર ધકેલાય છે, અને આથી વચ્ચેના ભાગમાંની જગ્યા હવા વગરની ખાલી થવાને કારણે જ્યોત એ તરફ વળે છે.

ફર્નિચરમા જન્તુઓએ પાડેલાં કાણાંમાં ૩ વાળી સળી વડે પેરેફિન તેલ પુરી ઉપર મીણ દાબી કાણાં પુરી લેવાં.

તાજા રંગેલા ઓરડામાંથી રંગની વાસ દૂર કરવા પાણી ભરેલી ડોલમાં થોડું ઘાસ નાખી ઓરડામાં મુકી રાખવી.

સુંઠ ને પીપર સરખે ભાગે લઇ બરાબર ખાંડી કપડાંથી ચાળીને ત્રણેક માસા જેટલી મધમાં મેળવી ખાવાથી હેડકી વગેરે વાયુનાં દર્દો દૂર થાય છે.

દોરેલી લીટીને છેક્યા વિના નાની બતાવવી હોય તો?—તો તેની નીચે એથી મોટી લીટી દોરવી.


ભમરાના ડંશ પર ડુંગળીનો રસ ચોપડવાથી આરામ થાય છે; મધમાખીનો ડંશ એમોનિયાથી નાબુદ થાય છે.

૪	૨૭	૩૩	૪૭	૨૬	૧૦	૪૬
૩૯	૪૫	૮	૨૨	૩૭	૧૪	૨
૧૮	૧૬	૪૩	૫	૩૧	૨૯	૩૦
૪૯	૧૧	૨૪	૨૮	૧	૪૪	૪૧
૭	૪૨	૨૧	૩૬	૧૫	૨૩	૯
૩૮	૪૦	૩	૧૩	૬	૩૪	૨૫
૨૯	૩૫	૧૭	૩૨	૨૭	૪૮	૧૨

ઉપર જણાવેલા કોઠામાંથી, ૧ થી ૪૯ સુધીના આંકડા અનુક્રમવાર શોધી કાઢો. બે મિનિટમાં જે શોધી રહે તેનું બુદ્ધિચાપલ્ય તીવ્ર, ચાર મિનિટ લાગે તેનું મધ્યમ, ને છ મિનિટે મંદ સમજવું.

ઘોડાને એની મેળે પરસેવો થવા માંડે ત્યારે તરતમાં જ વરસાદ આવવાની નિશાની સમજવી.

સોડાવોટરે હિંદમાં પહેલવહેલો ઈ. સ. ૧૮૬૧માં કલકત્તામાં દેખાવ દીધો. ત્યારે તે વિલાયતથી આવતું ને ૧૪ રૂપિયે ડઝનના ભાવે વેચાતું.



બાજુનું ચિત્ર જામનગરના તળાવ વચ્ચેના જુના મહેલ લાખોટાનું છે. આજે તો તેનો ઉપયોગ વાયરલેસ સ્ટેશન તરીકે થાય છે.